# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

11
MARCH, 2026
WEDNESDAY


પેજ 2

ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરિયમ ખાતે 10 દિવસ મત ગણતરી ચાલે તેવી શક્યતા

પેજ 3

રૂ. ૧૫ કરોડના ખર્ચે આઈકોનિક રોડનું નિર્માણ કરાશે

પેજ 7

ઈન્સ્ટાગ્રામનો પ્રેમ, 21 વર્ષની યુવતીએ 17 વર્ષના સગીરને ભગાડ્યો

પેજ 5

મનોદિવ્યાંગજનો માટે યોજાયેલ ડાન્સ ફેસ્ટિવલ


I Pakkogujarat/ I VOL : 10 I Issue : 352 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


:ઈરાન બોલ્યું- ટ્રમ્પની ધમકીથી ડરતા નથી, અમને મારવાના ચક્કરમાં ક્યાંક તમે જ ખતમ ન થઈ જાઓ

# ઈરાન પર સૌથી મોટા હુમલા થશે :અમેરિકા

### બીજી તરફ, ઈરાને પણ વળતો જવાબ આપતા કહ્યું છે કે તે ધમકીઓથી ડરનારા નથી અને જે લોકો ઈરાનને ખતમ કરવાની વાત કરે છે, તેમણે પોતાના અંજામ વિશે વિચારી લેવું જોઈએ

• અમેરિકા

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો આજે 11મો દિવસ છે. આ દરમિયાન અમેરિકી સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે કહ્યું છે કે મંગળવારે ઈરાન પર અત્યાર સુધીના સૌથી મોટા અને સૌથી તીવ્ર હુમલા કરવામાં આવશે. હેગસેથના મતે, આ હુમલામાં મોટી સંખ્યામાં ફાઈટર જેટ અને બોમ્બર વિમાનો સામેલ હશે. તેમણે દાવો કર્યો કે ઈરાનની સૈન્ય ક્ષમતાઓ નબળી પડી રહી છે અને તે ખરાબ રીતે હારી રહ્યું છે.

બીજી તરફ, ઈરાને પણ વળતો જવાબ આપતા કહ્યું છે કે તે ધમકીઓથી ડરનારા નથી અને જે લોકો ઈરાનને ખતમ કરવાની વાત કરે છે, તેમણે પોતાના અંજામ વિશે વિચારી લેવું જોઈએ. ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સચિવ અલી લારીજાનીએ કહ્યું કે ઈરાની લોકો અમેરિકાની ધમકીઓથી ડરતા નથી. લારીજાનીએ કહ્યું કે અગાઉ પણ ઘણા શક્તિશાળી લોકો ઈરાનને ખતમ કરવાની કોશિશ કરી ચૂક્યા છે, પરંતુ તેઓ સફળ થયા નથી.લારીજાનીએ ટ્રમ્પને ચેતવણી આપતા કહ્યું કે જે લોકો ઈરાનને મિટાવવાની વાત કરી રહ્યા છે, તેમણે સાવધાન રહેવું જોઈએ, ક્યાંક એવું ન થાય કે ઈરાનને મારવાના ચક્કરમાં તેઓ પોતે જ ખતમ થઈ જાય. ઈરાન-ઈઝરાયલ અને અમેરિકા યુદ્ધ વિશે પળેપળની અપડેટ્સ માટે નીચે બ્લોગ વાંચોઈરાનનો અમેરિકા પર હોર્મુઝ સ્ટ્રેટને લઈને ફેક ન્યૂઝ ફેલાવવાનો આરોપ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અમેરિકા પર આરોપ લગાવ્યો છે કે તે ફાઈનાન્શિયલ માર્કેટને પ્રભાવિત કરવા માટે હોર્મુઝ સ્ટ્રેટને લઈને ફેક ન્યૂઝ ફેલાવી રહ્યું છે. તેમનું આ નિવેદન ત્યારે આવ્યું જ્યારે અમેરિકા પોતાના એ દાવાથી પાછળ હટી ગયું, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેના એક વૉરશિપ દ્વારા હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા એક એનર્જી




ટેન્કરને એસ્કોર્ટ કરવામાં આવ્યું હતું. અરાઘચીએ X પર લખ્યું કે અમેરિકી અધિકારી માર્કેટને પ્રભાવિત કરવા માટે ખોટા સમાચાર પોસ્ટ કરી રહ્યા છે, પરંતુ આનાથી અમેરિકનો પર વધતી મોંઘવારીથી તેમને રાહત નહીં મળે. ત્યાં જ ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના નેવી કમાન્ડર અલીરેઝા તાંગસિરીએ ચેતવણી આપી કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થનારા કોઈપણ અમેરિકી સૈન્ય જહાજ અથવા તેના સહયોગી દેશોના જહાજને નિશાન બનાવવામાં આવશે. તેમણે અમેરિકી ઉર્જા મંત્રી ક્રિસ રાઈટના એ દાવાને પણ ખોટો ગણાવ્યો, જેમાં કહેવામાં આવ્યું હતું કે અમેરિકી નેવીએ કોઈ ઓઈલ ટેન્કરને સ્ટ્રેટમાંથી એસ્કોર્ટ કર્યું હતું. તાંગસિરીએ કહ્યું કે અમેરિકી ફ્લીટ અથવા તેના સહયોગીઓના કોઈપણ રસ્તાને ઈરાની મિસાઈલો અને સુસાઈડ ડ્રોનથી રોકી શકાય છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે મંગળવારે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી સાથે ફોન પર વાત કરી. બંને નેતાઓ વચ્ચે વેસ્ટ એશિયામાં ચાલી રહેલા સંકટ અને ખાસ કરીને એનર્જી સપ્લાયને લઈને વધતી જતી ચિંતાઓ પર ચર્ચા થઈ.જયશંકરે સોશિયલ મીડિયા પર આની જાણકારી આપી. અમેરિકા અને ઈઝરાયલ તરફથી ઈરાન પર સંયુક્ત સૈન્ય હુમલા શરૂ થયા પછી આ ત્રીજી વખત છે જ્યારે જયશંકર અને અરાઘચી વચ્ચે વાતચીત થઈ છે. પેન્ટાગોનના પ્રવક્તા સીન પાર્નેલના જણાવ્યા અનુસાર, ઈરાન સાથે 10 દિવસથી ચાલી રહેલી લડાઈમાં અંદાજે 140 અમેરિકી સૈનિકો ઘાયલ થયા છે. તેમાંથી 108 સૈનિકો સારવાર બાદ ફરીથી ફરજ પર પરત ફર્યા છે.તેમણે એમ પણ કહ્યું કે આઠ અમેરિકી સૈનિકો હજુ પણ ગંભીર રીતે ઘાયલ છે. આ આંકડો પહેલીવાર સામે આવ્યો છે, જેમાં ઈરાન દ્વારા કરવામાં આવેલા જવાબી રોકેટ અને ડ્રોન હુમલામાં અમેરિકી સૈનિકોને થયેલી ઈજાઓની જાણકારી આપવામાં આવી છે. આ હુમલાઓમાં કુવૈત અને સાઉદી અરેબિયામાં સાત અમેરિકી સૈનિકોના મોત પણ થઈ ચૂક્યા છે.ઈઝરાયલના રાષ્ટ્રપતિ ઈસાક હર્ઝોગે જણાવ્યું છે કે તેમનો દેશ હિઝબુલ્લાહને સંપૂર્ણપણે ખતમ કરવાની યોજના બનાવી રહ્યો છે. તેમણે જણાવ્યું કે 2 માર્ચથી ઈઝરાયલ આ સંગઠન પર સતત તેજ હુમલા કરી રહ્યું છે.

---

બાળકોને કમ્યુનિસ્ટ પાર્ટી પ્રત્યે પ્રેમ શીખવવાની વાત

## ચીનમાં 56 વંશીય સમુદાયોને એક કરવા નવો કાયદો આમાં જુદા જુદા સમુદાયોમાં લગ્નને પ્રોત્સાહન

• બીજિંગ

ચીનમાં જિનપિંગ સરકાર એક નવા કાયદાને મંજૂરી આપવાની તૈયારી કરી રહી છે, જેમાં અલગ-અલગ જાતીય સમૂહો (એથનિક ગ્રુપ્સ)ને એક જ રાષ્ટ્રીય ઓળખ આપવામાં આવશે. બીબીસીના રિપોર્ટ અનુસાર આ કાયદાનું નામ ‘લો ઓન પ્રમોટિંગ એથનિક યુનિટી એન્ડ પ્રોગ્રેસ’ છે. ચીનમાં હાન, ઉઈગુર, તિબેટીયન, મંગોલ જેવા 56 જાતીય સમૂહો છે. ચીનની સરકાર પર લાંબા સમયથી આરોપો લાગતા રહ્યા છે કે તે દેશના જાતીય લઘુમતીઓ (એથનિક માઈનોરિટી)ને દબાવતી નીતિઓ અપનાવે છે અને તેમને બહુમતી હાન ચીની સંસ્કૃતિમાં ભળી જવા માટે મજબૂર કરે છે.રિપોર્ટ અનુસાર હવે ચીનની સંસદના વાર્ષિક સત્રમાં એક નવો કાયદો પસાર થવાનો છે. નિષ્ણાતો અને માનવ અધિકાર કાર્યકર્તાઓનું કહેવું છે કે આ કાયદો લઘુમતીઓના અધિકારો તથા તેમની સંસ્કૃતિ માટે ખતરો વધારશે. જોકે ચીન સરકારનું કહેવું છે કે આ કાયદો દેશમાં લોકો વચ્ચે એકતા વધારવા અને દેશને આધુનિક બનાવવા માટે જરૂરી છે. સરકાર તેને ‘જાતીય એકતા અને પ્રગતિને પ્રોત્સાહન આપતો કાયદો’ ગણાવી રહી છે. મેન્ડરિનને વધુ મહત્ત્વ આપવામાં આવશે. અન્ય ભાષાઓનો દરજ્જો ઘટશે. વિવિધ વંશીય સમુદાયો વચ્ચે લગ્નને પ્રોત્સાહન મળશે અને આવા લગ્નોને રોકવાના પ્રયાસોને ખોટા ગણવામાં આવશે.

માતા-પિતાએ બાળકોને શીખવવું પડશે કે તેઓ ચીની કમ્યુનિસ્ટ પાર્ટીને પ્રેમ કરે. જો કોઈ વ્યક્તિ, સંગઠન કે પ્રવૃત્તિ એવી વાત કહે કે કરે જેનાથી વિવિધ વંશીય સમુદાયો વચ્ચે ઝઘડો, નફરત કે અલગ થવાની માંગ વધે, તો તેના પર પ્રતિબંધ મૂકવામાં આવશે. જિનપિંગની નીતિને મજબૂત બનાવશે નવો કાયદો ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પહેલા પણ ઘણી વખત ધર્મના ’ચીનીકરણ’ની વાત કરી ચૂક્યા છે. એનો અર્થ એ છે કે ધાર્મિક પરંપરાઓ અને પ્રથાઓ પણ કમ્યુનિસ્ટ પાર્ટીના હિસાબે ચીની સંસ્કૃતિ અને મૂલ્યોને અનુરૂપ હોવી જોઈએ.નિષ્ણાતો માને છે કે નવો કાયદો આ નીતિને વધુ મજબૂત બનાવશે. પેન્સિલવેનિયા યુનિવર્સિટીના એરોન ગ્લાસરમેન અનુસાર, મેન્ડરિનને પ્રોત્સાહન આપવા અને લઘુમતીઓની ઓળખ તથા ધાર્મિક અભિવ્યક્તિ પર નિયંત્રણ જેવી નીતિઓ પહેલા પણ લાગુ હતી. હવે ચીન સરકાર આ નીતિઓને માત્ર નીતિ નહીં પરંતુ કાયદાનું સ્વરૂપ આપી રહી છે.

---

## ચાંદી 13 હજાર વધીને 2.73 લાખ પર પહોંચી:સોનું 1700 વધીને 1.60 લાખ થયું

• નવી દિલ્હી

સોના અને ચાંદીના ભાવમાં આજે એટલે કે 10 માર્ચે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,700 રૂપિયા વધીને 1.60 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા તેની કિંમત 1.59 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. એક કિલો ચાંદી 13 હજાર રૂપિયા વધીને 2.73 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા તેની કિંમત 2.60 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. નિષ્ણાતોના મતે 29 જાન્યુઆરીએ સોનાની કિંમત 1.76 લાખ રૂપિયા અને ચાંદીના ભાવ 3.86 લાખ રૂપિયાના ઓલટાઈમ હાઈ પર પહોંચી ગયા હતા. ત્યારબાદથી તેમની કિંમતમાં ઘણો ઘટાડો થયો છે. તેથી તેમની ખરીદી જોવા મળી રહી છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં તેજી જોવા મળી છે. ગયા વર્ષના અંતમાં સોનું 1.33 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર હતું, જે હવે 1.60 લાખ રૂપિયા પર છે. એટલે કે તેની કિંમત આ વર્ષે અત્યાર સુધીમાં 27 હજાર વધી ચૂકી છે. જ્યારે ચાંદી પણ આ સમયગાળા દરમિયાન 24 હજાર રૂપિયા મોંઘી થઈ છે.

મિડલ ઈસ્ટ સંકટ: જો ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ વધુ વધે છે અથવા ક્રૂડ ઓઈલના ભાવ ફરી ઉછળે છે, તો સોના-ચાંદીમાં ફરી તેજી આવી શકે છે.

અમેરિકી ડેટા: જો અમેરિકાના આર્થિક આંકડા અપેક્ષા કરતાં સારા આવે છે, તો ડોલર મજબૂત થશે અને તેનાથી સોનાની કિંમતો પર દબાણ વધી શકે છે.

---

ઇરાન યુદ્ધને કારણે જેટ ઈંધણના ભાવ બમણા થયા

## એર ઈન્ડિયાની ડોમેસ્ટિક ફ્લાઈટ્સ 399 મોંઘી ભારતીય એરલાઈન્સે ઈન્ટરનેશનલ ભાડામાં 15% વધારો કર્યો

• નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં વધતા તણાવની અસર હવે સામાન્ય લોકોના ખિસ્સા પર પડી રહી છે. એર ઈન્ડિયા 12 માર્ચથી ડોમેસ્ટિક ફ્લાઈટ ટિકિટ પર 399નો ફ્યુઅલ સરચાર્જ લાદશે. આનો અર્થ એ કે તમારે હવે ટિકિટ ખરીદતી વખતે વધારાના 399 ચૂકવવા પડશે. એર ઈન્ડિયા આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પણ સરચાર્જ વસૂલશે. બ્લૂમબર્ગે એ પણ અહેવાલ આપ્યો છે કે ભારતીય એરલાઈન્સે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ ભાડામાં આશરે 15% વધારો કર્યો છે.

અહેવાલ મુજબ, યુએસ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા સંઘર્ષ અને હોર્મુઝ સ્ટ્રેટના વિક્ષેપને કારણે ક્રૂડ ઓઈલના ભાવ અને જેટ ઈંધણના ભાવમાં સતત વધારો થયો છે, જે ગ્લોબલ એવિએશન ઈન્ડસ્ટ્રીને પણ અસર કરી રહ્યો છે. ભારત, એશિયા અને વિશ્વભરની મોટી એરલાઈન્સે પણ ટિકિટના ભાવમાં વધારો કર્યો છે, અને ઘણી કંપનીઓ તેમના વિમાનોને ગ્રાઉન્ડ કરવાની યોજના બનાવી રહી છે. નિષ્ણાતો કહે છે કે આ 1970ના દાયકા પછીનું સૌથી મોટું ઓઈલ સંકટ હોઈ શકે છે. એરલાઈન્સનું કહેવું છે કે ઓપરેશનલ કોસ્ટ વધવાને કારણે તેમની પાસે ભાડું વધારવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. રિપોર્ટ અનુસાર, જેટ ફ્યુઅલ એટલે કે ATFની કિંમતોમાં થઈ રહેલા વધારાને જોતા ભારતની એવિએશન કંપનીઓ આવનારા દિવસોમાં ભાડું વધુ વધારી શકે છે. એરલાઈન્સનું કહેવું છે કે ઓપરેશનલ કોસ્ટ વધવાને કારણે તેમની પાસે ભાડું વધારવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. 28 ફેબ્રુઆરીએ શરૂ થયેલા ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ પછી ઓઈલની સપ્લાય ચેઈન ખરાબ રીતે પ્રભાવિત થઈ છે. આ કારણે ક્રૂડ ઓઈલના ભાવ સતત વધી રહ્યા છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ આજે 93 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયો છે. જ્યારે એક દિવસ પહેલા બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ લગભગ 120 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયો હતો.વળી, ઘણા બજારોમાં જેટ ફ્યુઅલના ભાવ સંઘર્ષ શરૂ થયા પછી બમણા થઈ ગયા છે. યુદ્ધ પહેલા જેટ ફ્યુઅલના ભાવ લગભગ 85થી 90 ડોલર પ્રતિ બેરલ હતા, જે હવે વધીને 150થી 200 ડોલર પ્રતિ બેરલની વચ્ચે પહોંચી ગયા છે. વળી, મધ્ય પૂર્વના તણાવને કારણે વિશ્વભરમાં અત્યાર સુધીમાં 40,000થી વધુ ફ્લાઈટ્સ રદ પણ થઈ છે.બ્લૂમબર્ગે રિપોર્ટમાં જણાવ્યું કે વિયેતનામના સરકારી મીડિયાએ ચેતવણી આપી છે.

---

## એશિયાના 9 દેશોમાં ઈમરજન્સી જેવી સ્થિતિ:ઓઈલ-ગેસ માટે હાહાકાર

### ક્યાંક લિફ્ટ બંધ તો ક્યાંક પગારમાં કાપ, શું ભારત પર સંકટ વધશે?

• ઈસ્લામાબાદ/ઢાકા/બેંગકોક

ઈરાન યુદ્ધની અસર હવે એશિયાના ઘણા દેશોમાં દેખાવા લાગી છે. ઓઈલ અને ગેસના પુરવઠાને અસર થવાને કારણે ઓછામાં ઓછા 9 એશિયન દેશોમાં ઉર્જા સંકટ ઘેરું બનવા લાગ્યું છે. પરિસ્થિતિ એવી છે કે અલગ-અલગ દેશોને ઈંધણ બચાવવા અને ઉર્જા સંકટનો સામનો કરવા માટે કડક પગલાં ભરવા પડ્યા છે. બાંગ્લાદેશમાં તમામ યુનિવર્સિટીઓ બંધ કરી દેવામાં આવી છે, જેથી વીજળી અને ઈંધણનો વપરાશ ઘટાડી શકાય. જ્યારે થાઈલેન્ડમાં સરકારી કચેરીઓમાં લિફ્ટના ઉપયોગ પર પ્રતિબંધ મૂકીને કર્મચારીઓને સીડીઓનો ઉપયોગ કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે અને વર્ક ફ્રોમ હોમ લાગુ કરવામાં આવ્યું છે.બીજી તરફ પાકિસ્તાનમાં ખર્ચ ઘટાડવા માટે મંત્રીઓના પગાર અને વિદેશ યાત્રાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, સાથે જ સરકારી ખર્ચ અને ઈંધણના ઉપયોગમાં કાપ મૂકવાના નિર્ણયો લેવામાં આવ્યા છે.ખરેખરમાં, ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટ બંધ છે, જેના કારણે ઓઈલનો પુરવઠો ઠપ્પ થઈ ગયો છે. હોર્મુઝ સ્ટ્રેટ દુનિયાનો ખૂબ જ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે. દર વર્ષે દુનિયાના લગભગ 20% ઓઈલનો પુરવઠો આ જ માર્ગેથી પસાર થાય છે.થાઈલેન્ડમાં સરકારે ઊર્જા બચાવવા માટે સરકારી કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ કરવા અને ઓફિસોમાં લિફ્ટને બદલે સીડીનો ઉપયોગ કરવાના નિર્દેશ આપ્યા છે. સરકારના પ્રવક્તા અનુસાર, જે અધિકારીઓને સીધી જનતાની સેવા આપવાની હોય છે, તેમને આ નિયમમાંથી મુક્તિ આપવામાં આવી છે.થાઈલેન્ડના વડાપ્રધાન અનુતિન ચાર્નવીરાકુલે સરકારી કર્મચારીઓને ઊર્જા બચાવવા માટે જરૂરી પગલાં લાગુ કરવા જણાવ્યું છે. સરકારે વિદેશ યાત્રાઓને અસ્થાયી રૂપે રોકી દીધી છે. ઊર્જા બચત માટે એર કંડિશનરનું તાપમાન 26થી 27 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

---

જમ્મુ-કાશ્મીરના નૌશેરામાં એક આતંકવાદી ઠાર

## સેનાને બે આતંકવાદીઓની ઘૂસણખોરીની જાણકારી મળી હતી, બીજાની શોધખોળ ચાલુ

• શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના ઝંગર-નૌશેરા સેક્ટરમાં LoC પર ઘૂસણખોરીના પ્રયાસ દરમિયાન સેનાએ એક આતંકવાદીને ઠાર માર્યો. ભારતીય સેનાએ જણાવ્યું કે 10 માર્ચ 2026ના રોજ બપોરે લગભગ 3 વાગ્યે લાઇન ઓફ કંટ્રોલ પર ઝંગર-નૌશેરા વિસ્તારમાં બે આતંકવાદીઓની હિલચાલ જોવા મળી હતી.સેનાએ જણાવ્યું કે સૈનિકોએ ઝડપથી કાર્યવાહી કરી અને ઘૂસણખોરીના પ્રયાસને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યો. બીજા આતંકવાદીની શોધખોળ ચાલુ છે. સેનાના જણાવ્યા અનુસાર, જમીન અને હવાઈ સર્વેલન્સની મદદ લેવામાં આવી રહી છે. છેલ્લા 5 દિવસમાં જમ્મુ-કાશ્મીરના રાજૌરી વિસ્તારમાં સુરક્ષા દળોએ બીજી વખત ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે.આ પહેલા 23 ફેબ્રુઆરીએ ભારતીય સેનાની વ્હાઈટ નાઈટ કોર એ X પર 7 આતંકીઓની તસવીર પોસ્ટ કરી અને લખ્યું હતું કે 326 દિવસ પછી કિશ્તવાડમાંથી આતંકના નેટવર્કનો ખાત્મો કરી દેવામાં આવ્યો છે. પોસ્ટમાં જણાવાયું હતું કે આ આતંકવાદીઓમાં જૈશનો કમાન્ડર સૈફુલ્લા પણ માર્યો ગયો છે. સૈફુલ્લા કિશ્તવાડમાં આતંકનો સાગરિત હતો. વ્હાઈટ નાઈટ કોરે જણાવ્યું કે કિશ્તવાડમાં તેમના સિવાય જમ્મુ કાશ્મીર પોલીસ અને CRPF સહિત સેનાની ઈન્ટેલિજન્સ એજન્સી પણ સામેલ હતી. ઓપરેશન ત્રાસી-1: આ ઓપરેશન 18 જાન્યુઆરીના રોજ ચતરુ બેલ્ટના મંડરાલ-સિંહપોરા નજીક સોનાર ગામના જંગલોમાં શરૂ કરવામાં આવ્યું હતું.

---

## ઈરાનના ખાર્ગ આઈલેન્ડ પર હુમલો થયો તો વિશ્વયુદ્ધ નક્કી!

### એક્સપર્ટે કહ્યું- આ ઇરાનનું કરોડરજ્જુ, અહીંથી 90% ઈરાની તેલનું એક્સપોર્ટ

• તેહરાન

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટ નજીક આવેલા ખાર્ગ આઈલેન્ડનું મહત્વ અચાનક વધી ગયું છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે ટ્રમ્પ સરકાર આ આઈલેન્ડ પર કબજો કરવા માટે સૈન્ય વિકલ્પો પર વિચાર કરી રહી છે, કારણ કે તેને ઈરાનની તેલની કમાણીનું સૌથી મોટું કેન્દ્ર માનવામાં આવે છે. ખરેખરમાં, ઈરાનના લગભગ 80 થી 90% ક્રૂડ ઓઈલની નિકાસ આ જ આઈલેન્ડ પરથી થાય છે. અહીં મોટા તેલ ટર્મિનલ, પાઈપલાઈન, સ્ટોરેજ ટેન્ક અને જહાજોમાં તેલ ભરવાની સુવિધાઓ છે.આ ટર્મિનલ પરથી દરરોજ લગભગ 70 લાખ બેરલ સુધીનું તેલ જહાજોમાં ભરી શકાય છે. 1960ના દાયકામાં વિદેશી રોકાણ પછી આ જગ્યાને મોટા ઓઈલ એક્સપોર્ટ સેન્ટર તરીકે વિકસાવવામાં આવી હતી અને ત્યારથી તે ઈરાનની ઓઈલ સપ્લાયની કરોડરજ્જુ બની ગયું છે હડસન ઈન્સ્ટિટ્યૂટના સિનિયર ફેલો માઈકલ ડોરાને કહ્યું કે ટ્રમ્પ સરકાર યુદ્ધ પછી પણ ઈરાનની સંપૂર્ણ અર્થવ્યવસ્થાને તબાહ કરવા માંગતી નથી. તેથી, કેટલાક મહત્વપૂર્ણ ઠેકાણાઓ પર હુમલો ન કરવો એ અમેરિકાની જૂની ’રેડ લાઇન’ રહી છે. ડોરાન મુજબ, જો આ સ્થળો પર હુમલો થયો, તો ઈરાન મોટા પાયે વળતો હુમલો કરી શકે છે, જેનાથી ત્રીજા વિશ્વ યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.અમેરિકા અને ઈઝરાયલે ઈરાનના અનેક સૈન્ય ઠેકાણાઓ અને ન્યુક્લિયર ફેસિલિટીને નિશાન બનાવ્યા છે, પરંતુ ખાર્ગ આઈલેન્ડ પર હજુ સુધી હુમલો થયો નથી. સેટેલાઈટ ડેટા અને જહાજો પર નજર રાખતી કંપનીઓ અનુસાર, યુદ્ધ ચાલુ હોવા છતાં ઈરાન અહીંથી સતત તેલની નિકાસ કરી રહ્યું છે.રિપોર્ટ્સ અનુસાર, 28 ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં લગભગ 1.2 કરોડ બેરલથી વધુ તેલ ટેન્કરો દ્વારા બહાર મોકલવામાં આવ્યું છે. વાસ્તવિક આંકડો આનાથી વધુ પણ હોઈ શકે છે કારણ કે ઈરાનના ઘણા જહાજો તેમની ટ્રેકિંગ સિસ્ટમ બંધ કરીને ચાલે છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરિયમ ખાતે 10 દિવસ મત ગણતરી ચાલે તેવી શક્યતા

## BCG ચૂંટણીની મતગણતરી શરૂ:, પહેલા હોદ્દેદારોનું પરિણામ આવશે

• અમદાવાદ



બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં આજથી મત ગણતરી શરૂ થઈ છે. ઈલેક્શનના દિવસે રાત્રે હોબાળા બાદ મતગણતરી ગઈકાલે શરૂ થઈ શકી નહોતી. જો કે ચૂંટણી અધિકારીની ફરિયાદ ઉપર બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ ચૂંટણી અધિકારીની કાર્યવાહીમાં વિક્ષેપ ઉભો કરનારા 14 વકીલોને શૉ કોઝ નોટિસ કાઢી છે. 76 હજારથી વધુ અને અમદાવાદમાંથી 18 હજારથી વધુ વકીલો મતદાતા ઉલ્લેખનીય છે કે, આ ચૂંટણીમાં 99 એડવોકેટ ઉમેદવાર તરીકે ઊભા હતા. જ્યારે રાજ્યમાંથી 76 હજારથી વધુ અને અમદાવાદમાંથી 18 હજારથી વધુ વકીલો મતદાતા હતા. જેની મત ગણતરી આજથી શરૂ થઈ છે. CCTV અંતર્ગત બેલેટ બોક્સ ઓપન કરાઈ રહ્યા છે. એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ શાંતિપૂર્વક મતગણતરીની આશા વ્યક્ત કરી છે.બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને પત્ર લખીને મત ગણતરી શરૂ કરવાની માગ ચૂંટણીના દિવસે અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલા અટલ કલામ મતદાન સેન્ટર ખાતે વકીલોએ હોબાળો બચાવ્યો હતો. જે સંદર્ભે ચીફ રિટર્નિંગ ઓફિસર સહિત જોઈન્ટિંગ રીટર્નિંગ ઓફિસરોએ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને પત્ર લખ્યો છે. તો ઉમેદવાર વકીલોએ પણ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને પત્ર લખીને મત ગણતરી શરૂ કરવાની માગ કરી હતી.

# પાલનપુર માં સફાઈ કામદાર માતાઓના હસ્તે મિનરલ પાણી પરબનું લોકાર્પણ

પાલનપુરમાં એક સેવાભાવી યુવકે પોતાના જન્મદિવસને અનોખી રીતે ઉજવી સમાજ માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે. છેલ્લા 17 વર્ષથી આ યુવક ઉનાળાના ત્રણ મહિના સુધી મિનરલ પાણીની પરબ ચલાવે છે. આ વર્ષે પણ ગુરુનાનક ચોક ખાતે મિનરલ પાણીની પરબ શરૂ કરવામાં આવી હતી, ખાસ વાત એ છે કે પરબનો પ્રારંભ પાલનપુરને સ્વચ્છ રાખવામાં મહત્વની ભૂમિકા ભજવનાર સફાઈ કામદાર બહેનોના હસ્તે કરાપાલનપુરના ગુરુનાનક ચોક ખાતે સેવાભાવી યુવક દ્વારા છેલ્લા સત્તર વર્ષથી ઉનાળાની ગરમીમાં લોકોને ઠંડું અને શુદ્ધ મિનરલ પાણી મળી રહે તે માટે પાણીની પરબ શરૂ કરવામાં આવે છે. ઉનાળાના ત્રણ મહિના સુધી ચાલતી આ પરબથી રોજ હજારો લોકોને રાહત મળે છે.

**વિરોધ** કોમોડિટી વાયદાઓમાં રૂ.31779.03 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.138875.71 કરોડનું ટર્નઓવર

# ક્રૂડ તેલનો વાયદો રૂ.657 લપસ્યો: સોનાનો વાયદો વધીને રૂ.1.62 લાખ અને ચાંદીનો વાયદો રૂ.2.78 લાખને પાર

## સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 17755.96 કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 40264 પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.170656.07 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.31779.03 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.138875.71 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો 40264 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.6115.37 કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 17755.96 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.161743ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.162388 અને નીચામાં રૂ.161340ના મથાળે અથડાઈ, રૂ.160299ના આગલા બંધ સામે રૂ.1701 વધી રૂ.162000ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો 8 ગ્રામદીઠ રૂ.958 વધી રૂ.132163ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો 1 ગ્રામદીઠ રૂ.117 વધી રૂ.16613ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.1614 વધી રૂ.161938ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.163779ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.163779 અને નીચામાં રૂ.162100ના સ્તરને સ્પર્શી, રૂ.161402ના આગલા બંધ સામે રૂ.1248 વધી રૂ.162650 થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.271000ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.278339 અને નીચામાં રૂ.271000ના મથાળે અથડાઈ, રૂ.267160ના આગલા બંધ સામે રૂ.7755 વધી રૂ.274915 થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.7397 વધી રૂ.280355 થયો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.7439 વધી રૂ.280416ના સ્તરે પહોંચ્યો હતો.




બિનલોહ ધાતુઓમાં રૂ.2183.29 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.9.55 વધી રૂ.1203ના સ્તરે પહોંચ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.1.7 વધી રૂ.326.9ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.1.15 ઘટી રૂ.334.8ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો 45 પૈસા વધી રૂ.188.65ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. 11715.69 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4156ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4156 અને નીચામાં રૂ.4094ના મથાળે અથડાઈ, રૂ.15 વધી રૂ.4129ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.8437ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.8459 અને નીચામાં રૂ.7846ના મથાળે અથડાઈ, રૂ.8788ના આગલા બંધ સામે રૂ.657 ઘટી રૂ.8131 થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.657 ઘટી રૂ.8132ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.1.7 ઘટી રૂ.288.7 થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.1.8 ઘટી રૂ.288.7ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.972.1ના ભાવે ખૂલી, રૂ.3 ઘટી રૂ.970 થયો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.2529ના ભાવે ખૂલી, રૂ.5 ઘટી રૂ.2542 થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. 11273.02 કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. 6482.94 કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. 1509.10 કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. 431.36 કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. 4.29 કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. 236.26 કરોડનાં કામકાજ થયાં હતાં

### દીકરીના લગ્નનો હરખ પિતાને ભારે પડ્યો

# પથિકાશ્રમ પાસે હોટલમાં રાતે ઊંચા અવાજે સંગીતની સુરાવલીઓ વચ્ચે પોલીસ ત્રાટકી

**જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો**

## જેના પગલે પોલીસ તાબડતોડ દોડી જઈ હોટલ પર ત્રાટકી હતી

• ગાંધીનગર




લગ્નનો અવસર હોય અને સંગીતની સુરાવલીઓ ન રેલાય એવું તો કેમ બને, પરંતુ ક્યારેક આ ઉત્સાહ કાયદાની મર્યાદા વટાવી જાય ત્યારે લગ્નના રંગમાં ભંગ જેવી સ્થિતિ સર્જાય છે. આવું જ કંઈક પાટનગરમાં બન્યું છે.જ્યાં દીકરીના લગ્નની પૂર્વસંધ્યાએ સંગીતના તાલે ઝૂમી રહેલા પરિવારની ખુશીઓ વચ્ચે અચાનક પોલીસની એન્ટ્રી થઈ અને આયોજક પિતાએ પોલીસ સ્ટેશનના પગથિયાં ચઢવાનો વારો આવ્યો હતો.ગાંધીનગર સેક્ટર 7 પોલીસ સ્ટેશનના સ્ટાફે રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન મળેલા મેસેજના આધારે પથિકાશ્રમ પાસે આવેલી એક જાણીતી હોટલમાં મંજૂરી વિના અને નિયત સમય મર્યાદા પછી પણ લાઉડ સ્પીકર પર ઊંચા અવાજે દીકરીના લગ્નના સંગીતની સુરાવલીઓ રેલાવનાર પિતા વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી લગ્નના રંગમાં ભંગ પાડ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.ગાંધીનગર સેક્ટર-7 પોલીસ સ્ટેશનના એએસઆઈ સિદ્ધરાજભાઈ જગદીશભાઈ અને તેમની ટીમ નાઈટ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન રાત્રિના કંટ્રોલ રૂમથી મેસેજ મળ્યો કે પથિકાશ્રમ નજીક આવેલી નીલાયા હોટલમાં મોટેથી લાઉડ સ્પીકર વાગી રહ્યા છે.જેના પગલે પોલીસ તાબડતોડ દોડી જઈ હોટલ પર ત્રાટકી હતી. ત્યારે ત્યાં લગ્ન પ્રસંગના ગીતોની ધૂમ મચી હતી અને મહેમાનો સંગીતનો આનંદ માણી રહ્યા હતા. જોકે લગ્નના માહોલમાં મગ્ન પરિવારને કદાચ અંદાજ પણ નહીં હોય કે તેમની આ ખુશી કાયદાકીય રીતે ઘોંઘાટ ગણાઈ રહી છે.અમદાવાદના શખ્સે દીકરીના લગ્ન હોવાથી સંગીત સંધ્યાનું આયોજન કર્યું હતુંબાદમાં પોલીસે તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે આ સંગીત સંધ્યાનું આયોજન અમદાવાદના સાબરમતી વિસ્તારના રહેવાસી મૂલચંદભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. મૂલચંદભાઈએ પોલીસને જણાવ્યું હતું કે, તેમની દીકરીના લગ્ન આવતીકાલે હોવાથી આજે પરિવાર અને સ્નેહીજનો સાથે સંગીતનો કાર્યક્રમ રાખ્યો છે.સૂચના બાદ પણ સંગીત ચાલું રાખતા કાર્યવાહી પોલીસે રાત્રે 10 વાગ્યા પછી લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ હોવાનું બ્રહ્મજ્ઞાન આપી કલેક્ટર કે સક્ષમ અધિકારીની પરવાનગી માગી હતી. જોકે મૂલચંદભાઈ પાસે આવું કોઈ પ્રમાણપત્ર નહોતું. જેથી પોલીસે લાઉડ સ્પીકર બંધ કરવા સૂચના આપી હતી. તેમ છતાં લગ્નના રંગમાં ઉંચા અવાજે સંગીત ચાલુ રાખતા પોલીસે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ મૂલચંદભાઈ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. જોકે પથિકાશ્રમ સર્કલ આસપાસ પણ આડેધડ ઊભા રહી જાહેરનામાનો ભંગ કરતા રિક્ષા ચાલકો સામે પણ આજ પ્રકારે કાર્યવાહી કયારે થાય એ જોવું રહ્યું.

# હાટકેશ્વર બ્રિજ ડિમોલીશન સમયે મહિલા પર રેતી-કોંક્રિટના કોથળા પડ્યા:સારવાર માટે ખસેડાઈ

## બ્રિજ તોડવા માટે નીચેના ભાગે મૂકાયા છે રેતી-કોંક્રિટના કોથળા

• અમદાવાદ



અમદાવાદના હાટકેશ્વર વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવાદાસ્પદ હાટકેશ્વર બ્રિજ તોડવા માટેની મંજૂરી આપવામાં આવી છે. કોન્ટ્રાક્ટર દ્વારા હાટકેશ્વર બ્રિજ તોડવાની કામગીરી કરવામાં આવી રહી છે જે દરમિયાન આજે સાંજના સમયે હાટકેશ્વર બ્રિજ ની પાસે બ્રિજ તોડવા માટે નીચે રેતી- કોંક્રિટ કોથળા મૂકવામાં આવ્યા હતા જે કોથળાઓ એક સાથે નીચે પડ્યા હતા. બ્રિજની નીચે લારી લઈને ઊભેલી એક મહિલા ઉપર રેતી- કોંક્રિટના કોથળા પડ્યા હતા જેમાં મહિલા ઈજાગ્રસ્ત થઈ હતી અને તેના માલ સામાનને પણ નુકસાન થયું હતું.

મળતી માહિતી મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાટકેશ્વર ઓવરબ્રિજને તોડવા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવેલો છે કોન્ટ્રાક્ટર દ્વારા બ્રિજના બંને તરફના છેડા તોડી પાડવામાં આવ્યા છે બ્રિજની વચ્ચેના ભાગે મુખ્ય રોડ ઉપર ના બે સ્પાન તોડવાના બાકી છે. છેલ્લા એક મહિનાથી આ કામગીરી બાકી હતી ત્યારે બ્રિજને તોડવા માટે કોન્ટ્રાક્ટર દ્વારા બ્રિજ નીચે રેતી- કોંક્રિટના મોટા કોથળા મૂકવામાં આવ્યા છે જે કોથળા બ્રિજ નીચે રાખી અને ત્યારબાદ બ્રિજને તોડવામાં આવશે જેથી સીધો બ્રિજ નીચે બેસી જાય.

10 માર્ચના રોજ સાંજના સમયે હાટકેશ્વર બ્રિજની નીચે રેતી- કોંક્રિટના મોટા પ્લાસ્ટિકના કોથળા મૂકવામાં આવેલા હતા તે એકાએક પડ્યા હતા અને સીધા બ્રિજ પાસે લારી લઈને ઉભેલી મહિલા ઉપર પડ્યા હતા. મહિલા કોથળાના નીચે આવી ગઈ હતી જેથી તાત્કાલિક સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને તેમને બચાવ્યા હતા. કોથળા મહિલાની લારી ઉપર પણ પડતા તેને નુકસાન થયું હતું. મોટી સંખ્યામાં લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા અને કોન્ટ્રાક્ટરના માણસને ધમકાવ્યો પણ હતો. તોડફોડ ચાલુ હોવા છતા રસ્તા પર વાહનવ્યવહાર ચાલુ રખાયો.

# શરીર સંબંધ બાંધવા માટે દબાણ કર્યું, ના પાડતા મહિલા દિવસે જ રાત્રે લાજ લેવાનો પ્રયાસ કર્યો

## ઈસનપુરમાં જેઠે નાના ભાઈની પત્ની પર નજર બગાડી

• અમદાવાદ

અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં 24 વર્ષીય પરિણીતાને શરીર સંબંધ માટે જેઠ દ્વારા દબાણ કરાતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. રાત્રિના સમયે પરણીતા એકલી હતી ત્યારે જેઠ દ્વારા તેને પકડીને જબરજસ્તી કરવામાં આવી હતી જેથી તેણે બૂમાબૂમ કરી મૂકી હતી આસપાસના લોકો અને પરિણીતાના પતિ આવી ગયા હતા. આ મામલે પરણીતાએ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં જેટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે

એક વાર પરિણીતાએ જતું કર્યું તો બીજીવાર માગણી કરી મળતી માહિતી મુજબ શહેરના ઈસનપુર વિસ્તારમાં 24 વર્ષે પરિણીતા તેના પરિવાર સાથે રહે છે. પરિવારમાં સાસુ સસરા અને તેના જેઠ પણ રહે છે. 15 દિવસ પહેલા પરણીતા પોતાના ઘરે હાજર હતી ત્યારે રાત્રિના સમયે તેમના જેઠ તેની પાસે આવ્યા હતા અને શરીર સંબંધ બાંધવા માટે કહ્યું હતું પરંતુ પરિણીતાએ ચોખ્ખી ના પાડી દીધી હતી. જેના કારણે તેઓ ત્યાંથી જતા રહ્યા હતા ત્યારબાદ પરિણીતા ખૂબ જ ડરી ગઈ હતી અને આ બાબતે ઘરમાં કોઈને વાતચીત કરી નહોતી. પરણીતાના જેઠ ઘરમાં જ રહેતા હતા અને કોઈ વાતચીત કરતા નહોતા જેથી મોટું મન રાખીને પરણીતાએ તેને માફ કરી દીધા હતા.8 માર્ચના રોજ રાત્રે 10:30 થી 11 ની વચ્ચે પરણીતા પોતાના ઘરે હાજર હતી ત્યારે ફરીથી તેના જેઠ તેની નજીક આવ્યા હતા અને શરીર સંબંધ બાંધવા માટે કહ્યું હતું પરંતુ પરિણીતાએ ના પાડી દીધી હતી જેથી જેઠ ગુસ્સે થઈ ગયા હતા અને તેને જબરજસ્તી પકડી લીધી હતી જેથી તેના બ્લાઉઝ પણ ફાટી ગયું હતું. પરણીતા ડરી ગઈ હતી જેથી તેણે બૂમાબૂમ કરી મૂકી હતી તે દરમિયાનમાં લોકોની ભીડ ભેગી થઈ ગઈ હતી અને મહિલાના પતિ પણ ઘરે આવી ગયા હતા જેથી આ મામલે ઈસનપુર પોલીસ સ્ટેશનમાં પરણીતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# દીકરીના પ્રેમલગ્નનો ખાર રાખી પરિવારના 5 સભ્યો પર પિયરીયાનો હુમલો

• ગાંધીનગર

ગાંધીનગરના મોટી આદરજની ઘટના, એકની હાલત ગંભીર ગાંધીનગરના મોટી આદરજ ગામમાં ત્રણ વર્ષ પહેલાં થયેલા પ્રેમ લગ્નની અદાવત રાખીને ગઈકાલે રાત્રિના સમયે એક જ પરિવારના 11 જેટલા સભ્યોએ પૂર્વ આયોજિત કાવતરું રચીને દીકરીની સાસરીમાં જઈ તલવાર, લાકડીઓ અને દાંતી જેવા ઘાતક હથિયારો વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં વૃદ્ધ માતા-પિતા સહિત પરિવારના પાંચ સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી છે. જે પૈકી એકની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. આ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ત્રણ વર્ષ પહેલા થયેલા પ્રેમલગ્નનો ખાર રાખી હુમલો કરાયો ગાંધીનગરના મોટી આદરજ ગામમાં રહેતા વિરમજી કાકુજી ઠાકોરે નોંધાવેલી વિગતો મુજબ, તેમના મોટા દીકરા પરબતજીએ ત્રણ વર્ષ પહેલાં તેમના જ કુટુંબી ભાઈ મોબતજી કલાજી ઠાકોરની દીકરી અંજના સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. લગ્ન બાદ આ દંપતી કલોલ ખાતે રહેતું હતું.પરંતુ પાંચ દિવસ પહેલાં દીકરાની બાધા પૂરી કરવા માટે તેઓ વતન મોટી આદરજ આવ્યા હતા. આ વાતની જાણ થતા જ ઉશ્કેરાયેલા સાસરી પક્ષના લોકોએ રાત્રિના સમયે હુમલો કરી દીધો હતો. જ્યારે પરિવાર જમીને બેઠો હતો ત્યારે મોબતજી ઠાકોર અને તેમના સાથીદારો હાથમાં તલવાર, લાકડીઓ અને ધોકા લઈને વિરમજીના ઘરે પહોંચ્યા હતા.

### શહેરના રોડ અકસ્માતમાં સુદાનના યુવકનું મોત

# એક્ટિવા બેરિકેટ સાથે અથડાયું, મૃતક અમદાવાદ GTUમાં અભ્યાસ કરતો હતો

• ગાંધીનગર



ગાંધીનગરમાં વાહનચાલકો માટે ડેથ ટ્રેપ સાબિત થઈ રહેલા ઈન્દ્રોડા ગામના કટ પાસે સર્જાયેલા વધુ એક અકસ્માતે માર્ગ સલામતી સામે સવાલો ઊભા કર્યા છે. આ અકસ્માતમાં સુદાનના એક યુવકનું એક્ટિવા બેરિકેટ સાથે જોરદાર અથડાવાથી તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. આ અંગે હાલમાં પોલીસે સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે મૃતક યુવક ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હોવાની શક્યતા છે. હાલ તો પોલીસે તેની ઓળખ માટે કવાયત હાથ ધરી છે. ઈન્દ્રોડા ગામના કટ પાસે બેરીકેટ સાથે એક્ટિવા અથડાયું મળતી માહિતી મુજબ એક યુવક પોતાની એક્ટિવા પર પસાર થઈ રહ્યો હતો. ત્યારે ઈન્દ્રોડા ગામના કટ પાસે રસ્તા પર મુકવામાં આવેલા બેરીકેટ સાથે તેનું એક્ટિવા પૂરઝડપે અથડાયું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે એક્ટિવા ચાલક હવામાં ફંગોળાઈને રોડ પર પટકાયો હતો.

આ અકસ્માતમાં એક્ટિવા ચાલક યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી ઘટનાસ્થળે જ મોત થયું છે. હાલમાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતા મૃતક યુવક મૂળ સુદાનનો રહેવાસી હતો. તે ગાંધીનગરની કોઈ ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હોવાની શક્યતા છે. પોલીસે હાલ તેના ઓળખ માટે કવાયત હાથ ધરી છે.ગાંધીનગરના આ ચોક્કસ વિસ્તારમાં અકસ્માતોની સંખ્યા સતત વધી રહી છે. અગાઉના કિસ્સાઓ પર નજર કરીએ તો ઈન્દ્રોડા સર્કલથી આગળ વધતા આવતા કટ પાસે વાહનોની ગતિ બેકાબૂ હોય છે. ગત વર્ષે જ આ વિસ્તારમાં બે અકસ્માતો નોંધાયા હતા, જેમાં એક બાઈક સવાર મોતને ભેટ્યો હતો. મૃતક યાસિર વર્ષ 2025થી ગાંધીનગરમાં રહીને અમદાવાદ GTUમાં અભ્યાસ કરતો હતો આ બનાવની તપાસ અર્થે સ્થળ પર પહોંચેલા સેકટર 7 પોલીસ મથકના ASI હર્ષદભાઈએ જણાવ્યું કે, હાલમાં પેથાપુર ખાતે ભાડેથી રહેતા મૂળ સુદાનના 38 વર્ષીય યાસિર અબ્દુલ્લા ઉસ્માન આહિલનું એક્ટિવા બેરીકેટ સાથે અથડાવાથી મોત નિપજ્યું છે. યાસિર વર્ષ 2025થી ગાંધીનગરમાં રહીને અમદાવાદ GTUમાં કોમ્પ્યુટર એન્જિનિયરિંગ શાખામાં સાયબર સિક્યુરિટીનો અભ્યાસ કરતો હતો. જેના પરિજનો સુદાનમાં રહે છે. પ્રાથમિક રીતે યાસિર પરિણીત હોવાની વિગતો મળી છે. હાલમાં પોસ્ટમોર્ટમ સહિતની પ્રક્રિયા ચાલી રહી છે.

# પોરબંદર મહાનગરપાલિકા દ્વારા છાંયા વિસ્તારમાં રૂ.૧૫ કરોડના ખર્ચે આઈકોનિક રોડનું નિર્માણ કરાશે

## આધુનિક સુવિધાઓથી સજ્જ બે કિ.મી. લાંબો માર્ગ શહેરને આપશે નવી ઓળખ

• ગોસા(ઘેડ)તા. ૧૦

પોરબંદર મહાનગરપાલિકા દ્વારા શહેરના સુવ્યવસ્થિત અને આધુનિક વિકાસ માટે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. છાંયા વિસ્તારમાં રૂ. ૧૫ કરોડના ખર્ચે અંદાજે બે કિલોમીટર લાંબો અને ૧.૯૦ મીટર પહોળો આઈકોનિક રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ નવી બનેલી મહાનગરપાલિકાઓમાં આધુનિક અને દીર્ઘદ્રષ્ટિવાળું વિકાસ કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે, જેના ભાગરૂપે પોરબંદર શહેરને એક આકર્ષક અને સુવિધાસભર માર્ગ મળવા જઈ રહ્યો છે. રાજ્ય સરકારનો આઈકોનિક રોડ બનાવવાનો મુખ્ય હેતુ શહેરોને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ બનાવવાનો, નાગરિકોને સુરક્ષિત અને સુવિધાસભર માર્ગ વ્યવસ્થા પૂરી પાડવાનો, ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો કરવાનો તથા શહેરની સૌંદર્યવૃદ્ધિ સાથે પર્યાવરણમિત્ર વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. આ પ્રોજેક્ટ દ્વારા શહેરમાં રોકાણ અને આર્થિક પ્રવૃત્તિમાં વધારો થાય, પ્રોપર્ટી વેલ્યુ વધે અને પ્રવાસનને પ્રોત્સાહન મળે તેવો સરકારનો અભિગમ છે.



પોરબંદર મ્યુનિસિપલ કમિશનર શ્રી એચ. જે. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ આઈકોનિક રોડની કામગીરી ટૂંક સમયમાં જ શરૂ થશે. છાંયા વિસ્તારમાં બનનાર આ રોડમાં માર્ગના મધ્યમાં ૦.૬૦ મીટર પહોળો ડીવાઈડર બનાવવામાં આવશે, જેમાં ટ્રી પ્લાન્ટેશન સાથે ૧.૨ મીટર (૪ થી ૬ ફૂટ) ઊંચાઈના કદંબ, ગુલમહોર અને લીમડા જેવા વૃક્ષ રોપવામાં આવશે. બંને બાજુ ૬.૫૦ મીટર પહોળો મુખ્ય માર્ગ, ૧.૭૦ મીટર પાર્કિંગ જગ્યા અને ૧.૫૦ મીટર પહોળી ફૂટપાથની સુવિધા ઉપલબ્ધ રહેશે, જેથી વાહનચાલકો અને પગપાળા ચાલનાર નાગરિકોને સુરક્ષિત અવરજવર મળી રહે. સ્ટ્રીટ ફર્નિચર તરીકે કેટાઈ, થર્મોપ્લાસ્ટર માર્કિંગ, બેંચ અને ડસ્ટબીન મુકવામાં આવશે. માર્ગ પર ૧૦ મીટરના અંતરે કુલ ૪૫૦ ડેકોરેટિવ સ્ટ્રીટ લાઈટ સ્થાપિત કરવામાં આવશે તથા જરૂરિયાત મુજબ સાઈન બોર્ડ મુકવામાં આવશે. ૧૨ અતિ આધુનિક બસ સ્ટેન્ડ ઉભા કરવામાં આવશે, ૩૫૦ બેંચ અને ભારત સરકારના સ્વચ્છતા અભિયાન અંતર્ગત ૩૨ ડસ્ટબીન તથા બોલાર્ડની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. માર્ગ વચ્ચે રેલીંગ બનાવવામાં આવશે જેથી સલામતી વધુ મજબૂત બને. ઉપરાંત પાણી લાઈન, ગેસ લાઈન, ઈલેક્ટ્રિક અને કોમ્યુનિકેશન કેબલને અન્ડરગ્રાઉન્ડ કરવામાં આવશે, જેથી માર્ગ પર પ્રદૂષણ ઘટાડાય અને લાંબા ગાળે જાળવણી ખર્ચ ઓછો રહે.

**આપદા મિત્રો** રાજ્યમાં ૧,૫૪૬ નવી મહેસૂલી જગ્યાઓ ઊભી કરાશેઃ ભરતી અને તાલીમ માટે બજેટમાં માતબર જોગવાઈ

# મહેસૂલી સેવાઓ હવે નાગરિકોના આંગણેઃ iORA પોર્ટલ દ્વારા ૩૯ સેવાઓ ઓનલાઈન અને ૫૦ સેવાઓ 'વન ડે સર્વિસ'માં ઉપલબ્ધ

## કુદરતી આફતો સામે સુરક્ષા કવચઃ SDRF અને SDMF હેઠળ ૨,૧૪૫ કરોડની જોગવાઈ અને ૩,૫૦૦ 'આપદા મિત્રો' સજ્જ

ગુજરાત વિધાનસભા ખાતે મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહીડાએ વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટ માટેની મહેસૂલ વિભાગની કુલ ૫૫૫૧ કરોડની અંદાજપત્રીય માંગણીઓ રજૂ કરી હતી. જેને ગૃહમાં પસાર કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષના બજેટની કુલ ૫૪૨૭ કરોડની જોગવાઈ સામે આ વર્ષે ૧૨૪ કરોડનો વધારો સૂચવવામાં આવ્યો છે. જેમાં ટેકનોલોજીનો વ્યાપ વધારવા અને વહીવટી પારદર્શિતા લાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.આ અંગે વિવિધ સુધારાઓ અને મુદ્દાઓ પર વિસ્તૃત છણાવટ કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશાંથી ડિજિટલ ઈન્ડિયા પર ભાર મૂકે છે, ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકાર સતત વધુ પારદર્શકતા સાથે નાગરિકોના હિતમાં કામ કરી રહી છે.

તેમણે જણાવ્યું કે iORA પોર્ટલ થકી ખેડૂત ખરાઈ અને વારસાઈ નોંધ જેવી ૩૯ જેટલી સેવાઓ ઓનલાઈન કરવામાં આવી છે. આ પોર્ટલ સાથે સિટી સર્વે ઈન્ફોર્મેશન સિસ્ટમ અને ઈ-ધરાના જોડાણથી હવે બિનખેતીની પરવાનગી મળતાની સાથે જ અરજદારોને સીધા જ ડિજિટલ પ્રોપર્ટીકાર્ડ મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. iORA માટે ૫ કરોડની જોગવાઈ કરાઈ છે.

તેમણે ઉમેર્યું કે અત્યાર સુધીમાં ૨.૯૦ કરોડથી વધુની આવકના દાખલાની અરજીઓ, ૨.૧૪ કરોડથી વધુની રેશનકાર્ડની વિવિધ સેવાઓ, ૫૧ લાખથી વધુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર કાઢવાની અરજીઓ, ૫.૭૩ લાખથી વધુ વિધવા સહાય પ્રમાણપત્રની અરજીઓ, ૭ લાખથી વધુ સિનિયર સિટિઝન પ્રમાણપત્રની અરજીઓનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. વધુમાં, અત્યાર સુધીમાં ૧.૯૯ કરોડથી વધુની અન્ય પ્રકારની સેવાઓની અરજીઓનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. મહેસૂલ રાજ્યમંત્રીએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા, ત્યારે નાગરિકલક્ષી અભિગમ અપનાવીને વહીવટી સુધારા અને 'સરકાર નાગરિકના દ્વારે' જેવા પગલાં લીધા હતા. જે અંતર્ગત, એ.ટી.વી.ટી (ATVT) અંતર્ગત જનસેવા કેન્દ્રો જેવા પ્રકલ્પ શરૂ કર્યા હતા. જેના થકી અત્યાર સુધીમાં ૭.૯૮ કરોડથી વધુ અરજીઓનો નિકાલ કરાયો છે. જેમાંથી ૫૦ સેવાઓ 'વન ડે સર્વિસ' હેઠળ ઉપલબ્ધ છે. ઈ-ધરા કેન્દ્રો દ્વારા ૭/૧૨ અને ૮-અ ના રેકોર્ડ્સ સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ કરવામાં આવ્યા છે. એટીવીટી અને ઈ-ધરા માટે ૧૩૬ કરોડની જોગવાઈ સૂચવી છે. આ જ પ્રકારે, મહેસૂલ વિભાગની કામગીરીને વેગ આપવા વિવિધ સંવર્ગની ૧૫૪૬ નવી જગ્યાઓ ઊભી કરવા ૪૭ કરોડની જોગવાઈ કરાઈ છે. ઉપરાંત, નાયબ મામલતદાર અને તલાટી સંવર્ગની ૪૧૩૩ જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. મહેસૂલી કર્મચારીઓની ક્ષમતા નિર્માણ માટે ૪ કરોડ ફાળવ્યા છે. મહત્ત્વની વાત એ છે કે, 'દીનદયાળ મોજણી અને મહેસૂલી વહીવટ સંસ્થા'ને કેન્દ્ર દ્વારા 'સેન્ટર ઓફ એક્સેલન્સ'નો દરજ્જો અપાયો છે.તેમણે વધુમાં જણાવ્યું કે નવી કલેક્ટર કચેરીઓ, મહેસૂલી ભવન અને ૫૬૦ સ્ટાફ ક્વાર્ટર્સ માટે ૫૪૫ કરોડની જોગવાઈ કરી છે. જે અંતર્ગત, સુરેન્દ્રનગર ખાતે નવી કલેક્ટર કચેરીના ભવન માટે, ખેડા જિલ્લાના મહુધા, મોરબી જિલ્લાના માળીયા અને ટંકારા, અમરેલી જિલ્લાના લાઠી, આણંદ જિલ્લાના ઉમરેઠ, સુરત શહેરના અબ્રામા ખાતે નવી મહેસૂલી કચેરીઓના બાંધકામ માટે દસ્ક્રોઈ, ઠાસરા અને પાટણ ખાતેના હયાત મહેસૂલી કચેરીઓના વિસ્તરણ માટેની જોગવાઈનો સમાવેશ થાય છે.જ્યારે રાજ્યના ગ્રોથ એન્જિનને ગતિ આપવા અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વે અને કેશોદ એરપોર્ટ જેવા મહત્ત્વના પ્રોજેક્ટ્સ માટે જમીન સંપાદન પૂર્ણ કરવામાં આવ્યું છે. જમીન દફતર ખાતા માટે કુલ ૨૪૩ કરોડ ફાળવ્યા છે. મહેસૂલ રાજ્યમંત્રીએ કહ્યું કે ખેતીની જમીનના વેચાણ નોંધ માટે ૨૫ વર્ષ અગાઉનો રેકોર્ડ ધ્યાને લેવાનો રહેશે નહીં તેમજ તા. ૮ એપ્રિલ, ૨૦૨૫થી અમુક વિસ્તારોની નવી શરતની જમીનોને જૂની શરતમાં ગણવાનો અને પ્રીમિયમમાંથી મુક્તિ આપવાનો નિર્ણય લેવાયો છે. 'સ્વામિત્વ' યોજના હેઠળ ૧૪,૮૦૧ ગામોમાં ડ્રોન દ્વારા માપણી પૂર્ણ થઈ છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

રાજયમાં કુદરતી આફત વ્યવસ્થાપન અને સહાયની વિગતો આપતાં તેમણે જણાવ્યું કે ચોમાસુ-૨૦૨૫માં ખેડૂતોને થયેલા નુકસાન સામે સરકારે ૧૦,૦૦૦ કરોડનું માતબર પેકેજ જાહેર કર્યું હતું.

# 170 વર્ષ જૂનું પ્રાચીન અને પૌરાણિક આદિત્યસ્વર મહાદેવ અને ચંદ્રમૌલેશ્વર મહાદેવનું મંદિર ભક્તિભાવના માહોલ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નગરમાં સુથારવાગા વિસ્તારમાં રાઠોડ સ્ટુડિયો પાસે આવેલું આશરે 170 વર્ષ જૂનું પ્રાચીન અને પૌરાણિક આદિત્યસ્વર મહાદેવ અને ચંદ્રમૌલેશ્વર મહાદેવનું મંદિર ભક્તિભાવના માહોલ વચ્ચે ફરી એકવાર ધાર્મિક ગૌરવનું કેન્દ્ર બન્યું હતું. વર્ષો જૂનું આ મંદિર સમય જતાં જર્જરીત હાલતમાં પહોંચી ગયું હોવાથી મંદિરની મરામત અને પુનઃવ્યવસ્થા કરવામાં આવી હતી. મંદિરના જીર્ણોદ્ધાર બાદ ભગવાન મહાદેવની પ્રાણપ્રતિષ્ઠા પૂર્વે શુદ્ધિકરણ માટે હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ ધાર્મિક યજ્ઞમાં કુલ 11 ધાર્મિક જોડાઓએ વિધિવત્ ભાગ લઈ વૈદિક મંત્રોચ્ચાર સાથે મહાદેવની આરાધના કરી હતી. સમગ્ર યજ્ઞ વિધિ વૈદિક પરંપરા મુજબ પંડિતોના મંત્રોચ્ચાર અને હવન સાથે સંપન્ન થઈ હતી. યજ્ઞ દરમિયાન ભક્તો માટે ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમનું આયોજન આદિત્યસ્વર યુવક મંડળની ટીમ દ્વારા ભવ્ય રીતે કરવામાં આવ્યું હતું. યુવક મંડળના સભ્યો દ્વારા મંદિર પરિસરને સજાવી ભક્તિમય માહોલ સર્જાયો હતો. સવારે શરૂ થયેલ ધાર્મિક વિધિઓ સાંજ સુધી ચાલી હતી અને સમગ્ર વિસ્તારમાં હર હર મહાદેવના જયઘોષ સાથે આધ્યાત્મિક માહોલ સર્જાયો હતો મંદિરનો ઈતિહાસઃઆદિત્યસ્વર મહાદેવ અને ચંદ્રમૌલેશ્વર મહાદેવનું આ મંદિર લગભગ 170 વર્ષ જૂનું હોવાનું માનવામાં આવે છે. સ્થાનિક વડીલો અને ઈતિહાસકારોના જણાવ્યા મુજબ આ મંદિર ડભોઈના પ્રાચીન ધાર્મિક સ્થળોમાંથી એક ગણાય છે. પહેલાં આ વિસ્તારમાં વસતા સુથાર અને અન્ય સમાજના લોકો દ્વારા મહાદેવની સ્થાપના કરવામાં આવી હતી. વર્ષોથી આ મંદિર સ્થાનિક ભક્તો માટે આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર રહ્યું છે. શ્રાવણ માસ, મહાશિવરાત્રી અને અન્ય ધાર્મિક પ્રસંગોએ અહીં વિશેષ પૂજા અને ધાર્મિક કાર્યક્રમો યોજાતા આવ્યા છે. આજે પણ આ મંદિર ડભોઈ નગરના લોકો માટે આધ્યાત્મિક આસ્થા અને સંસ્કૃતિનું મહત્વપૂર્ણ પ્રતિક માનવામાં આવે છે..

# ડભોઈ તાલુકાના ચનવાડા પાસે નર્મદા માઈનર કેનાલમાં ભ્રષ્ટાચાર કે નિષ્કાળજી?

• ફકીરા ખત્રી ડભોઈ

મોટા ગાબડાંથી પાણીનો વેડફાટ, છેવાડાના ખેડૂતો પાયમાલ તંત્રની ઘોર નિદ્રાઃ કરોડોનું બજેટ ક્યાં જાય છે? ઉનાળુ પાક તૈયાર છે ત્યારે જ પાણીના અભાવે ખેડૂતોના જીવ અધ્ધર. ડભોઈ તાલુકાના ચનવાડા ગામ પાસેથી પસાર થતી નર્મદાની માઈનર કેનાલ હાલ તંત્રની ઘોર નિષ્કાળજીનો નમૂનો બની ગઈ છે. કેનાલમાં ઠેર-ઠેર પડેલા મોટા ગાબડાંના કારણે લાખો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે, જેને પરિણામે છેવાડાના ખેડૂતો સુધી સિંચાઈનું પાણી પહોંચતું નથી. એક તરફ ઉનાળુ પાક તૈયાર થવાના આરે છે, ત્યારે બીજી તરફ અધિકારીઓની ઉદાસીનતા ખેડૂતોના મોઢા સુધી આવેલો કોળિયો છીનવી રહી હોય તેમ લાગી રહ્યું છે મુખ્ય સમસ્યાઓ અને ખેડૂતોની વેદના ગાબડાં અને લીકેજ: કેનાલમાં ઠેર-ઠેર ગાબડાં પડવાને કારણે પાણી પાક સુધી પહોંચવાને બદલે વેડફાઈ રહ્યું છે.રિપેરિંગમાં લાપરવાહી: નિયમ મુજબ શિયાળા અને ઉનાળાની શરૂઆતમાં રિપેરિંગ કામ કરવાનું હોય છે. સરકાર આ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે, તેમ છતાં ગ્રાઉન્ડ



લેવલ પર કોઈ કામગીરી દેખાતી નથી. અધિકારીઓની મૌન સંમતિઃ ખેડૂતો દ્વારા વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં નર્મદા નિગમના અધિકારીઓ જાણે ઘોર નિદ્રામાં હોય તેમ કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી ખેડૂતોનો આક્રોશ અમે પરસેવો પાડીને પાક ઉભો કર્યો છે પણ કેનાલના ગાબડાંને લીધે પાણી અમારા ખેતર સુધી પહોંચતું જ નથી. જો સમયસર રિપેરિંગ થયું હોત તો આજે આ હાલત ના હોત. સરકારના કરોડો રૂપિયા જાય છે શું અધિકારીઓ જાણીજોઈને ખેડૂતોની રજૂઆતને નજરઅંદાજ કરી રહ્યા છે રિપેરિંગ માટે આવતા કરોડો રૂપિયાનો ઉપયોગ ખરેખર ક્યાં થાય છે એ કેમ જો પાક સુકાઈ જશે તો તેની જવાબદારી નર્મદા નિગમ લેશે ખરુંહવે જોવાનું એ રહ્યું કે, કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું તંત્ર ક્યારે જાગે છે.

# કુતિયાણા મતવિસ્તારના રસ્તાઓના નવીનીકરણ માટે રૂ.૧૪.૧૫ કરોડ મંજૂર

## ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાની રજૂઆતથી ગ્રામ સડક યોજના હેઠળ બે રોડના કામોને લીલીઝંડી

• ગોસા(ઘેડ) તા.૧૦

કુતિયાણા-રાણાવાવ વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા પોતાના મતવિસ્તારના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. વિસ્તારના ગામડાઓમાં રસ્તા સહિતની આવશ્યક માળખાકીય સુવિધાઓનો વિકાસ થાય અને કોઈપણ વિસ્તાર વિકાસથી વંચિત ન રહે તેવા હેતુસર તેઓ રાજ્ય સરકાર સમક્ષ સતત રજૂઆતો કરતા રહ્યા છે.

આ રજૂઆતોના સકારાત્મક પરિણામરૂપે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (૨૦૨૫-૨૬) અંતર્ગત કુતિયાણા વિધાનસભા મતવિસ્તારના નોન પ્લાન રસ્તાઓ માટે કુલ રૂ.૧૪ કરોડ ૧૫ લાખ જેટલી માતબર રકમના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર દ્વારા આ કામોને મંજૂરી મળતાં વિસ્તારના ગ્રામજનોમાં ખુશીની



લાગણી વ્યાપી છે.

મંજૂર થયેલા કામોમાં કુતિયાણા તાલુકાના કોટડા થી પસવારી રોડના ૫.૭૦ કિલોમીટર લાંબા નોન પ્લાન રસ્તાના નવીકરણ માટે માટી કામ, મેટલિંગ, સી.સી. રોડ તેમજ પ્રોટેક્શન વોલ સહિતના કામો માટે રૂ.૫૬૫ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. જ્યારે રાણાવાવ તાલુકાના પીપળીયા થી મોકર તરફના ૮ કિલોમીટર લાંબા નોન પ્લાન રસ્તા માટે માટી કામ, મેટલિંગ, નાળ-પુલિયા, પૂર સંરક્ષણ દિવાલ, ડામરકામ તેમજ સી.સી. રોડ માટે રૂ.૮૫૦ લાખની મંજૂરી આપવામાં આવી છે.

આ બંને કામો માટે સંબંધિત વિભાગ દ્વારા જોબ નંબર પણ ફાળવી આપવામાં આવ્યા છે અને ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તાત્કાલિક ધોરણે નિર્માણ કામગીરી હાથ ધરવામાં આવશે. આ રસ્તાઓના વિકાસથી વિસ્તારના ગામડાઓને આવન-જાવનમાં સુવિધા મળશે તેમજ ગ્રામ્ય વિસ્તારના વિકાસને નવી ગતિ મળશે.

કુતિયાણા મતવિસ્તારના આ મહત્વપૂર્ણ વિકાસ કામોને મંજૂરી આપવા બદલ ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

રિપોર્ટર : વિરમભાઈ કે. આગઠ

# અંબાજી ખાતે શીતળા સાતમ ને લઈ શીતળા માતા ના મંદિરે મહિલાઓ ની ભારી ભીડ જોવા મળી

• બનાસકાંઠા... અંબાજી

આજે શીતળા સાતમ હોઈ આજે યાત્રાધામ અંબાજી મા વિવિધ સ્થળે પર આવેલા શીતળા માતાજી ના મંદિરો ઉપર ભક્તો ની ભારે ભીડ જોવા મળી હતી. તો સાથે સાથે આજે સવારે મહિલાઓ દ્વારા શીતળા માતાજી ના મંદિર ઉપર જઈ ઠંડુ ભોજન અને નારિયળ પ્રસાદ દ્વારા પૂજા અર્ચના કરાઈ હતી આજે શીતળા સાતમ ના દિવસે અંબાજી મા આવેલા અલગ અલગ સ્થળે શીતળા માતા ના મંદિરે ભક્તો ની ભારી ભીડ જોવા મળી હતી. મહિલાઓ સવાર થીજ પૂજા સામગ્રી સહિત ઠંડુ ભોજન લઈ શીતળા માતા ના મંદિરે જઈ પૂજા અર્ચના કરી હતી. આજ ના દિવસે ઘર મા ઠંડુ ભોજન ( બાસી ભોજન ) કરવા ની પ્રથા છે. આજ ના દિવસે ઘર મા ગેસ ચુલ્હા નો ઉપયોગ કરવા મા આવતો નથી. શીતળા માતા શીતળતા પ્રદાન કરવા ની દેવી છે.અને અનેકો બીમારીઓ ના નિદાન માટે પણ શીતળા માતા ની પૂજા કરવા મા આવે છે.આજ ના દિવસે મહિલાઓ દ્વારા શીતળા માતા નુ વિશેષ પૂજા અર્ચના સાથે વાર્તાઓ પણ સાંભળી



માતાજી ની આરાધના કરે છે શીતલા સાતમ ને લઈને મહિલાઓ દ્વારા વિશેષ તૈયારી કરવામાં આવતી હોય છે.જેને લઈને અગાઉથી મહિલાઓ દ્વારા ઘરમાં અલગ અલગ પ્રકારના વ્યંજનો બનાવવામાં આવતા હોય છે. અને આ વ્યંજનો શીતળા સાતમ દિવસે પેહલા માતાજી ને ભોગ ધરાવી ને ત્યાર બાદ ખાવા મા આવે છે. શીતળા સાતમી ના દિવસે ઘર ની રસોઇ મા કોઈપણ પ્રકારનું ભોજન બનાવવામાં આવતું નથી. એ દિવસે ગેસ ચૂલા નુ પૂજન કરવામાં આવતું હોય છે. અને ગેસ ચૂલો આખો દિવસ બંધ રાખવામાં આવતો હોય છે.

# ડભોઇ ની રાબિયા પાર્ક સોસાયટી માં જુગાર રમતા આઠ ઝડપાયા

ડભોઈ ની વિભાગ હાઈસ્કુલ પાછળ આવેલી રાબિયા પાર્ક સોસાયટી માં જુગાર રમાતો હોવાની બાતમી ડી સ્ટાફ ને મળી હતી.જેથી બાતમી મુજબ ના મકાન પર છાપો મરતા પત્તાપાના નો બોર્ડ રમતા આઠ જુગારીઓ રંગે હાથ ઝડપાઈ ગયા હતા.અંગ ઝડતી ના 84,00 અને દાવ પર થી 58,00 મળી કુલ રૂપિયા - 14,200 સાથે ઝડપાયેલ જુગારીઓ વિરુદ્ધ જુગારધારા ની કલમ હેઠળ કાર્યવાહી કરાઈ હતી. ડભોઈ ની રાબિયા પાર્ક સોસાયટી માં પાછલા એક સપ્તાહ થીપત્તાપાના નો હારજીત નો જુગાર રમાતો હોવાની ડભોઈ પોલીસના ડિસ્ટાફ ની ટીમને બાતમી મળી હતી.જેથી રાબિયા પાર્ક સોસાયટી માં આવેલા વસીમ રજ્જાકભાઈ બદામિયા (મનસુરી) ના ઘર ની બાતમી વાળી જગ્યાનો સર્વે કરી છાપો માર્યો હતો.પોલીસ નાછાપા માં ગોળ કુંડાળુ વળી ને પત્તાપાના નો હારજીતનો જુગાર રમતા જુગારીઓ રંગે હાથ ઝડપાઈ ગયાહતા.ઝડપાયેલ જુગારીઓ સામે જુગારધારાનીકલમહેઠળ ગુન્હોનોંધીકસ્ટડી ભેગાકરીકાયદેસરની કાર્યવાહી કરાતા અન્ય જુગારીઓ માં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

**છેગાયકવાડી શાસનના ઐતિહાસિક તળાવમાં આવતા હજારો વિદેશી પક્ષીઓનો ખેતરો પર કબજો**

# ડભોઈ તાલુકાના વઢવાણા તળાવના મહેમાન પક્ષીઓ ખેડૂતો માટે બન્યા આફત તૈયાર પાકનો સોથ વાળી રહ્યા છે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના વઢવાણા તળાવના મહેમાન પક્ષીઓ ખેડૂતો માટે બન્યા આફત તૈયાર પાકનો સોથ વાળી રહ્યા છેગાયકવાડી શાસનના ઐતિહાસિક તળાવમાં આવતા હજારો વિદેશી પક્ષીઓનો ખેતરો પર કબજોઃ ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળવાની ભીતિ ડભોઈ તાલુકાનું ઐતિહાસિક અને ગાયકવાડી શાસન દરમિયાન નિર્મિત વઢવાણા તળાવ હાલ દેશ-વિદેશના યાયાવર પક્ષીઓથી ઉભરાઈ રહ્યું છે. પરંતુ, પ્રકૃતિ પ્રેમીઓ માટે જે નજારો આકર્ષણનું કેન્દ્ર છે, તે જ નજારો સ્થાનિક ખેડૂતો માટે મોટી ચિંતાનો વિષય બન્યો છે. તળાવની આસપાસના 10 થી 12 કિલોમીટરના



વિસ્તારમાં આવેલા ખેતરોમાં આ પક્ષીઓ હજારોની સંખ્યામાં ઉતરી રહ્યા છે, જેના કારણે તૈયાર થયેલા પાકને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે સવાર પડતા જ પક્ષીઓનું આક્રમણવહેલી સવારના કૂણા તડકાની સાથે જ વઢવાણા તળાવમાંથી હજારોની સંખ્યામાં પક્ષીઓ આસપાસના સીમ વિસ્તારમાં ચણવા માટે નીકળી પડે છે. એક જ ખેતરમાં જ્યારે હજારો પક્ષીઓ એકસાથે ઉતરે છે, ત્યારે ઊભા પાકનો સોથ વળી જાય છે. ખાસ કરીને તૈયાર થયેલા અનાજ અને કઠોળના પાકમાં પક્ષીઓ ભારે નુકસાન કરી રહ્યા છેખેડૂતોના દેશી જુગાડ પણ નિષ્ફળ પક્ષીઓથી પોતાના પાકને બચાવવા માટે ખેડૂતો રાત-દિવસ એક કરી રહ્યા છે. ખેતરોમાં પક્ષીઓ ન આવે તે માટે ખેડૂતોએ અનેક પ્રકારના નુસખાઓ અપનાવ્યા છે ચાડિયા અને પ્લાસ્ટિકઃ ખેતરમાં ડર પેદા કરવા માટે માણસ જેવા દેખાતા ચાડિયા મૂકવામાં આવ્યા છેઅવાજ અને થેલીઓઃ પવનથી ફફડતી પ્લાસ્ટિકની થેલીઓ અને તાર બાંધવામાં આવ્યા છે જેથી પક્ષીઓ ડરીને દૂર રહેતારની વાડઃ પાકની સુરક્ષા માટે ખેતરની ફરતે તાર બાંધવામાં આવ્યા છે.

પરંતુ આ તમામ પ્રયાસો છતાં, પક્ષીઓ ખેતરમાં આવી જાય છે અને ખેડૂતોની આખું વર્ષ કરેલી મહેનત પર પાણી ફેરવી રહ્યા છે.

# કદવાલ ગૃપ પીએ પ્રાથમિક શાળાની દ્રષ્ટિકુમારી બારીયા ની ઈન્સ્પાયર માનક એવોર્ડ માટે પસંદગી

• કદવાલ. ઈરફાન મકરાણી

કદવાલ તાલુકાના આવેલ કદવાલ ગૃપ પીએ પ્રાથમિક શાળામા ધોરણ સાત મા અભ્યાસ કરતી વિદ્યાર્થિની બારીયા દ્રષ્ટિકુમારી ની ભારત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા ઈન્સ્પાયર માનક એવોર્ડ ૨૦૨૫-૨૬માં પસંદગી કરવામા આવતા કદવાલ ગામ,વાલીઓ અને શિક્ષકોમા આનંદ છવાયો છે.શિક્ષણ જગતમાં વિજ્ઞાન ક્ષેત્રે બાળકોની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત સ્પર્ધા 'ઈન્સ્પાયર માનક એવોર્ડ રાખવામાં આવેલ છે.જેમાં છોટાઉદેપુર જિલ્લાની કદવાલ તાલુકાની કદવાલ ગૃપ પીએ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની બારીયા દ્રષ્ટિકુમારી મુકેશભાઈએ ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.જેની પાછળ વિદ્યાર્થિનીની મહેનત અને શાળાના માર્ગદર્શક શિક્ષક બારીયા જયોતિષકુમાર અને હાલ તાલુકા પ્રાથમિક શિક્ષણધિકારીચાર્જ સાંભળતા અને કદવાલ પીએ ગૃપ પ્રાથમિક શાળાનાં આચાર્યશ્રી રણજિતસિંહ બારીયા નુ સચોટ માર્ગદર્શન મળ્યુ હતુ.તેમ વિદ્યાર્થીની બારીયા દ્રષ્ટિકુમારીએ જણાવ્યુ હતુ. ગ્રામીણ વિસ્તારની શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ રાષ્ટ્રીય કક્ષાએ પોતાની પ્રતિભાના દર્શન કરાવતા સમગ્ર કદવાલ તાલુકા નું અને શાળાનું નામ રોશન કર્યું છે.શાળા પરિવાર અને ગ્રામજનો તરફથી દ્રષ્ટિકુમારીને આ વિશેષ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. આગામી સમયમાં વિજ્ઞાન ક્ષેત્રે વિદ્યાર્થીની દ્રષ્ટિકુમારી વધુ પ્રગતિ કરી ઉચ્ચ શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ કદવાલ રુજલીબેન સરપંચ અને માજી છોટાઉદેપુર જિલ્લા પંચાયતનાં ઉપપ્રમુખ રમણભાઈ બારીયા તથા ગ્રામજનોએ પાઠવી હતી.રિપોર્ટર. ઈરફાન મકરાણી કદવાલ

# માણસાના માણેકપુર ગામે વિદ્યાર્થીઓ દ્વારા બિનચેપી રોગો સામે જાગૃતિ માટે રેલીનું આયોજન

• ગાંધીનગર

ગાંધીનગર સ્થિત GMERS મેડિકલ કોલેજ દ્વારા દત્તક લેવામાં આવેલા માણસા તાલુકાના માણેકપુર ગામે વિદ્યાર્થીઓ દ્વારા બિનચેપી રોગો સામે જાગૃતિ માટે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનો મુખ્ય હેતુ ગ્રામજનોને વિવિધ બિનચેપી રોગો વિશે જાગૃત કરવાનો હતો. NMC નવી દિલ્હીના માર્ગદર્શન હેઠળ, GMERS મેડિકલ કોલેજ, ગાંધીનગર ખાતે અભ્યાસ કરતા MBBSની 2024 અને 2025 બેચના વિદ્યાર્થીઓએ આ જનજાગૃતિ અભિયાનમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ રેલી યોજીને ગામના લોકોને બિનચેપી રોગોથી રક્ષણ મેળવવા અને તેના વિશે માહિતી આપવા પ્રયાસ કર્યો હતો.

આ પ્રસંગે કોલેજના ડીન ડો. અંકુર ઝાલાવાડીયા અને ડો. જીગ્નેશ ચૌહાણ સહિતના મહાનુભાવોએ ગ્રામજનોને ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. તેમણે ડાયાબિટીસ, હાયપરટેન્શન (હાઈ બ્લડ પ્રેશર), સ્થૂળતા, ગર્ભાશયના મુખના કેન્સર અને ફેફસાંના રોગો જેવા બિનચેપી રોગો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

લેખિકાઃ દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ)

'રાવણે' કરેલી ભૂલો જે આજે પણ આપણને ઘણું શીખવે છે

# 'રાવણનું અંતિમ ભાથું 'મૃત્યુશૈયા પરથી મળેલો રાજનીતિ અને જીવનનો મહાપાઠ

## રામાયણનું યુદ્ધ માત્ર બે સેનાઓ વચ્ચેનો સંઘર્ષ નહોતો, પરંતુ તે બે ભિન્ન વિચારધારાઓ અને અસ્મિતાઓ વચ્ચેનું યુદ્ધ હતું

રામાયણનું યુદ્ધ માત્ર બે સેનાઓ વચ્ચેનો સંઘર્ષ નહોતો, પરંતુ તે બે ભિન્ન વિચારધારાઓ અને અસ્મિતાઓ વચ્ચેનું યુદ્ધ હતું. જ્યારે લંકાધિપતિ રાવણ રણમેદાનમાં પોતાની અંતિમ ક્ષણો ગણી રહ્યો હતો, ત્યારે મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામે જે ઉદારતા દાખવી, તે સાબિત કરે છે કે 'જ્ઞાન' ની કિંમત દુશ્મનાવટ કરતા અનેકગણી વધારે છે.

જ્ઞાન મેળવવાની સાચી રીત વિનય

જ્યારે રાવણ અંતિમ શ્વાસ લઈ રહ્યો હતો, ત્યારે રામે લક્ષ્મણને કહ્યું, 'લક્ષ્મણ, રાવણ આ પૃથ્વી પરનો સૌથી મોટો રાજનીતિજ્ઞ અને વેદ શાસ્ત્રનો જ્ઞાની પંડિત છે. તેના મૃત્યુ સાથે આ મહાન જ્ઞાન પણ નષ્ટ થઈ જશે. તું તેની પાસે જઈને જીવન અને રાજનીતિના પાઠ શીખી આવ.'

લક્ષ્મણજી રાવણના મસ્તક પાસે જઈને ઉભા રહ્યા, પણ રાવણ કશું જ બોલ્યો નહીં. જ્યારે લક્ષ્મણે રામને આ વાત કરી, ત્યારે રામે હસીને મર્મ સમજાવ્યો જો કોઈની પાસે જ્ઞાનની ભિક્ષા માંગવી હોય, તો તેના માથા પાસે નહીં પણ તેના ચરણોમાં બેસવું જોઈએ. વિનમ્રતા એ જ જ્ઞાન મેળવવાની પ્રથમ શરત છે.

લક્ષ્મણ ફરીથી રાવણના ચરણોમાં જઈને બેઠા, ત્યારે રાવણે તેમને જીવનના ત્રણ એવા સત્યો કહ્યા જે આજે પણ એટલા જ પ્રસ્તુત છે.

શુભસ્ય શીઘ્રમ્ (શુભ કાર્યમાં વિલંબ ન કરવો)

રાવણે પોતાની પ્રથમ ભૂલ સ્વીકારતા કહ્યું કે, મેં મારા જીવનમાં ઘણા ક્રાંતિકારી વિચારો કર્યા હતા, જેમ કે સ્વર્ગ સુધી સીડી બનાવવી અને સમુદ્રના ખારા પાણીને મીઠું કરવું. પણ મેં આ 'શુભ સંકલ્પો' ને કાલ પર ટાળ્યા અને તે ક્યારેય પૂરા ન થયા. બીજી તરફ, 'અશુભ કર્મ' (સીતાનું અપહરણ) કરવામાં મેં ઉતાવળ કરી અને તેનું પરિણામ આજે મારી સામે છે.સારા વિચારોને તુરંત અમલમાં મૂકો, કારણ કે સમય કોઈની પ્રતીક્ષા કરતો નથી.

શત્રુને ક્યારેય નાનો ન ગણવો

રાવણે કહ્યું, મેં વનવાસી રામ અને તેમની સાથેના વાનરો રીંછોને તુચ્છ માન્યા હતા. મને અહંકાર હતો કે આ સામાન્ય જીવો મારું શું બગાડી લેશે? પણ એ જ વાનર સેનાએ મારું અજેય સામ્રાજ્ય ધૂળમાં મેળવી દીધું.



કોઈપણ પ્રતિસ્પર્ધી કે પરિસ્થિતિને નબળી માનીને તેને અવગણવી એ જ પતનનું પ્રથમ પગથિયું છે.

રહસ્યોની ગોપનીયતા

રાવણે સૌથી મહત્વની વાત કરી મેં મારા મૃત્યુનું રહસ્ય (નાભિમાં અમૃત) મારા ભાઈ વિભીષણને જણાવ્યું હતું. ભલે તે મારો ભાઈ હતો, પણ અંતે એ જ વાત મારા વિનાશનું કારણ બની.

જીવનના ઊંડા રહસ્યો અને તમારી નબળાઈઓ ક્યારેય કોઈની સાથે વહેંચવી જોઈએ નહીં. અંગત બાબતોની

ગોપનીયતા જ તમારી સુરક્ષા છે.

આ પ્રસંગ એ વાતની સાક્ષી પૂરે છે કે કર્મનો સિદ્ધાંત કેટલો ન્યાયી અને કઠોર છે. રાવણ મહાન પંડિત હતો, શિવભક્ત હતો અને અપ્રતિમ યોદ્ધો હતો, પરંતુ તેના માત્ર એક અહંકાર અને પર સ્ત્રી પ્રત્યેના મોહ એ તેના વર્ષોના પુણ્યોને ભસ્મ કરી દીધા.

ભગવાન રામે લક્ષ્મણને રાવણ પાસે મોકલીને જગતને એ પણ શીખવ્યું કે દુશ્મન ભલે ગમે તેટલો ખરાબ હોય, પણ તેના સદગુણો અને જ્ઞાનનો સ્વીકાર કરવામાં ક્યારેય નાનપ ન અનુભવવી જોઈએ. અંતે, માણસ ગમે તેટલો મોટો જ્ઞાની હોય, પણ જો તેનું 'કર્મ' ખોટું હોય, તો તે જ્ઞાન પણ તેને બચાવી શકતું નથી.

આશરે દસ લાખ લોકો ખાણી પીણી, રેસ્ટોરન્ટ, કાફે, હોટલ ઉદ્યોગ જોડે સંકળાયેલા છે

# શું ગુજરાત અને ભારતમાં બિન ઘરેલુ ગેસના પુરવઠાની અછત ઉભી થઈ છે ? .: ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા

**ગેસ અછત**

એલપીજી ગેસના સપ્લાયને ઈન્ડીયન ઓઈલ, ભારત પેટ્રોલીયમ અને હિંદુસ્તાન પેટ્રોલીયમની ત્રણ સભ્યોની સમીતી દ્વારા રીવ્યુ કરવામાં આવશે

આવશ્યક બિન ઘરેલું સેક્ટર જેવા કે સ્કૂલ, હોસ્પિટલ સિવાયના બિન ઘરેલું સેક્ટરમાં એલપીજી ગેસના સપ્લાયને ઈન્ડીયન ઓઈલ, ભારત પેટ્રોલીયમ અને હિંદુસ્તાન પેટ્રોલીયમની ત્રણ સભ્યોની સમીતી દ્વારા રીવ્યુ કરવામાં આવશે. : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા

બિન ઘરેલું ગેસ માટે ત્રણ સભ્યોની કમિટી સમક્ષ મેઈલ થી ગેસની માંગણી કરી શકાશે જ્યારે સમિતિ સ્વીકારે છે કે દરેકની માંગને નહીં સંતોષી શકાય.: ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા

શું બીજા બિન ઘરેલું સેક્ટરને એલપીજી ગેસના પુરવઠાની સપ્લાય રોકવામાં આવી છે?: ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા

ગેસ અછતને લીધે કાળા બજારીની ફરિયાદો મળી છે. ૧૯૦૨ રૂપિયાના બિન ઘરેલું કોમર્શિયલ સિલિન્ડર ની કાળા બજારીની કિંમત ૨૭૦૦, ૩૦૦૦ અને ૩૫૦૦ રૂપિયાની વસુલાઈ રહી છે. .: ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા આશરે દસ લાખ લોકો ખાણી પીણી, રેસ્ટોરન્ટ, કાફે, હોટલ ઉદ્યોગ જોડે સંકળાયેલા છે, તેમના ઉપર ગંભીર અસર તેવી શક્યતા છે. : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા

ભારત સરકારે એલપીજી ગેસના પુરવઠા મુદ્દે નાગરિકોને માહિતગાર કરવા જોઈએ અને કાળા બજારી રોકવા માટે નકકર પગલાં લેવા જોઈએ.: ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે, વિશ્વમાં વર્તમાન જીઓ-પોલિટિકલ પરિસ્થિતિએ ગુજરાત અને ભારતના એલપીજી ગેસના પુરવઠાના સપ્લાયના મુદ્દે ચિંતા વધારી છે. ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ યુદ્ધ ના કારણે સામાન્ય જનતા વિકટ પરિસ્થિતિમાં મુકાય ગઈ છે. ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી જાહેર સાહસની સંસ્થાના બિન ઘરેલું ગેસના પુરવઠાનાં સપ્લાયના નિર્ણયે ગુજરાત અને ભારતના નાગરિકોને ચોંકાવી દીધા છે. ત્રણે જાહેર સાહસની સંસ્થાઓએ નિર્ણય લીધો છે કે આવશ્યક બિન ઘરેલું સેક્ટર જેવા કે સ્કૂલ, હોસ્પિટલ સિવાયના બિન ઘરેલું સેક્ટરમાં એલપીજી ગેસના સપ્લાયને રીવ્યુ કરવામાં આવશે. શું તેનો મતલબ એ સમજવો કે હાલ પૂરતા બીજા બિન ઘરેલું સેક્ટરને એલપીજી ગેસના પુરવઠાની સપ્લાય રોકવામાં આવી છે ? શું હોટેલ રેસ્ટોરન્ટ, સોપારી ઉદ્યોગો, મેટલ કટિંગ, કાસ્ટીંગ અને કપડા સૂકવવાની પ્રક્રિયા માં વપરાતો ગેસ તે ઉદ્યોગો નહીં મળી શકે? હાલ કોમર્શિયલ સિલિન્ડરના ઉપયોગ માં કાપ મૂકવા માં આવી રહ્યો છે, તો આવનારા સમયમાં ઘરેલું એલપીજી ગેસ અછત ઉભી થવાની છે? બિન ઘરેલું ગેસ માટે ત્રણ સભ્યોની કમિટી રચવામાં આવી છે અને તેમની સમક્ષ મેઈલ થી ગેસની માંગણી કરી શકાશે જ્યારે સમિતિ પોતે સ્વીકારે છે કે દરેકની માંગને નહીં સંતોષી શકાય. ગેસ અછતને લીધે ઘણી જગ્યાએ થી કાળા બજારી ની ફરિયાદો મળે છે. ૧૯૦૨ રૂપિયાના બિન ઘરેલું કોમર્શિયલ સિલિન્ડરની કાળા બજારીની કિંમત ૨૭૦૦,૩૦૦૦ અને ૩૫૦૦ રૂપિયા સુધી પહોંચી ગઈ તેવી વાતો સામે આવી છે. કેટલાક લેભાગુ તત્વો દ્વારા યુદ્ધની પરિસ્થિતિનો દુરુપયોગ કાળાબજારી માટે કરવાનો પ્રયાસ શરૂ થઈ ગયો છે તેને રોકવા સરકારે તાકીદે પગલા લેવા પડશે. બિન ઘરેલું ગેસની સપ્લાય યુદ્ધના લીધે સંપૂર્ણ રીતે અછત ઊભી થઈ છે તે જાહેર સાહસ જેવા કે ભારત પેટ્રોલિયમ, ઈન્ડિયન ઓઈલ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી સંસ્થાઓના નિર્ણય થી ખબર પડે છે. જાહેર સાહસ સંસ્થાઓ દ્વારા વિક્રેતાને અપાતા ૧૦૦ થી ૨૦૦ રૂપિયાના ડિસ્કાઉન્ટને બંધ કરવામાં આવ્યો છે તેવી ફરિયાદ મળી છે. ઘરેલું ગેસને પૂરો થાય પછી ફરી નોંધવાના મુદતના દિવસો ને વધારી ૨૫ કરવામાં આવ્યા છે. બિન ઘરેલું એલપીજી ગેસના પુરવઠાની અછતના લીધે ખાણી પીણી, રેસ્ટોરન્ટ, કાફે, હોટલ ઉદ્યોગ ને ગંભીર અસર થાય તેવી શક્યતા છે. તે ધંધા રોજગાર જોડે આશરે ૧૦ લાખથી વધુ લોકો જોડાયેલા છે તેમના રોજગાર ઉપર ગંભીર અસર થશે.

# ગેરકાયદેસર ગૌહત્યા કરવાના ઈરાદે ગૌવંશની હેરાફેરી કરનાર ઈસમોનો પર્દાફાસ કરી

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર



ગેરકાયદેસર ગૌહત્યા કરવાના ઈરાદે ગૌવંશની હેરાફેરી કરનાર ઈસમોનો પર્દાફાસ કરી ચાર ગૌવંશ તથા પીકઅપ ને પકડી પાડવામા લુણાવાડા ટાઉન પોલીસને મળેલ સફળતા" જે દરમ્યાન એ.એસ.આઈ વિજયસિંહ શીવબાલકસિંહ નાઓને તેઓના અંગત બાતમીદારથી બાતમી મળેલ કે એક પીકઅપ ગાડી નંબર GJ-35 T-3306 માં ગાયો ભરીને સોનેલા તરફ થી લુણાવાડા તરફ જનાર છે તેવી બાતમી હકીકતના આધારે લુણાવાડા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફના માણસોને મધુવન સોસાયટી સામે મોડાસા લુણવાડા હાઈવે રોડ ઉપર આવેલ અદાણી પેટ્રોલ પંપ પાસે વોચ તપાસમા હતા તે દરમ્યાન વહેલી સવારના અંધારામા સોનેલા ગામ તરફથી ઉપરોક્ત પીકપ ગાડી પુરઝડપે આવતું જણાતાં સદર વાહન અમોને આવતા જોઈ પુરઝડપે ગાડી ભગાડી ગયેલ હોય ગયેલ હોય જેથી પોલીસ સ્ટાફના માણસો સદરહુ પીકઅપ ડાલાનો ફીલ્મીઢબે પીછો કરતા લુણાવાડા મોડાસા ફળી ખાતે ગલીમા મુકીને પીકઅપ ડાલમાંથી પાંચ ઈસમો ભાગી ગયેલ જેથી પંચો રૂબરૂ પીકઅપ ડાલાના પાછળના ભાગે જોતાં કુલ-૦૪ નંગ ગાયો આશરે પાંચ થી આઠ વર્ષની ઉંમરની ગાયો કુરતાપુર્વક નાના દોરડાથી બાંધેલ હાલતમાં મળી આવેલ હોય જેમાં એક ગાય મરણ ગયેલ જે એક ગાયની કિ.રૂ.૧૦,૦૦૦/- લેખે કુલ નંગ -૦૪ ગાયોની કિ .રૂ.૪૦,૦૦૦/- ગણી પીકઅપ ગાડીમા ડ્રાઈવરની સીટ ઉપરથી એક વીવો કંપનીનો વાદળી કલરનો મોબાઈલ ફોન મળી આવેલ જે મોબાઈલ ફોનની કં રૂ ૫,૦૦૦/- ગણી તેમજ મહેન્દ્રા પીકઅપ ગાડી નંબર GJ-3ST-3306 ની કીંમત રૂપીયા ૧,૫૦,૦૦૦/-ગણી કુલ્લે કીમત રૂપિયા. ૧,૯૫,૫૦૦/- ના મુદ્દામાલ મુકી ભાગી ગયેલ હોય તેઓના વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ ૨૮૧ તથા પશુ ઘાતકીપણુ અટકાવવાના ૧૯૬૦ ના અધીનિયમની કલમ ૧૧ ડી.ઈ.એફ તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિનીયમ ૧૯૫૪ ની કલમ ૫.૬.૮ તથા સુધારા અધિનીયમ ૨૦૧૭ ની કલમ ૫ (૧) ડી ૬ (એ) ૮ (૪),૧૦ તથા જીપી એક્ટ કલમ ૧૧૯ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

# ઓલપાડ તાલુકા નાં મોરથાણ ગામે યોજાયેલ મફત આરોગ્ય નિદાન કેમ્પમાં દર્દીઓ ઉમટી પડ્યા

## સુરતની સી.ડી.પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથિક મેડિસિન એન્ડ હોસ્પિટલ દ્વારા કેમ્પનું આયોજન

• ઓલપાડ,તા.૧૦

ઓલપાડ તાલુકાનાં મોરથાણ ગામે યોજાયેલ મફત આરોગ્ય નિદાન કેમ્પમાં વિવિધ રોગના દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો. મોરથાણ ગામે કપિલેશ્વર મહાદેવ મંદિર હોલ ખાતે સુરત શહેરની સી.ડી.પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથિક મેડિસિન એન્ડ હોસ્પિટલ દ્વારા આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં હોસ્પિટલના વિવિધ રોગના નિષ્ણાંત તબીબોએ મોરથાણ સહિત આજુબાજુના ગામના દર્દીઓને વિના મૂલ્યે હૃદય રોગ,બ્લડ પ્રેશર, ફેફસાંના દમ અને અસ્થમાં રોગો, ડાયાબિટીસ,સાંધાનાં દુ:ખાવા, ત્વચાનાં રોગ અને સ્ત્રી માસિક સંબંધિત રોગોની તપાસ કરી હતી. આ કેમ્પમાં ઉપસ્થિત ડો. જીલ્સા અલ્પેશ ભાઈ સુરતીએ કહ્યું કે,અમોએ હોસ્પિટલ થકી તમામ રોગના આરોગ્યની વિના મૂલ્યે તપાસ કરી છે.જયારે દર્દીઓના તમામ




પ્રકારનાં બ્લડ અને યુરિન રિપોર્ટ,એક્સ-રે અને સોનોગ્રાફીનું પરીક્ષણ ૫૦ ટકા રાહત દરથી કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગામના સરપંચ જયપ્રકાશ દેસાઈએ આ કેમ્પમાં હોસ્પિટલ ના તબીબો સહિત મેડિકલ સ્ટાફે વિના મૂલ્યે સેવા આપવા બદલ ગ્રામજનો વતી સૌને અભિનંદન આપી આભાર વ્યક્ત કર્યો હતો.

# IADVL અને APSI વાળ ટ્રાન્સપ્લાન્ટ અને સૌંદર્યલક્ષી પ્રક્રિયાઓ અંગે ચેતવણી આપે છે

દર્દીઓની સલામતી અંગે ચિંતા વ્યક્ત કરો, કડક નિયમોની માંગ કરો તારેશ સચદેવા - નવી દિલ્હી, 10 માર્ચ, 2026. દેશમાં વાળ ટ્રાન્સપ્લાન્ટ અને કોસ્મેટિક પ્રક્રિયાઓની ઝડપથી વધતી સંખ્યા વચ્ચે, અગ્રણી તબીબી સંસ્થાઓ, ઈન્ડિયન એસોસિએશન ઓફ ડર્મેટોલોજિસ્ટ, વેનેરિયોલોજિસ્ટ્સ એન્ડ લેપ્રોલોજિસ્ટ્સ (IADVL) અને એસોસિએશન ઓફ પ્લાસ્ટિક સર્જન્સ ઓફ ઈન્ડિયા (APSI) એ દર્દીઓની સલામતી અને તબીબી ધોરણો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. દિલ્હી પ્રેસ ક્લબ ખાતે આયોજિત સંયુક્ત પત્રકાર પરિષદમાં, નિષ્ણાતોએ જણાવ્યું હતું કે તાજેતરના વર્ષોમાં ત્વચા, વાળ અને અન્ય સૌંદર્યલક્ષી સારવારની માંગ ઝડપથી વધી છે. વધુમાં, સોશિયલ મીડિયા અને ઓનલાઈન પ્લેટફોર્મ પર 'ઓનલાઈન ત્વચારોગ વિજ્ઞાની' નામનો ઉપયોગ કરીને ભ્રામક જાહેરાતો અને પર્યાપ્ત તબીબી લાયકાત વિના લોકો દ્વારા દર્દીઓની સારવાર કરવામાં આવી રહી હોવાના કિસ્સાઓ પણ સામે આવી રહ્યા છે, જે દર્દીઓના સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો ઉભો કરી શકે છે. નિષ્ણાતોના મતે, વાળ ટ્રાન્સપ્લાન્ટેશન એક જટિલ તબીબી પ્રક્રિયા છે જેને ત્વચા જીવવિજ્ઞાન, વાળ સંબંધિત રોગો, ચેપ નિયંત્રણ અને સંભવિત ગૂંચવણોના સંચાલનની ઊંડી સમજની જરૂર છે. તેથી, આ પ્રક્રિયા ફક્ત તાલીમ પામેલા અને નોંધાયેલા તબીબી વ્યાવસાયિકો દ્વારા જ કરવી જોઈએ.

સ્થાનિક લોકો યોગ ટ્રેનર બની આત્મનિર્ભર બને તેવો રાખવામાં આવ્યો હતો

# વડદલા ખાતે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત ભવ્ય યોગ શિબિર સંપન્ન

• ભરૂચ

ગુજરાત સરકાર દ્વારા જનતાનાં સ્વાસ્થ્યને સુધારવા અને રાજ્યને મેદસ્વિતા મુક્ત બનાવવા માટે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ સંકલ્પને સાકાર કરવાનાં ભાગરૂપે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ભરૂચના વડદલા ગામમાં આવેલા મજદૂર કલ્યાણ કેન્દ્ર ખાતે એક વિશેષ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ યોગ શિબિરનો પ્રારંભ વડદલા ગામ અને ભરૂચ તાલુકાનાં વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. જેમાં ભાજપ પ્રમુખ, વડદલા ગામનાં પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ તેમજ બ્રહ્મકુમારી સંસ્થાનાં પ્રતિનિધિઓ, સંસ્કૃતિ સેવા સમાજ સમિતિ, સર્વ હેપ્પીનેસ ફાઉન્ડેશન નાં ફાઉન્ડર, જન હિતાર્થ ચેરિટેબલ ટ્રસ્ટ અને આર.એસ.એસ.ના સ્વયં સેવકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને વેગ આપ્યો હતો.વડદલા ખાતે યોજાયેલી આ શિબિરમાં ગ્રામજનો અને આસપાસનાં વિસ્તારમાંથી ૩૫૫થી વધુ સાધકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ શિબિરનો મુખ્ય હેતુ વડદલા ગામનાં દરેક ઘર સુધી યોગ પહોંચાડવાનો અને સ્થાનિક લોકો યોગ ટ્રેનર બની આત્મનિર્ભર બને તેવો રાખવામાં આવ્યો હતો, જેથી લોકો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે સશક્ત બની




શકે. સમગ્ર શિબિરનું સંચાલન અને માર્ગદર્શન ભરૂચના ઝોન કોર્ડિનેટર ડો. પારુલબેન પટેલ અને જિલ્લા કોર્ડિનેટર બિનીતા પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન ઉપસ્થિત તમામ સાધકોને વિવિધ પ્રકારનાં યોગાસનો, યોગિક ક્રિયાઓ, પ્રાણાયામ અને હાસ્ય યોગની ક્રિયાઓ કરાવીને યોગનાં મહત્વ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમનું સમાપન ધ્યાન (મેડિટેશન) દ્વારા શાંતિપૂર્ણ માહોલમાં થયું હતું.

આ શિબિરની સફળતા પાછળ જિલ્લા કોર્ડિનેટર બિનીતા પ્રજાપતિ અને ઝોન કોર્ડિનેટર ડો. પારુલબેન પટેલની કુશળ નેતૃત્વ શક્તિ રહેલી છે. તેમની સાથે જોડાયેલા યોગ ટ્રેનરોએ ખૂબ જ ધીરજ અને ચોકસાઈપૂર્વક દરેક સાધકને યોગનાં અભ્યાસમાં મદદ કરી હતી. પાયાનાં સ્તરે યોગનો પ્રચાર-પ્રસાર કરવાની તેમની આ નિષ્ઠા અને મહેનત ખરેખર બિરદાવવા લાયક છે.

# આદિવાસીઓની જમીન સુરક્ષીત રહે, ૭૩ એએ ના કાયદાની અમલવારી પૂરેપૂરી થાય

## કલેક્ટર હજારો કરોડનું કૌભાંડ કરતા હોય એની પાછળ કોણ છે ? કોના દબાણ હેઠળ કલેક્ટર કામ કરી રહ્યા છે ?

આજરોજ વિધાનસભા ગૃહમાં મહેસુલ વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર એ. ચૌધરીએ જણાવ્યું હતું કે, સરકારમાં જિલ્લાના વહીવટી વડા તરીકે કલેક્ટર બિરાજમાન હોય છે અને તેમના નેજા હેઠળ જિલ્લાનો તમામ વહીવટ પણ થતો હોય છે ત્યારે ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં જે નગરપાલિકાઓ આવેલી છે તે આદિવાસી વિસ્તારની અંદર મોટા શહેરો આવેલા છે તેમાં મોટાપાયે આદિવાસીઓની જમીન વિલથી કે વારસાઈ કરાવીને લખાવી લેવામાં આવે છે ત્યારબાદ તેને એન.એ. કરાવવામાં આવે છે અને એન.એ. કરાવ્યા બાદ ત્યાં મોટી-મોટી સોસાયટીઓ બનાવવામાં આવે છે, બિલ્ડીંગો બનાવવામાં આવે છે. આવા કિસ્સામાં જ્યારે આદિવાસી ફરિયાદ કરવા માટે જાય ત્યારે મામલતદારની કોર્ટમાં જીતી જાય, ડેપ્યુટી કલેક્ટરની કોર્ટમાં જીતી જાય, કલેક્ટરમાં પણ જીતી જાય, તો મહેસુલ પંચ સુધી પહોંચે તેમાં પણ આદિવાસી જીતી જાય તો હાઈકોર્ટમાંથી સ્ટે લાવીને દસ-વીસ વર્ષ સુધી આ સ્ટે પર કોઈ કાર્યવાહી થતી નથી, જેથી જે આદિવાસીએ જમીન ગુમાવી હોય એને ન્યાય મળતો નથી. ઘણા કિસ્સામાં એવું પણ બને છે કે, આદિવાસી મામલતદાર કોર્ટમાં જીતી જાય અને ડેપ્યુટી કલેક્ટરની કોર્ટમાં હારી જાય. ઘણા કિસ્સામાં એવું બને છે કે, મામલતદાર કોર્ટમાં પણ જીતી જાય, ડેપ્યુટી કલેક્ટરમાં પણ જીતી જાય તો કલેક્ટરમાં કેસ હારી જાય. ઘણાં કિસ્સામાં એવું બને છે કે, મામલતદારમાં જીતે, ડેપ્યુટી કલેક્ટરમાં જીતે, કલેક્ટરમાં જીતે તો મહેસુલ પંચમાં હારી જાય. મારો પ્રશ્ન એ છે કે, જમીન એક છે, મહેસૂલ વિભાગનો કાયદો એક છે તો આવી રીતે અધિકારીઓ ઉલટ-સુલટ જજમેન્ટ આપે તો જે અધિકારી ખોટું જજમેન્ટ આપતો હોય તો તેની જવાબદારી કોઈ બને કે ના બને ? કારણ કે અત્યારે મોટાપાયે એક ઘટનાક્રમ ચાલી રહ્યો છે. હાઈકોર્ટે એક રૂલિંગ આપેલું હતું કે કોઈપણ પૂર્વ કલેક્ટર હોય, પૂર્વગામી કલેક્ટરના નિર્ણયનો સુઓમોટો નિર્ણય તત્કાલીન કલેક્ટરે કરવો હોય તો એ ત્રણ વર્ષની અંદર જ કરવો પડે. આ છટકબારીનો લાભ લઈને આજે પરિસ્થિતિ એવી ઉભી થઈ છે કે, આદિવાસીઓની જમીનને રક્ષણ કરવા માટેનો ૭૩એએનો જે કાયદો હતો તે કાયદો આજે આ નિર્ણયને કારણે વાસ્તવમાં ટકી શકે એવો નથી. ૩ વર્ષ પહેલાં ખોટું થયું હોય, ૧૦ વર્ષ પહેલાં ખોટું થયું હોય કે ૩૦ વર્ષ પહેલાં ખોટું થયું હોય, ખોટું એ ખોટું જ છે. મારી સરકારશ્રીને વિનંતી છે કે, આદિવાસીઓની જમીન સુરક્ષીત રહે, ૭૩એએ ના કાયદાની અમલવારી પૂરેપૂરી થાય તે જોવું અત્યંત જરૂરી છે. ઘણા કિસ્સામાં બે-ત્રણ કરોડના દંડની એન્ટ્રી જમીનમાં પડી ગઈ છે પણ એ દંડની વસુલાત કરવાની કોઈ કાર્યવાહી થતી નથી અને જેના ઉપર દંડ કરવામાં આવેલ છે એની સામે પણ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી, જેના કારણે આદિવાસીને આવા કિસ્સામાં ન્યાય મળતો નથી.

ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, દાહોદ જિલ્લામાં નકલી કલેક્ટર કચેરી પકડાઈ, નકલી કલેક્ટર કચેરીમાંથી રૂ. ૨ હજાર કરોડ જેટલી કિંમતની જમીનના એન.એ.ના ઓર્ડર થઈ ગયા તો પણ સરકારને ખબર જ ના પડી ? ગાંધીનગરના કલેક્ટર રૂ. ૨૦ હજાર કરોડના જમીન કૌભાંડમાં જેલમાં છે. સુરતમાં જે જમીનની વર્તમાન બજાર કિંમત રૂ. ૨ હજાર કરોડ જેટલી થવા જાય છે તે જમીન ૧૯૫૬માં શ્રી સરકાર બોલતી હતી એ જમીનમાં ૩૦ જેટલા નામો કલેક્ટરશ્રી, સુરતે ચડાવી દીધા. સરકારે તુરંત કાર્યવાહી કરીને કલેક્ટરને તો સસ્પેન્ડ કરી દીધા પરંતુ જમીનનું શું થયું ? તે મોટો પ્રશ્ન છે. સુરેન્દ્રનગર જિલ્લાના કલેક્ટર રૂ. ૧૫૦૦ કરોડના જમીન કૌભાંડમાં જેલમાં છે ફરિયાદીને સરકાર ઉપર વિશ્વાસ નહોતો એટલે સીધો એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટમાં ફરિયાદ કરવામાં આવી.

**કોંગ્રેસ સુસજ્જ**

ઇચ્છુક ઉમેદવારો માટે ડિજિટલ QR Code લોન્ચ

# સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણીઓ માટે કોંગ્રેસ સુસજ્જ, ઈચ્છુક ઉમેદવારો માટે ડિજિટલ QR Code લોન્ચ

## પ્રદેશ પ્રમુખશ્રી અમિત ચાવડા અને વિધાનસભા વિપક્ષનેતા ડૉ. તુષાર ચૌધરીની સંયુક્ત પત્રકાર વાર્તા

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે કોંગ્રેસ પક્ષના સંભવિત ઉમેદવારોની પસંદગી માટે ૧૧ માર્ચથી ૨૦ માર્ચ સુધી સમગ્ર ગુજરાતમાં રૂબરૂ મુલાકાતનો કાર્યક્રમ યોજાશે, જેમાં મહાનગરો, નગરપાલિકા, જિલ્લા અને તાલુકા સ્તરે ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોને સાંભળીને પેનલ તૈયાર કરવામાં આવશે : શ્રી અમિત ચાવડા મહાનગરપાલિકામાં ઉમેદવારી કરવા માંગતા લોકો QR Code સ્કેન કરી અરજી કરી શકશે : શ્રી અમિત ચાવડા

રાજ્યની પરિસ્થિતિ બદલવી હોય તો સારા, ભણેલા અને પ્રામાણિક લોકો જાહેર જીવનમાં આગળ આવે તે જરૂરી છે. કોંગ્રેસ પક્ષ આવા લોકોને મજબૂત પ્લેટફોર્મ આપવા તૈયાર છે જેથી તેઓ પ્રજાભિમુખ અને પારદર્શક વહીવટ માટે કામ કરી શકે : શ્રી અમિત ચાવડા જન આક્રોશ યાત્રા દરમિયાન સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર અંગે વ્યાપક ફરિયાદો સામે આવી છે અને લોકો પરિવર્તન ઈચ્છી રહ્યા છે. : ડૉ. તુષાર ચૌધરી

મતદાર યાદીમાં મોટા પ્રમાણમાં ખોટા મતદારોના ઘટાડા બાદ આવનારી નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં




આશ્ચર્યજનક પરિણામો જોવા મળશે : ડૉ. તુષાર ચૌધરી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ આજે રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓ યોજાવાની છે. સીમાંકનની પ્રક્રિયાને કારણે આ ચૂંટણીઓમાં વિલંબ થયો હતો, પરંતુ હવે રાજ્યભરમાં ચૂંટણી માટેની તૈયારીઓ પૂર્ણ તબક્કે પહોંચી ગઈ છે.

સમગ્ર ગુજરાતમાં કુલ 15 મહાનગરપાલિકાની 1044 બેઠકો, 34 જિલ્લા પંચાયતની લગભગ 1084 બેઠકો, 262 તાલુકા પંચાયતની 5214 બેઠકો અને 83 નગરપાલિકાની લગભગ 2596 બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. આ રીતે રાજ્યના લગભગ 95% વિસ્તારની આશરે 10,000 જેટલી બેઠકો પર ચૂંટણી યોજાશે.

કોંગ્રેસ પક્ષે ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠન સ્તરે તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. તાલુકા, શહેર, વોર્ડ અને જિલ્લા કક્ષાએ લોકો વચ્ચે જઈ સંવાદ સ્થાપિત કરવામાં આવ્યો છે. મહાનગરોમાં "કોંગ્રેસ આપકે દ્વાર" કાર્યક્રમ દ્વારા લોકોના પ્રશ્નો સાંભળવામાં આવ્યા અને જનતાના સૂચનોના આધારે મેનિફેસ્ટો તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ગુજરાતની મતદાર યાદીમાં વર્ષોથી ગોટાળા ચાલતા હતા. નવા સીમાંકન બાદ બહાર આવેલી યાદીમાં આશરે 70 લાખ જેટલા મતદારોના નામ ઓછા થયા, જે અગાઉની મતદાર યાદીઓમાં બોગસ અને ડુપ્લીકેટ મતદારો હોવાની શંકાને વધુ મજબૂત બનાવે છે.

રાજ્યની મોટા ભાગની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં હાલ ભારતીય જનતા પાર્ટીનું શાસન છે અને આ સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર તથા ગેરવહીવટ વધ્યો છે. રસ્તાઓ, પાણી, સ્વચ્છતા, ટ્રાફિક, પ્રદૂષણ, શિક્ષણ અને આરોગ્ય જેવી પ્રાથમિક સુવિધાઓ પૂરું પાડવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. પ્રજાના ટેક્સના પૈસાનો દુરુપયોગ થઈ રહ્યો છે અને લોકો પરેશાન થઈ રહ્યા છે.

ગુજરાતના 15 મહાનગરોમાં ઉમેદવારી ઈચ્છતા લોકો માટે ઓનલાઈન ક્યુઆર કોડ દ્વારા અરજી કરવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. ક્યુઆર કોડ સ્કેન કરીને ઉમેદવારો પોતાની વિગતો સાથે ફોર્મ ભરી શકશે. ત્યારબાદ 11 થી 20 માર્ચ દરમિયાન તેમની રૂબરૂ મુલાકાત લઈને પેનલ તૈયાર કરવામાં આવશે.

**ખાનગી વિકાસ મોડેલ : શૈલેષ પરમાર**

# સરકારી વીજમથકો/માલિકીના IPPS માં ૨૫ વર્ષમાં ૨૯૨૨ મે.વો. વધારો થયો

**સામે ફક્ત ૮૧ મી.યુ.નો જ વધારો થયો છે**

## રાજ્ય સરકારના ત્રણ કમાઉ દીકરા - અદાણી, ટોરેન્ટ અને ટાટા

આજરોજ વિધાનસભા ગૃહમાં ઊર્જા વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતા વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષભાઈ પરમારે જણાવ્યું હતું કે, રાજ્યમાં સરકારી વીજમથકોની ઉત્પાદન ક્ષમતા વર્ષ ૨૦૦૧-૦૨માં ૪,૫૧૩ મે.વો. હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં ૬,૬૭૦ મે.વો. થઈ છે એટલે ૨,૧૫૭ મે.વો. ઉત્પાદન ક્ષમતામાં વધારો નોંધાયો છે. રાજ્યની માલિકીના IPPS વીજમથકોની ઉત્પાદન ક્ષમતા વર્ષ ૨૦૦૧-૦૨માં ૧,૧૩૧ મે.વો. હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧,૮૯૬ મે.વો. થઈ છે એટલે રાજ્યની માલિકીના IPPS વીજમથકોની ઉત્પાદન ક્ષમતામાં ૭૬૫ મે.વો.નો વધારો નોંધાયો છે. આમ, સરકારી અને IPPS વીજમથકોની ઉત્પાદન ક્ષમતામાં ૨,૯૨૨ મે.વો.નો વધારો નોંધાયો છે. રાજ્યમાં ખાનગી વીજમથકોની ઉત્પાદન ક્ષમતા વર્ષ ૨૦૦૧-૦૨માં ૧,૪૪૫ મે.વો. હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં ૭,૬૪૧ મે.વો. થઈ છે એટલે ખાનગી વીજમથકોની ઉત્પાદન ક્ષમતામાં ૬,૨૦૧ મે.વો.નો વધારો નોંધાયો છે. આમ, સરકારી વીજમથકોની ઉત્પાદન ક્ષમતા કરતા ખાનગી વીજમથકોની ઉત્પાદન ક્ષમતામાં ધરખમ વધારો નોંધાયો છે. શું આ જ છે સરકારનું સુશાસન/પારદર્શક વહીવટ ? ભાજપ સરકારનું ખાનગી વિકાસ મોડલ હોય તેમ સ્પષ્ટ જણાય છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ઘરેલુ વીજ વપરાશ ૧૮,૨૪૦ મી.યુ. હતો, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૭,૮૫૯ મી.યુ. થયો છે, એટલે ઘરેલુ વીજ વપરાશમાં ૩૮૧ મી.યુ.નો વધારો થયો છે. ખેતીમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૨,૫૯૨ મી.યુ. વીજવપરાશ સામે ૨૦૨૪-૨૫માં ૨૨,૫૫૧ મી.યુ. વીજવપરાશ થયો છે એટલે ૪૧ મી.યુ.નો ઘટાડો નોંધાયો છે. ઉદ્યોગોમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૭૬,૬૬૦ મી.યુ. વીજવપરાશ સામે ૨૦૨૪-૨૫માં ૭૬,૩૦૩ મી.યુ. વીજવપરાશ થયો છે એટલે ૩૬૩ મી.યુ.નો ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ઘરેલુ વીજ વપરાશ ૧૮,૨૪૦ મી.યુ. હતો, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૭,૮૫૯ મી.યુ. થયો છે, એટલે ઘરેલુ વીજ વપરાશમાં ૩૮૧ મી.યુ.નો વધારો થયો છે. ખેતીમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૨,૫૯૨ મી.યુ. વીજવપરાશ સામે ૨૦૨૪-૨૫માં ૨૨,૫૫૧ મી.યુ. વીજવપરાશ થયો છે એટલે ૪૧ મી.યુ.નો ઘટાડો નોંધાયો છે. ઉદ્યોગોમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૭૬,૬૬૦ મી.યુ. વીજવપરાશ સામે ૨૦૨૪-૨૫માં ૭૬,૩૦૩ મી.યુ. વીજવપરાશ થયો છે એટલે ૩૬૩ મી.યુ.નો ઘટાડો નોંધાયો છે. રાજ્ય સરકારના અદાણી, ટોરેન્ટ અને ટાટા એમ ત્રણ કમાઉ દીકરા છે. રાજ્ય સરકારે આવી ખાનગી વીજ કંપનીઓ પાસેથી વર્ષ ૨૦૨૧માં રૂ. ૧૨,૧૮૬ કરોડ, ૨૦૨૨માં રૂ. ૨૦,૮૯૮ કરોડ, ૨૦૨૩માં રૂ. ૧૯,૭૩૬ કરોડ, ૨૦૨૪માં રૂ. ૪૪,૩૯૯.૨૯ કરોડ અને ૨૦૨૫માં રૂ. ૨,૩૪,૫૪૧.૪૪ કરોડ એમ પાંચ વર્ષમાં કુલ રૂ. ૩,૩૧,૭૬૦.૭૩ કરોડની વીજ ખરીદી કરી છે. ફિક્સ ચાર્જ પેટે વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં રૂ. ૧,૬૧૨ કરોડની રકમ ફિક્સ ચાર્જ પેટે ચૂકવવામાં આવી છે. વીજડ્યુટી દર ઘરવપરાશ માટે ગ્રામ્ય વિસ્તારોમાં ૭.૫% અને શહેરી વિસ્તારોમાં ૧૫% છે. રાજ્ય સરકાર માટે સહુ પ્રજા સમાન છે ત્યારે વીજ ડ્યુટી દરમાં ભેદભાવ કેમ રાખી રહી છે ? તેની સ્પષ્ટતા સરકાર કરે. કે.જી. બેસીનમાંથી ગેસ મેળવવા માટે રાજ્ય સરકારે રૂ. ૧૩,૬૨૦.૩૪ કરોડ અને અન્ય ખર્ચ સાથે કુલ રૂ. ૨૦ હજાર કરોડનો ખર્ચ કર્યા પછી એકપણ રૂપિયાનો ગેસ રાજ્ય સરકાર પેદા કરી શકી નથી. કે.જી. બેસીનનો પ્રોજેક્ટ GSPCએ એકપણ રૂપિયાની રકમ લીધા વગર ONGC કંપનીને હસ્તક કરી દીધો છે.

# મોડાસાથી ગોધરા જતી કારમાંથી આશરે ૮૮૫ કિલો ગૌ માંસ સાથે એક આરોપીને ઝડપી પાડતી મહીસાગર એલસીબી

• વીરભદ્રસિંહ સીસોદિયા
મહીસાગર

ગેરકાયદેસર રીતે પશુ કતલ અને ગૌ માંસની હેરફેર સામે ચલાવવામાં આવેલી કાર્યવાહી દરમિયાન એલ.સી.બી. પોલીસે એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. મોડાસાથી ગોધરા તરફ જતી એક કારમાંથી આશરે ૮૮૫ કિલો ગૌ માંસ સાથે એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે.

ગેરકાયદેસર રીતે પશુઓની કતલ તથા ગૌ માંસના વેપારને રોકવા માટે અલગ અલગ ટીમો રચવામાં આવી હતી.

દરમિયાન એ.હે.કો. ધર્મેશભાઈ રમણલાલને મળેલી બાતમીના આધારે એક હોડા સી.આર.વી. કાર મોડાસાથી ગેરકાયદેસર રીતે ગૌ માંસ ભરી ગોધરા તરફ જતી હોવાની માહિતી મળી હતી. આ બાતમીના આધારે એલ.સી.બી. સ્ટાફે લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચારકોશિયા નાકા પાસે બાતમી મુજબની ગાડીની વોચ ગોઠવી હતી.

આ દરમિયાન બાતમીવાળી કાર આવતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ




કર્યો હતો, પરંતુ ચાલકે ગાડી રોકી નહોતી અને ગોધરા તરફ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ પોલીસે પીછો કરીને લુણાવાડા એસ.ટી. વર્કશોપ સામે ગાડી રોકી એક આરોપીને ઝડપી લીધો હતો.

પોલીસે કારની તપાસ કરતા ગાડીની સીટ તેમજ ડીકીમાં અલગ અલગ પ્લાસ્ટિકના મીણિયાના કોથળાઓમાં પશુનું માંસ ભરેલું હોવાનું જણાયું હતું. આ અંગે FSL પરીક્ષણ કરાવતા તે ગૌ માંસ હોવાનું પુષ્ટિ થયું હતું.

આ કામગીરી દરમિયાન પોલીસે આશરે ૮૮૫ કિલો ગૌ માંસ (કિંમત રૂ.૧,૭૭,૦૦૦) તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૩,૮૨,૦૦૦નો જપ્ત કર્યો હતો. આ અંગે લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પકડાયેલ આરોપી, શાહીદ સાદીક હયાત ( રહે ઈદગાહ મહોલ્લા પંચમહાલ ગોધરા ખાતે )

# રોકાણના નામે છેતરપિંડી, બોગસ કંપની બનાવી મિત્રો સાથે લાખોની છેતરપિંડી

• અમદાવાદ

અમદાવાદના એક વેપારી અને તેના મિત્રને ભેજાબાજે કંપનીમાં રોકાણ કરાવી દર મહિને બે ટકા લેખે વળતર આપવાની લાલચ આપી 5 લાખ રૂપિયાની છેતરપિંડી કરી હોવાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાવી છે. મહત્ત્વનું છે કે, ભેજાબાજે પાલડીના એક વેપારી અને મિત્રને લાલચ આપી હતી કે, તેની પિતૃકૃપા મોટર લિમિટેડ નામની કંપની છે તેવું કહીને સ્ટેમ્પ પેપર પર લખાણ કરાવીને 5 લાખ રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું. આ પછી યુવક પાસે રૂપિયા પાછા માગતા તેને ના આપતા વેપારીએ પાલડી પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

પાલડીમાં રહેતા 59 વર્ષીય જનકસિંહ પરમારને જુની ગાડી વેચીને નવી ગાડી લેવાની હતી. ત્યારે તેમની મુલાકાત તકશીલ શાહ નામના શખસ સાથે થઈ હતી. આ દરમિયાન તકશીલે એવું કહ્યું હતું કે 'પિતૃકૃપા મોટર લિમિટેડ નામની તેની કંપની છે એમાં લોકો રોકાણ કરવાની તક આપે છે અને તેમને તે દર મહિને બે ટકા લેખે વળતર આપે છે.' આ વાતમાં આવી જઈ જનકસિંહ અને તેમના મિત્રએ પાંચ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું જેનું વળતર અને રૂપિયા પાછા ન મળતા તેમણે અંતે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આરોપી તકશીલ શાહે પોતાની ઓળખ પિત્રુકૃપા મોટર્સ લિમિટેડ કંપનીના ડાયરેક્ટર તરીકે આપી હતી. તેણે જનકસિંહ અને તેમના મિત્ર ભૂપેન્દ્ર પંચાલને દર મહિને 2% નફાની લાલચ આપી રોકાણ કરવા લલચ આપી હતી. જે બાદ વિશ્વાસમાં આવીને જનકસિંહે 3 લાખ અને ભૂપેન્દ્રભાઈએ 2 લાખ મળી કુલ 5 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું અને તેની નોટરી પણ કરવામાં આવી હતી. આ પછી નક્કી કરેલા સમયમાં વળતર મળ્યું નહોતું. આ પછી તકશીલ અને તેની કંપની અંગે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ નામની કોઈ કંપની જ નથી. જે બાદ ખોટી કંપનીના નામે છેતરપિંડી કરી રૂપિયા પડાવી લેનાર તકશીલ શાહ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# મનોદિવ્યાંગજનો માટે યોજાયેલ ડાન્સ ફેસ્ટિવલ



નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડો.હરિકૃષ્ણ ડાહ્યાભાઈ સ્વામી સ્કુલ ફોર ઈન્ટેલેકટચયુઅલ ડિસેબલ્ડ નાં 34 માં સ્થાપના દિન નિમિતે, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી નાં આર્થિક સહયોગ થી શહેર નાં દિનેશ હોલ માં મનોદિવ્યાંગ લાભાર્થીઓ માટે ડાન્સ ફેસ્ટિવલ નું આયોજન બપોરે 3 કલાકે તા.8/3/26ને રવિવાર નાં રોજ કરેલ. જેમાં શહેર નાં 100 જેટલા મનોદિવ્યાંગ લાભાર્થીઓ 28 સોલો અને 6 ગ્રુપ ડાન્સ પરફોર્મ કરેલ. આ ડાન્સ ગણેશ વંદના, શિવ તાંડવ, ભક્ત પ્રહલાદ, ભગત ગોરાકુંભાર, સમુદ્ર મંથન, રાજસ્થાની લોકનૃત્ય, ગરબા, બોલીવુડ થીમ, પંજાબી ડાન્સ જેવા વિવિધ થીમ ને આધીન હતા. સમાજ ને મનોદિવ્યાંગો ની એબીલીટી થી જાગૃત કરવા અને હમ ભી કીસી સે કમ નહી ની ભાવના મનોદિવ્યાંગ લાભાર્થીઓ માં આવે એનાં ભાગ રૂપે આ ફેસ્ટિવલ નું આયોજન સંસ્થા એ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર નાં આર્થિક સહયોગ થી કરેલ છે.

**રાણીપમાં રાત્રે પથ્થરમારો**

# એક જ સમાજના બે જૂથે સામાન્ય બાબતમાં સામ સામે પથ્થર ફેંક્યા, રોડ પર પાર્ક વાહનોના કાચ ફૂટ્યા

• અમદાવાદ

અમદાવાદ શહેરના રાણીપના બલોલનગરમાં ગઈકાલે(9 માર્ચ) રાત્રે સોસાયટીમાં રહેતા એક જ સમાજના બે જૂથ વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી જે બાદ મામલો ઉગ્ર બનતા બંને પક્ષે સામસામે એકબીજા પર પથ્થર ફેંક્યા હતા. બનાવની જાણ થતાં મોટી સંખ્યામાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે 6 લોકોની અટકાયત કરી છે.

બલોલનગરમાં વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા દંતાણી સમાજના બે જૂથ વચ્ચે રાતના સમયે પથ્થરમારો થયો હતો. સોસાયટીમાં રહેતા એક પરિવારના ત્યાં બહારથી કેટલાક



લોકો આવ્યા હતા જેને લઈને બીજા પરિવારે વિરોધ કર્યો હતો. જે બાદ બંને પરિવાર વચ્ચે ઝઘડો થયો હતો. ઝઘડો ઉગ્ર બન્યો હતો જેમાં બંને પરિવારના લોકોએ મારામારી કરી હતી.

ંને પરિવારે સોસાયટીના ગેટ પાસે સામસામે પથ્થરમારો પણ કર્યો હતો. પરિવારની મહિલાઓએ પણ એકબીજા પર પથ્થર ફેંક્યા હતા. બનાવની જાણ થતા રાણીપ પોલીસની 4થી 5 ગાડી સ્થળ પર પહોચી હતી. પોલીસે મામલો થાળે પાડી સ્થળ પરથી જ કેટલાક લોકોની અટકાયત કરી હતી. તમામ લોકોને રાણીપ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.

રાણીપ પોલીસ સ્ટેશનના પીઆઈ કેતન વ્યાસે જણાવ્યું હતું કે બનાવની જાણ થતા પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. એક જ સમાજના લોકો વચ્ચે ઝઘડો થતાં પથ્થરમારો થયો હતો. કોઈને ઈજા પહોંચી નથી. સ્થળ પરથી જ 6 લોકોની અટકાયત કરવામાં આવી છે. આ મામલે હાલ કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

# VMCમાં વહીવટદારનું શાસન:મેયર સહિતના તમામ પદાધિકારીઓની ઓફિસને તાળા;તખ્તીએ પણ હટાવી દેવાઈ



• વડોદરા

વડોદરા મહાનગરપાલિકામાં ચૂંટાયેલી સભ્યોની મુદત પૂર્ણ થતાં આજથી (10 માર્ચ) કોર્પોરેશનમાં વહીવટદારનું શાસન શરૂ થયું છે. નિયમ મુજબ, આજે સવારે પદાધિકારીઓની તમામ ઓફિસો બંધ કરી તાળા મારી દેવામાં આવ્યા છે. આ સાથે તમામના નામની તખ્તી પણ કાઢી લેવામાં આવી છે.

વડોદરા મહાનગરપાલિકાના વહીવટદાર તરીકે પાલિકાના પૂર્વ મ્યુનિસિપલ કમિશનર અને હાલમાં GU-VNLના એમડી શાલિની અગ્રવાલની વહીવટદાર તરીકે નિમણૂક કરવામાં આવી છે. કોર્પોરેશનમાં મેયરના સ્થાને હવે વહીવટદાર ચાર્જ સંભાળશે. મેયર ઓફિસની બહાર તેઓના નામની તખ્તી લગાવવામાં આવી છે. બાકી તમામ ઓફિસની બહારથી તખ્તી હટાવી લેવામાં આવી છે.કોર્પોરેશનમાં મેયર, ડેપ્યુટી મેયર, ચેરમેન, દંડક, શાસક પક્ષના નેતાને ગાડીની ફાળવણી કરવામાં આવે છે. તેઓએ પોતાની ટર્મ પૂર્ણ થતા તમામ ગાડીઓ જમા કરાવી હતી. આ તમામ વાહનોને કોર્પોરેશનના વિહિકલપૂલ ખાતે પાર્ક કરી દેવામાં આવી છે. હવે પદાધિકારીઓએ પોતાની અંગત ગાડીનો ઉપયોગ કરવો પડશે.

સભા સેક્રેટરી ચિંતન દેસાઈએ જણાવ્યું હતું કે,પાલિકામાં હવે વહીવટદારનું શાસન આવતા પાલિકાની તમામ કાર્યવાહી હવે વહીવટદારના અધ્યક્ષ સ્થાને મળશે.સ્થાયી સમિતિની બેઠક, સામાન્ય સભા તમામ બેઠકો હવે વહીવટદારની અધ્યક્ષતામાં મ્યુનિસિપલ કમિશનર અને સેક્રેટરી સાથે યોજવામાં આવશે. જેમાં શહેર માટેના નિર્ણયો લેવામાં આવશે.કોર્પોરેશનની ચૂંટણીઓ ટૂંક સમયમાં જાહેર થાય તેવી શકયતાઓ છે. રાજ્યના ચૂંટણી વિભાગ દ્વારા લગભગ તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે ત્યારે હવે ચૂંટણીઓ ક્યારે જાહેર થાય છે તેની રાહ જોવાઈ રહી છે. આ વખતની ચૂંટણીમાં ગત ટર્મના મોટા ભાગના સભ્યો કપાય તેવી શક્યતા છે. ત્યારે હવે તમામ સભ્યો ચૂંટણીમાં પોતાનું નામ આવે તે માટેની મથામણમાં લાગી જશે.

રિયલ-ટાઈમ

17 મહાનગરપાલિકા-152 નગરપાલિકા આવરી લેવાશે

# ગુજરાતના શહેરોમાં 'લેક એન્ડ એર વોચ' સિસ્ટમ શરૂ થશે:તળાવો અને હવાની ગુણવત્તા પર સેટેલાઈટથી રિયલ-ટાઈમ નજર રખાશે

## ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન (GUDM) દ્વારા તળાવો અને હવાની ગુણવત્તાનું સતત મોનિટરિંગ

• ગાંધીનગર

ગુજરાત સરકાર રાજ્યના શહેરોમાં પર્યાવરણ સંરક્ષણ અને શહેરી વિકાસને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવા જઈ રહી છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન (GUDM) દ્વારા તળાવો અને હવાની ગુણવત્તાનું સતત મોનિટરિંગ સુનિશ્ચિત કરવા 'લેક એન્ડ એર વોચ' પહેલ શરૂ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ દ્વારા રાજ્યના શહેરોમાં તળાવો અને હવાની સ્થિતિ પર રિયલ-ટાઈમ નજર રાખી શકાશે અને પર્યાવરણ સંબંધિત સમસ્યાઓ સામે સમયસર પગલાં લેવા સરળ બનશે.

ઝડપથી વધી રહેલા શહેરીકરણને કારણે શહેરોમાં આવેલા તળાવો પ્રદૂષિત થવાની સમસ્યા, પાણીની ગુણવત્તામાં ઘટાડો અને ભૂગર્ભ જળના કુદરતી રિચાર્જમાં ઘટાડો જેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. સાથે સાથે ગીચ વસવાટવાળા વિસ્તારોમાં હવાની ગુણવત્તા પર પણ અસર જોવા મળી રહી છે. આ પડકારોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા 'લેક એન્ડ એર વોચ' પહેલ અમલમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.



આ પહેલ અંતર્ગત ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા એક સંકલિત ડિજિટલ અને રિયલ-ટાઈમ મોનિટરિંગ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવશે. આ સિસ્ટમમાં રાજ્યના શહેરોમાં આવેલા તળાવો તેમજ હવાની ગુણવત્તા અંગેની માહિતી સતત અપડેટ થતી રહેશે. આ પ્રોજેક્ટ માટે અંદાજિત 10 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

પ્રોજેક્ટ અંતર્ગત સેટેલાઈટ ટેક્નોલોજી અને આધુનિક મોનિટરિંગ સિસ્ટમ દ્વારા તળાવોના વિસ્તાર, પાણીની ગુણવત્તા, ગંદકીના સંકેતો, કાંપ ભરાવ અને શેવાળ જેવા પરિબળોનું વિશ્લેષણ કરવામાં આવશે. જો તળાવોની સ્થિતિમાં કોઈ ગંભીર ફેરફાર જોવા મળશે તો સિસ્ટમ દ્વારા તાત્કાલિક એલર્ટ આપવામાં આવશે જેથી સંબંધિત વિભાગો સમયસર કાર્યવાહી કરી શકે.

તે ઉપરાંત રાજ્યની 17 મહાનગરપાલિકા અને 152 નગરપાલિકા વિસ્તારોમાં એર ક્વોલિટી મોનિટરિંગ પોઈન્ટ્સ સ્થાપિત કરવામાં આવશે. આ ઉપકરણો દ્વારા શહેરોમાં હવાની ગુણવત્તા (AQI) અંગેની રિયલ-ટાઈમ માહિતી પ્રાપ્ત થશે. જો AQIમાં વધારો થશે તો સિસ્ટમ આપમેળે એલર્ટ જનરેટ કરશે, જેના આધારે સ્થાનિક તંત્ર અને સંબંધિત વિભાગો પ્રદૂષણ ઘટાડવા માટે તાત્કાલિક પગલાં લઈ શકશે.

આ પ્રોજેક્ટ અંતર્ગત એક કેન્દ્રિય ડેશબોર્ડ પણ તૈયાર કરવામાં આવશે. જેમાં શહેરોના તળાવો અને હવાની ગુણવત્તા અંગેના મેપ્સ, ટ્રેન્ડ્સ, એલર્ટ અને હાથ ધરાયેલી કામગીરી અંગેની માહિતી ઉપલબ્ધ રહેશે. આથી વિવિધ વિભાગો વચ્ચે સંકલન વધશે અને સમસ્યાઓનું ઝડપથી નિરાકરણ શક્ય બનશે. સાથે સાથે નાગરિકોને પણ પારદર્શક રીતે માહિતી ઉપલબ્ધ થવાથી પર્યાવરણ પ્રત્યે જનજાગૃતિ વધશે. રાજ્ય સરકારનું માનવું છે કે 'લેક એન્ડ એર વોચ' પહેલ શહેરોના તળાવોનું સંરક્ષણ, હવાની ગુણવત્તામાં સુધારો અને આબોહવા પરિવર્તન સામે ટકાઉ શહેરી વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

વડોદરામાં સગીરે પૂરઝડપે કાર હંકારી 3થી વધુ વાહનો ઉડાવ્યા

# આઈસ્ક્રીમ ખાવા પિતાની કાર લઈ નીકળ્યો ને 15 મહિનાના બાળક સહિત 4ને અડફેટે લીધા

ટોળાએ મેથીપાક ચખાડ્યો

## કાર અમિતનગર બ્રિજ નીચે ટેમ્પો સાથે અથડાઈને અટકી ગઈ હતી

• વડોદરા

વડોદરા શહેરમાં ઘરેથી આઈસ્ક્રીમ ખાવા નીકળેલા ધો.12માં અભ્યાસ કરતા 16 વર્ષના સગીરે પૂરઝડપે કાર ચલાવીને 3થી 4 વાહનોને અડફેટે લીધા હતા. 15 મહિનાના બાળક સાથે બાઈક પર જઈ રહેલાં માતા-પિતા, લગ્ન પ્રસંગથી ઘરે જતા માતા-પુત્રની એક્ટિવા સહિત 3થી 4 વાહનોને અડફેટે લીધા હતા. કાર અમિતનગર બ્રિજ નીચે ટેમ્પો સાથે અથડાઈને અટકી ગઈ હતી. આ ઘટનામાં બાળક સહિત 4 લોકોને ઈજાઓ પહોંચી હતી. જેથી વિફરેલા ટોળાએ 16 વર્ષીય સગીરને મેથીપાક ચખાડીને તેની કારમાં તોડફોડ કરી હતી. તે દરમિયાન પોલીસ સ્થળે પહોંચી સગીરને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી.વડોદરા શહેરના અમિત નગર બ્રિજ પાસે મોડી રાત્રે અકસ્માતની આ ઘટના બની હતી. જેમાં પિતાની કાર લઈને બહાર નીકળેલા પુત્રએ ત્રણથી ચાર વાહનોને અડફેટે લીધા હતા. જેમાં 15 મહિનાના બાળક સહિત 4 લોકોને ઈજાઓ પહોંચી હતી. સગીરે અકસ્માત સર્જતા અમિત નગર બ્રિજ પાસે ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. અને લોકોમાં કારચાલક સામે ભારે રોષ જોવા મળ્યો હતો. જેને પગલે લોકોએ 16 વર્ષના સગીરને માર માર્યો હતો આ સાથે જ કારમાં પણ તોડફોડ કરી હતી.

ઘટના સમયે હરણી પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ બાઈક લઈ સ્થળ પરથી પસાર થતા હતા. આ દરમિયાન અકસ્માત જોઈ તે સ્થળ પર પહોંચ્યા હતા. જોકે વિફરેલા ટોળાએ તેને પણ ધક્કે ચડાવીને બાઈકની તોડફોડ કરી હતી. ઘટના બાદ પોલીસ અકસ્માત સર્જનારા સગીરને હરણી પોલીસ મથકે લઈ ગયા હતા. પોલીસની પૂછપરછમાં યુવકના પિતા મુંબઈ ગયા હોવાથી તે કાર લઈને મોટનાથ મહાદેવ રોડ પર આવેલા ઘરેથી આઈસ્ક્રિમ ખાવા નિકળી ગયો હતો. પોલીસે તેના પરિવારજનોની પણ પુછપરછ હાથ ધરી છે. સગીર પોતાની માતાને પૂછ્યા વગર ગાડી લઈને ઘરેથી નીકળી ગયો હતો.



સગીરને જ્યારે પોલીસ સ્ટેશન લઈને આવ્યા ત્યારે તે બે કાન પકડીને માફી માંગતો જોવા મળ્યો હતો. આ સમયે એક વ્યક્તિએ કહ્યું હતું કે, એક જ લાફો મારીશ. સગીર આ સમયે ત્યાં હાજર લોકોને કરગરતો જોવા મળ્યો હતો. જોકે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.ભોગ બનનાર મહિલા હિના પટેલના જણાવ્યા પ્રમાણે તેઓ લગ્ન પ્રસંગ પૂરો કરી શાંતિકુંજ સોસાયટીમાં ઘરે જઈ રહ્યા હતા. ત્યારે પૂરઝડપે આવેલી કારે એક્ટિવાને અડફેટે લીધી હતી. જો કે, સદનસીબે અમે બચી ગયા હતા. જ્યારે ભોગ બનનાર ઉમંગ શાહના જણાવ્યા પ્રમાણે તેઓ તેમના ભાઈના ઘરેથી બાઈક પર નિકળ્યા હતા. તેમની સાથે તેમનું 15 મહિનાનું બાળક અને પત્ની હતાં. અમિત નગર સર્કલ પહેલાં કાકાની પાવભાજી રેસ્ટોરાં પાસે કારે બાઈકને અથડાવી હતી જેમાં તેઓ પટકાયા હતાં.

# ગાંધીનગરમાં રોડ અકસ્માતમાં સુદાનના યુવકનું મોત:એક્ટિવા બેરિકેટ સાથે અથડાયું

## ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હોવાની શક્યતા

• ગાંધીનગર

ગાંધીનગરમાં વાહનચાલકો માટે ડેથ ટ્રેપ સાબિત થઈ રહેલા ઈન્દ્રોડા ગામના કટ પાસે સર્જાયેલા વધુ એક અકસ્માતે માર્ગ સલામતી સામે સવાલો ઊભા કર્યા છે. આ અકસ્માતમાં સુદાનના એક યુવકનું એક્ટિવા બેરિકેટ સાથે જોરદાર અથડાવાથી તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. આ અંગે હાલમાં પોલીસે સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે મૃતક યુવક ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હોવાની શક્યતા છે. હાલ તો પોલીસે તેની ઓળખ માટે કવાયત હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ એક યુવક પોતાની એક્ટિવા પર પસાર થઈ રહ્યો હતો. ત્યારે ઈન્દ્રોડા ગામના કટ પાસે રસ્તા પર મુકવામાં આવેલા બેરીકેટ સાથે તેનું એક્ટિવા પૂરઝડપે અથડાયું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે એક્ટિવા ચાલક હવામાં ફંગોળાઈને રોડ પર પટકાયો હતો.આ



અકસ્માતમાં એક્ટિવા ચાલક યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી ઘટનાસ્થળે જ મોત થયું છે. હાલમાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતા મૃતક યુવક મૂળ સુદાનનો રહેવાસી હતો. તે ગાંધીનગરની કોઈ ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હોવાની શક્યતા છે. પોલીસે હાલ તેના ઓળખ માટે કવાયત હાથ ધરી છે.

ગાંધીનગરના આ ચોક્કસ વિસ્તારમાં અકસ્માતોની સંખ્યા સતત વધી રહી છે. અગાઉના કિસ્સાઓ પર નજર કરીએ તો ઈન્દ્રોડા સર્કલથી આગળ વધતા આવતા કટ પાસે વાહનોની ગતિ બેકાબૂ હોય છે. ગત વર્ષે જ આ વિસ્તારમાં બે અકસ્માતો નોંધાયા હતા, જેમાં એક બાઈક સવાર મોતને ભેટ્યો હતો.

# નિર્લિપ્ત રાયે રાજકોટ રેન્જ IGનો ચાર્જ સંભાળ્યો:રેન્જના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજી

• ગોંડલ

રાજકોટ રેન્જના નવનિયુક્ત IG નિર્લિપ્ત રાયે ચાર્જ સંભાળ્યા બાદ તરત જ એક્શન મોડમાં આવી ગયા હતા. તેમણે રેન્જના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી હતી. ત્યારબાદ, તેઓ સીધા જ ગોંડલ શહેરના B ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા.

ગોંડલ પહોંચતા રાજકોટ જિલ્લા એસ.પી. વિજયસિંહ ગુર્જરે તેમનું સ્વાગત કર્યું હતું. IG નિર્લિપ્ત રાયે પોલીસ સ્ટેશનના તમામ સ્ટાફનો 'રોલ કોલ' લીધો હતો. તેમણે પોલીસ કર્મચારીઓને ફરજ પ્રત્યે નિષ્ઠા રાખવા અને ગુનેગારોમાં પોલીસનો ખોફ જળવાઈ રહે તે માટે કડક સૂચનાઓ આપી હતી.

મીડિયા સાથેની વાતચીતમાં નિર્લિપ્ત રાયે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ માત્ર ગોંડલ પૂરતા મર્યાદિત નથી. તેમણે જણાવ્યું કે, 'હું રાજકોટ રેન્જ હેઠળ આવતા તમામ પોલીસ સ્ટેશનની રૂબરૂ



મુલાકાત લઈશ. આ એક શુભેચ્છા મુલાકાત હતી.'મુલાકાતના અંતે તેમણે સ્થાનિક પત્રકારો સાથે પણ વાતચીત કરી પારદર્શક વહીવટનો સંકેત આપ્યો હતો. નિર્લિપ્ત રાયની આ કાર્યશૈલીથી આગામી સમયમાં રેન્જમાં ગુનેગારો પર કડક કાર્યવાહી થવાની શક્યતા છે.

# મકરપુરા એસટી ડેપોની પાર્સલ અને બુકિંગ ઓફિસ સીઝ:1 કરોડથી વધુનો મિલકત વેરો બાકી હોય મહાનગરપાલિકાની કડક કાર્યવાહી

• વડોદરા

વડોદરા મહાનગરપાલિકા દ્વારા માર્ચના અંત સુધીમાં વેરા વસૂલાતમાં કડકાઈ કરવામાં આવી રહી છે. લક્ષ્યાંક હાંસલ કરવા માટે મિલકતોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે શહેરના મકરપુરા એસટી ડેપો હબનો રૂ. 1 કરોડ 9 લાખનો વેરો બાકી પડતા એસટી ડેપોની મિલકત સીઝ કરી દેવામાં આવી હતી.મહાનગરપાલિકા દ્વારા આજે સવારે એસટી ડેપો ખાતે પહોંચી વિવિધ કચેરીઓને બંધ કરાવવામાં આવી હતી. પાલિકાએ પાર્સલ ઓફિસ, બુકિંગ ઓફિસ, સીસીટીવી ઓફિસ ઉપરાંત કેન્ટિન સહિતની મિલકતો સીઝ કરવામાં આવી હતી અને નોટિસ લગાવવામાં આવી હતી. જેના પગલે એસટી વિભાગના કર્મચારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી.એસટી વિભાગના કર્મચારીઓના જણાવ્યા અનુસાર એસટી વિભાગે પોતાના હિસ્સાનો 4 લાખ ઉપરાંતનો વેરો ભર્યો છે. એસટી હબની બાકીની મિલકત ભાડે આપવામાં આવી છે જે પૈકી કેટલાકનો વેરો બાકી હોઈ શકે. પરંતુ પાલિકાએ એસટી વિભાગની કચેરીઓને સીઝ કરી છે. વેરો ભર્યો છે તેની રિસીપ્ટ પણ ઉપલબ્ધ છે.વડોદરા મહાનગરપાલિકા દ્વારા વેરા વસૂલાતમાં કડકાઈ શરૂ કરવામાં આવી છે. માર્ચ મહિનાના અંત સુધીમાં લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે રોજે રોજ અનેક મિલકતોને સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.

વુડબોલમાં યશ્વી ઉનડકટે જીત્યો બ્રોન્ઝ મેડલ

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિદ્યાર્થિનીએ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ચેમ્પિયનશિપમાં રાજકોટનું નામ રોશન કર્યું

• રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે રમતગમત ક્ષેત્રે એક અત્યંત આનંદના સમાચાર સામે આવ્યા છે. તાજેતરમાં યોજાયેલી All India Inter University Woodball Championship માં યુનિવર્સિટીની ખેલાડી યશ્વી ધર્મેશભાઈ ઉનડકટ એ શાનદાર પ્રદર્શન કરતા સિંગલ સ્ટ્રોક ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. યશ્વી ઉનડકટ રાજકોટની માતૃશ્રી વીરબાઈમા મહિલા કોલેજ (M.V.M.) માં FY B.Com માં અભ્યાસ કરે છે. રાષ્ટ્રીય કક્ષાની આ સ્પર્ધામાં મેડલ જીતીને તેણે યુનિવર્સિટી અને સમગ્ર રાજ્યનું ગૌરવ વધાર્યું છેવિશેષ વાત




એ છે કે આ સફળતા મહિલા દિવસની ઉજવણીના અવસરે પ્રાપ્ત થઈ છે, જે નારી શક્તિ અને રમતગમત ક્ષેત્રે મહિલાઓના વધતા પ્રભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ઓલ ઈન્ડિયા લેવલે મેડલ જીતવો એ યશ્વીની સખત મહેનત અને સમર્પણનું પરિણામ છે. આ સફળતાએ સાબિત કર્યું છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રમતગમત અને સ્પર્ધાના આયોજનમાં સતત પ્રગતિ કરી રહી છે.આ ઝળહળતી સિદ્ધિ બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશી, રજિસ્ટ્રાર તેમજ ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબા દ્વારા યશ્વીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ ઉપરાંત ટીમ મેનેજર જોષી ક્રિષ્ન, M.V.M. કોલેજના પ્રિન્સિપાલ અને શારીરિક શિક્ષણ વિભાગના અધ્યાપકોએ પણ ખેલાડીની સિદ્ધિને બિરદાવી ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ઈન્સ્ટાગ્રામનો પ્રેમ, 21 વર્ષની યુવતીએ 17 વર્ષના સગીરને ભગાડ્યો

## MPની 'મિના' વિરપુરથી 'રાજુ'ને મુંબઈ બાદ સુરત લાવી; રેલવે સ્ટેશન પર ઝડપાઈ ગયાં

• સુરત

કહેવાય છે કે 'પ્રેમ આંધળો હોય છે'! આવો જ એક કિસ્સો સુરતથી સામે આવ્યો છે. એક મધ્યપ્રદેશની 21 વર્ષીય યુવતી અને રાજકોટના વિરપુરનો 17 વર્ષનો સગીર ઈન્સ્ટાગ્રામથી પ્રેમમાં પડ્યા હતાં. ગળાડૂબ પ્રેમ બન્નેએ સાથે જીવવા-મરવાની કસમો પણ ખાઈ હતી. હદ તો ત્યારે થઈ જ્યારે યુવતી સગીરને ભગાડીને સુરત પહોંચી ગઈ. કાયદાની મર્યાદા ઓળંગીને ભાગેલા બન્ને પ્રેમી પંખીડાને સુરત રેલવે પોલીસની શી-ટીમે ઝડપી પાડ્યાં હતાં. મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશની 21 વર્ષીય યુવતી મીના (નામ બદલ્યું છે) અને રાજકોટના વિરપુરનો 17 વર્ષીય સગીર રાજુ (નામ બદલ્યું છે) વચ્ચે દોઢ વર્ષ પહેલા ઈન્સ્ટાગ્રામ દ્વારા મિત્રતા થઈ હતી. બન્ને રોજ એકબીજા સાથે સુખ-દુ:ખ ભરી વાતો કરતા હતાં. આ મિત્રતા ધીરે-ધીરે પ્રેમમાં પરિણમી હતી અને બંનેએ સાથે જીવવા-મરવાના કસમો ખાઈ લીધી હતી. લગ્ન કરવાની અધીરાઈમાં કાયદાથી ઉપર જઈને 6 માર્ચના રોજ યુવતી સગીરને ભગાડી ગઈ હતી. આ વચ્ચે સગીર ઘરે ન મળતા તેના પરિવારે પોલીસમાં જઈ આ બાબતે જાણ કરી હતી. પોલીસે અપહરણની ફરિયાદની નોંધ કરી તપાસ શરૂ કરી હતી. આ વચ્ચે જાણવા મળ્યું કે, સગીરને એક



મધ્યપ્રદેશની યુવતી ભાગાડી ગઈ છે અને બન્ને સુરત રેલવે સ્ટેશન પર પહોંચી ગયાં છે.

સુરત રેલ્વે પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.બી. મીઠાપરાના માર્ગદર્શન હેઠળ વુમન એ.એસ. આઈ. મનિષા મધુકર અને તેમની શી-ટીમ પ્લેટફોર્મ નં-1 પર પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન જનરલ વેઈટિંગ રૂમમાં એક યુવતી અને સગીર ગભરાયેલી હાલતમાં બેઠેલા જણાતા પોલીસને શંકા ગઈ હતી. પોલીસે જ્યારે તેમની પૂછપરછ કરી ત્યારે સત્ય બહાર આવ્યું હતું કે સગીર રાજુ ગુમ થતા તેના પરિવારે વિરપુર પોલીસ સ્ટેશનમાં અપહરણનો ગુનો નોંધાવ્યો હતો. સુરત રેલ્વે પોલીસે તાત્કાલિક વિરપુર પોલીસનો સંપર્ક કરી વિગતો મેળવી હતી. 9 માર્ચે મોડીરાત્રે વિરપુર પોલીસના મહિલા એ.એસ.આઈ. નેહાબેન અને પોલીસ કોન્સ્ટેબલ રાકેશભાઈ સુરત આવી પહોંચ્યા હતા. સુરત રેલવે પોલીસે જરૂરી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી સગીર અને યુવતીનો કબજો વિરપુર પોલીસને સોંપ્યો હતો. આમ, સુરત રેલવે પોલીસની સતર્કતાને કારણે એક સગીરને તેના પરિવાર સુધી પહોંચાડવામાં મોટી સફળતા મળી છે. યુવતીની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, દોઢેક વર્ષ પહેલા ઈન્સ્ટાગ્રામથી ઓઅળખાણ થયઈ હતી અને ત્યારબાદ એકબીજાને પ્રેમ કરવા લાગ્યાં હતાં. આ વાતની જાણ યુવતીના પરિવારને ખબર પડતા તેણીના અન્ય જગ્યાએ લગ્ન નક્કી કરી નાખ્યા હતા.

વિરોધ

યુદ્ધ જેવો હવાઈ 'ડ્રોન હુમલો', બોટ દ્વારા પાણીનો મારો ચલાવાયો

# અદાણી હજીરા પોર્ટ ઉપર લિક્વિડ જેટી-લિક્વિડ ટર્મિનલ પર સુરક્ષા સજ્જતા ચકાસવા મોકડ્રિલ

## હજીરા પોર્ટ દ્વારા સંયુક્ત ઉપક્રમે અદાણી હજીરા પોર્ટ-હજીરા ઉપર 'ડ્રોન હુમલા'ની સફળ મોકડ્રિલ યોજાઈ હતી

• સુરત

સુરતના હજીરા વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમોની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપનને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી વર્તમાન સમયમાં વધતા જતા ટેકનિકલ સુરક્ષા જોખમોને ધ્યાનમાં રાખીને ગુજરાત મેરીટાઈમ બોર્ડ-સુરત (GMB) અને અદાણી હજીરા પોર્ટ દ્વારા સંયુક્ત ઉપક્રમે અદાણી હજીરા પોર્ટ-હજીરા ઉપર 'ડ્રોન હુમલા'ની સફળ મોકડ્રિલ યોજાઈ હતી.

અદાણી હજીરા પોર્ટ ઉપર અજાણ્યા શંકાસ્પદ ડ્રોન દ્વારા લિક્વિડ જેટી અને લિક્વિડ ટર્મિનલ પર હવાઈ ડ્રોન હુમલો થયો હતો. કવાયતની શરૂઆત ઓન-સાઈટ ઈમરજન્સી તરીકે થઈ હતી. સતર્કતાના ભાગરૂપે કાર્ગો હેન્ડલિંગ, શિપ મૂવમેન્ટ અને ક્રેન ઓપરેશન તાત્કાલિક ધોરણે બંધ કરી દેવાઈ હતી. પોર્ટ સિક્યુરિટી યુનિટ્સ, CISF અને મરીન પોલીસ 'હાઈ એલર્ટ' થઈ પોર્ટ પરના તમામ કર્મચારીઓને સુરક્ષિત સ્થાને ખસી જવા સૂચના આપી હતી. કેમિકલ કાર્ગો જહાજ અને તેની સાથે જોડાયેલા ટેન્ક ફાર્મ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ડ્રોન હુમલાની કવાયત થઈ હતી. આ હુમલાને



કારણે 'હેવી એરોમેટિક કેમિકલ' સાથે સંબંધિત જોખમી સ્થિતિ સર્જાઈ હતી. ઈમરજન્સી પ્રોટોકોલ ધ્યાને લઈ જિલ્લા કલેક્ટરના વડપણ હેઠળ મ્યુચ્યુઅલ એઈડ ટીમોને જવાબદારી સોંપાઈ હતી, જેના દ્વારા સ્થાનિક અને જિલ્લા સ્તરે વિવિધ એજન્સીઓ વચ્ચેના તાલમેલ અને પ્રતિસાદની અસરકારકતાની ચકાસણી કરાઈ હતી. સમગ્ર મોકડ્રિલની પ્રક્રિયા અદાણી હજીરા પોર્ટ લિ.ના ચીફ ઓપરેટિંગ ઓફિસર પંકજ ઉકેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં સુરત જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદ હેઠળના ડિસ્ટ્રિક્ટ ક્રાઈસિસ ગ્રુપ (DCG), લોકલ ક્રાઈસિસ ગ્રુપ (LCG), ગુજરાત મેરીટાઈમ બોર્ડ (GMB) અને મ્યુચ્યુઅલ એઈડ ગ્રુપ-હજીરાના માર્ગદર્શનમાં સુરત પોલીસ કમિશનર કચેરી, રાજ્ય સરકારના ઔદ્યોગિક સુરક્ષા અને સ્વાસ્થ્ય નિયામક (DISH), ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) અને અન્ય જિલ્લા સ્તરીય આપત્તિ વ્યવસ્થાપનના અધિકારીઓ સહભાગી બન્યા હતા. મોકડ્રિલમાં હજીરા વિસ્તારની 'મ્યુચ્યુઅલ એઈડ' ઈન્ડસ્ટ્રીઝ જેવી કે શેલ, AM/NS, ક્રિભકો, NTPC, રિલાયન્સ, ONGC, GAIL અને હજીરા નોટિફાઈડ ઓથોરિટીના પ્રતિનિધિઓ સહભાગી બન્યા હતા. અદાણી હજીરા પોર્ટ લિ., સરકારી વિભાગો અને સ્થાનિક કંપનીઓએ સાથે મળીને આપત્તિ સામે લડવાની ક્ષમતા, સજ્જતા અને સામુદાયિક સુરક્ષાને મજબૂત બનાવવા અભ્યાસ કર્યો હતો. જે ઈમરજન્સી મેનેજમેન્ટ અને જવાબદાર પોર્ટ કામગીરીમાં મદદરૂપ બનશે. સમગ્ર મોકડ્રિલનું વિશ્લેષણ કરી સુરક્ષા પ્રોટોકોલમાં વધુ સુધારા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

સુરતમાં ડિપ્રેશનમાં એનેસ્થેસિયાના ઈન્જેક્શન મારી સુસાઈડ કર્યું હતું

# બે કોલેજીયન ફ્રેન્ડના આપઘાત કેસમાં મોટો ઘટસ્ફોટ 15 દિવસના અંતરાલમાં બંનેનું પ્રેમી સાથે બ્રેકઅપ થયું હતું

આપઘાત

## છોકરીઓના મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે અને તેને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવશે

• સુરત

સુરતના ડીંડોલીમાં બે વિદ્યાર્થિનીઓના આપઘાત કેસમાં પોલીસ તપાસમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી ઊંડાણપૂર્વકની તપાસમાં જાણવા મળ્યું છે કે, રોશની અને જ્યોત્સના બંનેના તાજેતરમાં જ બ્રેકઅપ થયા હતા, જેના કારણે તેઓ ઊંડા ડિપ્રેશનમાં સરી પડી હતી. ચોંકાવનારી વિગત એ છે કે, આ બંને બ્રેકઅપ માત્ર 15 દિવસના અંતરાલમાં જ થયા હતા, જેણે આ બંને સખીઓને માનસિક રીતે તોડી નાખી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે.

પોલીસે જ્યારે બંને વિદ્યાર્થિનીઓના મોબાઈલ ફોનની ઝીણવટભરી તપાસ કરી, ત્યારે તેમાં કેટલીક મહત્વની ચેટ્સ મળી આવી હતી જે સીધો ઈશારો તેમના પ્રેમસંબંધોના અંત તરફ કરતી હતી. આ ઉપરાંત, પોલીસે તેમના મિત્રવર્તુળની પણ પૂછપરછ હાથ ધરી અને અનેક મિત્રોના નિવેદનો નોંધ્યા હતા. આ તમામ પુરાવાઓ અને નિવેદનોના આધારે હવે પોલીસ આ દિશામાં વધુ તપાસ ચલાવી રહી છે કે શું આ આત્મહત્યા પાછળ અન્ય કોઈ દબાણ કે કારણો જવાબદાર હતા કે કેમ? એસીપી નિરવ ગોહિલે જણાવ્યું હતું કે, તપાસ હાલમાં પ્રાથમિક તબક્કે છે અને જે કોઈ પુરાવા હાલમાં એકત્રિત થયા છે તેના આધારે બંને દીકરીઓના અલગ-અલગ યુવકો સાથેના પ્રેમ સંબંધોમાં બ્રેક-અપ થવાથી અને મન પર લાગી આવવાથી તેમણે આત્મહત્યા કરી હોવાના તારણ પર પોલીસ આવી છે. આ કેસમાં અમુક મૌખિક પુરાવા મળ્યા છે જે સ્વતંત્ર સાક્ષીઓના નિવેદન લેવામાં આવ્યા છે, જેમના જોડે પ્રેમ સંબંધ હતો એમની પણ પૂછપરછ કરી અને નિવેદન લેવામાં આવ્યા છે અને એના સિવાય અમુક ઈલેક્ટ્રોનિક એવિડન્સ પણ મળેલા છે. એટલે આ બધા એવિડન્સના આધારે પોલીસ હાલ બનાવ પાછળનું કારણ કહી શકે છે. પ્રાથમિક તપાસમાં એવું જણાઈ આવ્યું છે કે, છેલ્લા લગભગ 20 દિવસમાં આ બંને દીકરીઓના બ્રેકઅપ થયા હતા. એટલે એક દીકરીનું લગભગ 4-5 દિવસ પહેલા અને એક દીકરીનું લગભગ 12-15 દિવસના સમયગાળા દરમિયાન બ્રેકઅપ થયું હતું. એસીપીએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રાથમિક પૂછપરછમાં બંને જે મિત્રો હતા એમનું પણ સ્ટેટમેન્ટ લેવામાં આવ્યું છે. એટલે એમને બ્રેકઅપ થયેલું અને પ્રેમસંબંધ હતો એવું પ્રાથમિક પૂછપરછમાં જણાઈ આવ્યું છે પણ હાલ ચોક્કસ નથી કહી શકતા. કદાચ ઘણી નાની મોટી બાબતોમાં બોલાચાલી થઈ શકતી હોય અને તેના કારણે બ્રેકઅપ થયું હોય. બાકી હાલ એવા કોઈ ડાયરેક્ટ ત્રાસ આપેલો હોય અથવા હેરાનગતિ કરતા હોય એવા કોઈ ડાયરેક્ટ એવિડન્સ મળ્યા નથી. અત્યાર સુધી તેઓએ જણાવ્યું છે કે તેમની વચ્ચે કેટલીક સામાન્ય દલીલો કે અણબનાવ ચાલી રહ્યો હતો. આ કારણે, તે બે છોકરાઓએ તેમની સાથે સંબંધ તોડી નાખ્યો હતો, એટલે કે તેઓએ કહ્યું હતું કે હવે તેઓ સંબંધ રાખશે નહીં. જોકે, તેનું ચોક્કસ કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. તેથી, જેમ જેમ તપાસ આગળ વધશે તેમ વધુ વિગતો સામે આવશે. તે બંને છોકરાઓ એકબીજાને ઓળખે છે, જેમ આત્મહત્યા કરનાર બંને છોકરીઓ એકબીજાને ઓળખતી હતી. અત્યાર સુધીના પ્રાથમિક પુરાવાઓના આધારે એવું લાગે છે કે બંને છોકરીઓએ આત્મહત્યા કરી છે. તેમ છતાં, તબીબી પુરાવાઓ જેમ કે પીએમ રિપોર્ટ અને અંતિમ પોસ્ટમોર્ટમ પરિણામોની હજુ પ્રતિક્ષા છે. આમાં હિસ્ટોપેથોલોજી રિપોર્ટ અને કેમિકલ એનાલિસિસ રિપોર્ટનો પણ સમાવેશ થાય છે. એકવાર આ રિપોર્ટ મળી જાય પછી તે તબીબી પુરાવા તરીકે કામ કરશે. વધારામાં, બંને છોકરીઓના મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે અને તેને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવશે. આ સિવાય, CDR, અન્ય મૌખિક પુરાવા અને ઈલેક્ટ્રોનિક પુરાવાઓ એકત્રિત કરીને તપાસ પૂર્ણ કરવામાં આવશે. મેં

# પાસપોર્ટ-પોસ્ટઓફિસ અને પારુલ યુનિવર્સિટીને બોમ્બથી ઉડાવવાની ધમકી

## અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, જૂનાગઢમાં બોમ્બ-ડોગ સ્કવોડ પહોંચી, સંકુલ ખાલી કરાવાયા

• વડોદરા

રાજ્યમાં ફરી એકવાર પાસપોર્ટ ઓફિસ, પોસ્ટ ઓફિસ, યુનિવર્સિટીને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો મેઈલ મળ્યો છે. આજે(10 માર્ચ) વડોદરાની પારૂલ યુનિવર્સિટી, ભાવનગરમાં હેડ પોસ્ટ ઓફિસમાં આવેલા પાસપોર્ટ વિભાગ અને સુરત, જૂનાગઢમાં પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો મેઈલ મળતા દોડધામ મચી છે. તો રાજકોટ પાસપોર્ટ-પોસ્ટ ઓફિસ અને અમદાવાદ પાસપોર્ટ ઓફિસને પણ બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. બોમ્બ-ડોગ સ્કવોડ અને સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને સંકુલને ખાલી કરાવી ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

અમદાવાદ પાસપોર્ટ ઓફિસને પણ બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. ઈ-મેઈલ મારફતે ધમકી મળતા પોલીસની ટીમ રવાના થઈ છે.

રાજકોટ પાસપોર્ટ-પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી



છે. 12:15 વાગ્યે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ઓફિસને ખાલી કરાવાઈ છે. રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ, SOG, એ ડિવિઝન પોલીસ, બોમ્બ-ડોગ સ્કવોડે તપાસ હાથ ધરી છે. જૂનાગઢ ગાંધીગ્રામમાં પોસ્ટ ઓફિસને ફરી બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો મેઈલ સુરતના પીપલોદમાં મુખ્ય પાસપોર્ટ ઓફિસને ધમકીભર્યો મેઈલ સુરતના પીપલોદ વિસ્તારમાં આવેલી મુખ્ય પાસપોર્ટ ઓફિસને વહેલી સવારે ઈ-મેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળતા સમગ્ર સરકારી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. સત્તાવાર માહિતી મુજબ, પાસપોર્ટ ઓફિસના સત્તાવાર આઈડી પર વહેલી સવારે આ ધમકીભર્યો મેઈલ મળ્યો હતો, જેમાં ઓફિસને વિસ્ફોટકોથી ઉડાવી દેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ મેઈલ મળતાની સાથે જ સુરક્ષાના ભાગરૂપે કચેરીના તમામ કર્મચારીઓ અને અરજદારોને તાત્કાલિક બહાર કાઢી બિલ્ડિંગ ખાલી કરાવવામાં આવ્યું હતું, જેના કારણે આસપાસના વિસ્તારમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો.

# સુમન હાઈસ્કૂલોના સશક્તિ કરણ માટે સરકાર પાસે માંગ

## ગરીબ બાળકોના શિક્ષણ માટે સુમન હાઈસ્કૂલોને કાયમી સરકારી ગ્રાન્ટ ફાળવવા માંગ

• સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના આર્થિક રીતે નબળા અને શ્રમજીવી વિસ્તારના બાળકોને ઉત્તમ શિક્ષણ મળી રહે તે હેતુથી ચલાવવામાં આવતી સુમન હાઈસ્કૂલોના સશક્તિકરણ માટે એક મોટું કદમ ઉઠાવવામાં આવ્યું છે. સુરત મ્યુનિસિપલ કમિશનર દ્વારા તાજેતરમાં સુમન શાળા સેલ વિભાગ મારફતે એક દરખાસ્ત તૈયાર કરી સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. આ દરખાસ્તનો મુખ્ય વિષય સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ સુમન હાઈસ્કૂલોને રાજ્ય સરકાર તરફથી કાયમી ધોરણે ગ્રાન્ટની ફાળવણી કરાવવાનો છે, જેથી શાળાઓનું સંચાલન વધુ સુદ્રઢ અને આર્થિક રીતે સક્ષમ બની શકે.

હાલમાં સુરત શહેરમાં સુમન હાઈસ્કૂલ નંબર-1થી 29 કાર્યરત છે, જ્યાં હજારો વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ મેળવી રહ્યા છે. કમિશનરની દરખાસ્ત મુજબ માત્ર હાલની 29 શાળાઓ જ નહીં પરંતુ, ભવિષ્યમાં જે નવી સુમન હાઈસ્કૂલો શરૂ કરવામાં આવશે, તે તમામ માટે સરકાર પાસે કાયમી ગ્રાન્ટની માંગણી કરવામાં આવશે. આ દરખાસ્ત પાછળનો મુખ્ય તર્ક એ છે કે, જો સરકાર તરફથી આર્થિક સહાય (ગ્રાન્ટ) મળે, તો પાલિકા પરનું નાણાકીય ભારણ ઘટશે અને સ્લમ વિસ્તારના ગરીબ વર્ગના બાળકોને વધુ સારી શૈક્ષણિક સુવિધાઓ અને સંસાધનો ઉપલબ્ધ કરાવી શકાશે. આ પ્રક્રિયાને વહીવટી રીતે વેગ આપવા માટે સુમન શાળા સેલના ખાતાધિકારીને વિવિધ સરકારી વિભાગો સાથે પત્રવ્યવહાર કરવા અને અન્ય જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવા માટે અધિકૃત કરવાની પણ જોગવાઈ રાખવામાં આવી છે. આ સમગ્ર મામલે અંતિમ નિર્ણય લેવા માટે અને લીધેલા નિર્ણયો પર અમલ કરવા માટે મ્યુનિસિપલ કમિશનરને સત્તા આપવા બાબતની દરખાસ્ત હવે સ્થાયી સમિતિ મારફતે સામાન્ય સભામાં રજૂ કરવામાં આવી છે.

# કડોદરા, બારડોલી નગરપાલિકામાં વહીવટદારોની નિમણૂક:નવી સમિતિ ન બને ત્યાં સુધી કાર્યભાર સંભાળશે




• પલસાણા(સુરત ), સુરત

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, 1963ની કલમ-8 મુજબ, નગરપાલિકાનો કાર્યકાળ પ્રથમ બેઠકથી પાંચ વર્ષનો હોય છે. આ મુદત પૂર્ણ થાય તે પહેલાં સામાન્ય ચૂંટણીઓ યોજવી ફરજિયાત છે. રાજ્યની કુલ 71 નગરપાલિકાઓનો કાર્યકાળ 16 માર્ચ, 2026 સુધીમાં પૂર્ણ થઈ રહ્યો છે. આગામી નગરપાલિકા ચૂંટણીઓ બાદ નવી કારોબારી સમિતિની રચના ન થાય ત્યાં સુધી નગરપાલિકાઓની કામગીરી સુચારુ અને નિયમિત રીતે ચાલે તે સુનિશ્ચિત કરવા રાજ્ય સરકારે વહીવટદારોની નિમણૂક કરવાનો નિર્ણય લીધો છે. વહીવટદારો અગાઉ ચૂંટાયેલી કારોબારી સમિતિ દ્વારા પસંદ કરાયેલા અને મંજૂર થયેલા વિકાસલક્ષી કામોના વર્ક ઓર્ડર આપી શકશે. આ ઉપરાંત, પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ, અગ્નિશમન અને સફાઈ જેવી આવશ્યક સેવાઓ સંબંધિત સાધનો અને વાહનોના સમારકામ માટે નિયમો અનુસાર જરૂરી ખર્ચ પણ કરી શકશે.

રતન ટાટાને 'ભારત રત્ન' આપવા માંગ

# ગોવિંદ ધોળકિયાએ રાજ્યસભામાં કહ્યું- 'આ માત્ર એક વ્યક્તિનું સન્માન નહીં, પરંતુ 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવનાનું સન્માન થશે'

• સુરત

સુરતના શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ્સ (SRK) ના સ્થાપક અને ભાજપના રાજ્યસભા સાંસદ ગોવિંદ ધોળકિયાએ આજે સંસદમાં કરોડો ભારતીયોની લાગણીને વાચા આપતા રતન ટાટાને દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન' આપવા માટે સરકારને નમ્ર અપીલ કરી છે.

ગોવિંદભાઈએ પોતાના સંબોધનની શરૂઆત ભગવદ ગીતાના શ્લોકથી કરી હતી, જેનો સાર હતો કે જે વ્યક્તિ નિશ્ચિત મન અને ભક્તિ સાથે યોગબળ દ્વારા પ્રાણ ત્યાગે છે, તે દિવ્ય પુરુષને પ્રાપ્ત થાય



છે. તેમણે રતન ટાટાને એક આવા જ 'દિવ્ય પુરુષ' તરીકે ઓળખાવ્યા હતા.

પોતાના વક્તવ્યમાં ગોવિંદભાઈએ રતન ટાટાના જીવન અને કાર્યોના કેટલાક મહત્વના પાસાઓ રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું કે રતન ટાટા માત્ર ઉદ્યોગપતિ નહોતા, પરંતુ ભારતીય વેપાર જગતના નૈતિક માર્ગદર્શક હતા. તેમણે સાબિત કર્યું કે વ્યાપારમાં ઈમાનદારી અને સફળતા એક સિક્કાની બે બાજુ હોઈ શકે છે. ટાટા ટ્રસ્ટ દ્વારા કેન્સર સંશોધન, શિક્ષણ અને ગ્રામીણ વિકાસ માટે જે રીતે સંપત્તિ સમર્પિત કરવામાં આવી છે, તે વિશ્વ માટે ઉદાહરણ છે.

26/11ના મુંબઈ આતંકી હુમલા સમયે ટાટા જૂથના કર્મચારીઓ અને પીડિતો પ્રત્યે રતન ટાટાની સંવેદનશીલતા અને અડગતાએ આખા દેશને પ્રેરણા આપી હતી. મધ્યમ વર્ગના પરિવાર માટે સસ્તી કાર (નેનો) નું સપનું પૂરું કરવા પાછળનો તેમનો ઉદ્દેશ્ય નફો નહીં, પણ દેશવાસીઓની સુખાકારી હતી. ગોવિંદભાઈએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, રતન ટાટાને ભારત રત્ન આપવો એ માત્ર એક વ્યક્તિનું સન્માન નહીં, પરંતુ 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવનાનું સન્માન છે. આનાથી દેશની યુવા પેઢીને એ સંદેશ જશે કે સફળતાનો ખરો માપદંડ સંપત્તિ નહીં, પણ ચરિત્ર અને સેવા છે. વક્તવ્યના અંતે તેમણે ભારત સરકારને વિનંતી કરી કે કરોડો ભારતીયોની લાગણીને માન આપી શ્રી રતન ટાટાને મરણોત્તર 'ભારત રત્ન' થી નવાજવામાં આવે.

# ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વર્ષ 2026ના પ્રારંભથી ચાલી રહેલા આ ભીષણ સંઘર્ષની અસર માત્ર મધ્ય-પૂર્વ પૂરતી મર્યાદિત નથી, પણ તેની સીધી અને ગંભીર અસર ભારત પર પણ પડી રહી છે. ભારત માટે આ સ્થિતિ આર્થિક, વ્યૂહાત્મક અને માનવીય એમ ત્રણેય મોરચે પડકારજનક છે

આ સંજોગોમાં ભારતે પોતાનો બચાવ કરવા અને હિતોની રક્ષા કરવા માટે નીચે મુજબના પગલાં લેવા અનિવાર્ય બન્યા છે:

૧. ઊર્જા સુરક્ષા અને ક્રૂડ ઓઈલનો વિકલ્પ

ભારત તેની જરૂરિયાતનું લગભગ ૮૦% ક્રૂડ ઓઈલ આયાત કરે છે, જેનો મોટો હિસ્સો હોર્મુઝની ખાડી (Strait of Hormuz) માંથી પસાર થાય છે. યુદ્ધને કારણે આ રસ્તો જોખમી બન્યો છે.

* વ્યૂહાત્મક તેલ ભંડાર: ભારતે તેના ઈમરજન્સી તેલ ભંડારો (Strategic Petroleum Reserves) નો ઉપયોગ કરવો પડશે જેથી સ્થાનિક બજારમાં ભાવો સ્થિર રહે.

* વૈકલ્પિક આયાત: રશિયા, વેનેઝુએલા અને આફ્રિકાના દેશો પાસેથી તેલની આયાત વધારીને અખાતી દેશો પરની નિર્ભરતા ઘટાડવી પડશે.

૨. ભારતીય નાગરિકોની સુરક્ષા

મધ્ય-પૂર્વના દેશોમાં લગભગ ૧ કરોડ જેટલા ભારતીયો વસે છે.

* રેસ્ક્યુ ઓપરેશન: જો યુદ્ધ વકરે, તો 'ઓપરેશન ગંગા' કે 'ઓપરેશન અજય' જેવું મોટું સ્થળાંતર અભિયાન હાથ ધરવું પડી શકે છે.

* એડવાઈઝરી: ભારત સરકારે પહેલેથી જ ઈરાનની બિન-જરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે અને ત્યાં વસતા ભારતીયોને દૂતાવાસના સંપર્કમાં રહેવા જણાવ્યું છે.

૩. આર્થિક મોરચે સાવચેતી

યુદ્ધને કારણે નૂર (Freight) અને વીમાના દરમાં વધારો થયો છે, જેની સીધી અસર ભારતના નિકાસકારો પર પડી રહી છે.

* મોંઘવારી પર નિયંત્રણ: ક્રૂડ અને ગેસના વધતા ભાવોને કારણે જીવનજરૂરી ચીજો મોંઘી ન થાય તે માટે સરકારે ટેક્સમાં ઘટાડો કે સબસિડી જેવા પગલાં લેવા પડશે.

* ખેતી અને ઉદ્યોગ: ઈરાન-ઈઝરાયેલ યુદ્ધને કારણે યુરિયા અને ખાતરના ઉત્પાદનમાં કાપ આવ્યો છે. ભારત સરકારે અન્ય દેશો પાસેથી ખાતર મેળવીને ખેડૂતોને રક્ષણ આપવું પડશે.

૪. ડિપ્લોમેટિક સંતુલન (Strategic Autonomy)

ભારત માટે ઈરાન (ચાબહાર પોર્ટ અને એનર્જી) અને ઈઝરાયેલ (સંરક્ષણ ટેકનોલોજી) બંને મહત્વના છે.

* તટસ્થતા: ભારતે કોઈ પણ એક પક્ષ લેવાને બદલે 'શાંતિ અને સંવાદ'ની નીતિ ચાલુ રાખવી પડશે.

* મધ્યસ્થીની ભૂમિકા: જો તક મળે, તો ભારત બંને પક્ષો સાથે સારા સંબંધો ધરાવતું હોવાથી તણાવ ઘટાડવામાં ભૂમિકા ભજવી શકે છે.

નિષ્કર્ષ:

ભારત માટે આ સમય 'થોભો અને રાહ જુઓ' સાથે 'સક્રિય સતર્કતા' રાખવાનો છે. હોર્મુઝની ખાડીમાં અવરોધ ઊભો થવો એ ભારતની અર્થવ્યવસ્થા માટે સૌથી મોટું જોખમ છે, જેનો સામનો કરવા માટે ભારતે અત્યારથી જ આત્મનિર્ભરતા અને વૈકલ્પિક સપ્લાય ચેઈન મજબૂત કરવી પડશે.

## ચોક્કસ, ઈરાન-ઈઝરાયેલ યુદ્ધની અસર આપણા શેરબજાર (Stock Market) અને સોનાના ભાવ (Gold Prices) પર કેવી પડી શકે છે, તેની ટૂંકી અને સચોટ વિગત અહી છે:

**૧. શેરબજાર પર અસર (Stock Market)**

યુદ્ધને કારણે બજારમાં હંમેશા અનિશ્ચિતતા રહે છે.

* ગભરાટભરી વેચવાલી: જ્યારે પણ આવો મોટો સંઘર્ષ થાય, ત્યારે વિદેશી રોકાણકારો (FIIs) ભારત જેવા ઉભરતા બજારોમાંથી પૈસા પાછા ખેંચી લે છે, જેના કારણે સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટો ઘટાડો જોવા મળી શકે છે.

* સેક્ટર મુજબ અસર: * પેઈન્ટ અને ટાયર કંપનીઓ: આ ઉદ્યોગોમાં ક્રૂડ ઓઈલનો ઉપયોગ કાચા માલ તરીકે થાય છે. તેલ મોંઘું થતા આ કંપનીઓના પ્રોફિટ પર કાતર ફરે છે અને શેરના ભાવ ઘટે છે.

* IT સેક્ટર: વૈશ્વિક અસ્થિરતાને કારણે ટેક કંપનીઓના પ્રોજેક્ટ્સ ધીમા પડી શકે છે.

* ડિફેન્સ શેર: ભારત જે કંપનીઓ પાસેથી હથિયારો ખરીદે છે અથવા જે સંરક્ષણ ક્ષેત્રે જોડાયેલી છે, તેમના શેરમાં ઉછાળો આવી શકે છે.

૨. સોનાના ભાવમાં ઉછાળો (Gold as a Safe Haven)

સોનું હંમેશા 'સલામત રોકાણ' માનવામાં આવે છે.

* કેમ વધે છે? જ્યારે શેરબજાર અને કરન્સી (રૂપિયો/ડોલર) જોખમમાં હોય, ત્યારે દુનિયાભરના રોકાણકારો સોનું ખરીદવા દોડે છે.

* ભાવ વધારો: યુદ્ધ લાંબું ખેંચાય તો સોનાના ભાવમાં ઝડપી તેજી જોવા મળી શકે છે. જો તમે રોકાણકાર હોવ, તો અત્યારે સોનું વેચવાને બદલે તેને સાચવી રાખવું ફાયદાકારક સાબિત થઈ શકે.

૩. સામાન્ય જનતા પર અસર: મોંઘવારી

* પેટ્રોલ-ડીઝલ: જો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ $100 પ્રતિ બેરલને પાર કરી જાય, તો ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવા સરકાર માટે અનિવાર્ય બની શકે છે.

* રસોઈ ગેસ: ગેસની સપ્લાય ખોરવાતા CNG અને PNG ના ભાવ પણ વધી શકે છે.

મારું સૂચન: રોકાણકારોએ અત્યારે ગભરાઈને બધા શેર વેચી દેવાને બદલે 'વેઈટ એન્ડ વોચ' (થોભો અને જુઓ) ની નીતિ અપનાવવી જોઈએ. સોનામાં કરેલું રોકાણ અત્યારે સુરક્ષિત છે. શું તમે જાણવા માંગો છો કે આ યુદ્ધની અસર તમારા પર્સનલ ફાઈનાન્સ કે ઘરના બજેટ પર કેટલી પડશે?

---

### પૂર્વ પતિ પાસે જવાની વાત કરતા 'તું મારી નહીં તો કોઈની નહીં' કહી છરીથી હુમલો કર્યો

# રાજકોટમાં મૈત્રીકરારમાં રહેતી યુવતી પર હુમલો કરી યુવકે આત્મહત્યા કરી

**હુમલો** — હિંમત ગામડે જ રહેતો હોય કાજલે મૈત્રીકરાર પુરા કરવાનું વિચારતી હતી

• રાજકોટ

પતિ સાથે છૂટાછેડા થયા બાદ રાજકોટમાં યુવક સાથે મૈત્રીકરારમાં રહેતી યુવતી પર હુમલો કરી યુવકે આત્મહત્યા કરી લેતા ચકચાર મચી છે. યુવતીએ તેના પૂર્વ પાસે જવાની વાત કરતા ઉશ્કેરાયેલા યુવકે છરીથી હુમલો કર્યો હતો. ત્યારબાદ યુવકે ટ્રેન હેઠળ પડતું મૂકી જિંદગી ટૂંકાવી લીધી હતી. યુવતીને હાલ ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવી છે.

રાજકોટના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતી કાજલ ગોંડલીયા પર હિંમત વાળાએ સોમવારે સવારે છરી વડે હુમલો કરી દીધો હતો. પતિ સાથે સાત વર્ષ પહેલા છુટાછેડા લીધા બાદ કાજલે ગામના જ હિંમત વાળા સાથે મૈત્રીકરાર કર્યા હતાં અને રાજકોટ રહેતાં હતાં. જો કે હવે હિંમત મોટાભાગે રાજકોટ રહેવાને બદલે તેના વતનમાં પત્ની પાસેજ રહેતો હોવાથી કાજલે મૈત્રી છુટી કરવાનું અને




ફરી પોતાના અગાઉના પતિ પાસે જવાની વાત કરતા ઉશ્કેરાયેલા હિંમતે સવારે આવી છરીના ઘા ઝીંકી ભાગી ગયો હતો. હવે પ્રેમિકા પણ મરી ગઈ છે તો મારે જીવીને શું કરવું તેવું વિચારી તેણે પણ ક્વાર્ટરની પાછળથી પસાર થતા રેલવે ટ્રેક પર કૂદી ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લીધો હતો.

પોલીસ તપાસમાં કાજલબેન મુળ મહારાષ્ટ્રના વતની છે તેમના લગ્ન બરવાળાના .યુવક સાથે થયા હતા તેમને સંતાનમાં બે દીકરી અને એક દીકરો હોવાનું સામે આવ્યું છે. કાજલબેનનો સંપર્ક સાતેક વર્ષ પહેલા ગામના જ હિમત નામના શખસ સાથે થયો હતો ત્યારથી પતિ પત્ની વચ્ચે ચડભડ થતી હતી. આ પછી બન્નેએ છુટાછેડા લઈ લીધા હતાં અને કાજલબેન રાજકોટ હિંમત સાથે રહેવા આવી ગયા હતાં. આ બંને મૈત્રી કરારથી રહેતાં હતાં. જો કે હિમત પરણેલો હતો અને તેને સંતાન પણ હોવાથી તે ગામમાં પોતાના પરિવાર સાથે પણ રહેતો હતો અને રાજકોટ કાજલબેન સાથે પણ રહેતો હતો.

છેલ્લા કેટલાક સમયથી હિમત મોટે ભાગે ગામડામાં તેના પત્નિ સાથે જ રહેતો જેથી કાજલબેને તેની સાથે મૈત્રી કરાર પુરા કરવાનું નક્કી કર્યુ હતું અને ફરીથી પતિ સાથે રહેવા આવી જાય તેવી વાત થઈ રહી હતી. આ બાબતની જાણ હિમતને થતાં તેને ગમ્યું ન હતું આથી તે સવારે 5 વાગ્યે રાજકોટ આવ્યો હતો અને વાતચીત કર્યા બાદ કાજલબેનનું મોઢુ દબાવી દઈ છરીથી જીવલેણ હુમલો કર્યો હતો અને બાદમાં તે ભાગી ગયો હતો. આ પછી કાજલબેન લોહી નીકળતી હાલતમાં સામે રહેતાં મહિલા પાસે ગયા હતાં અને મદદ માંગતાં તેમણે 108 અને પોલીસને જાણ કરી હતી. હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી આરોપીને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા હતાં દરમિયાન કાજલબેનને છરીના ઘા ઝીંકનાર હિંમત વાળાએ ક્વાર્ટરની પાછળથી પસાર થતી રેલવે લાઈન પાસે પહોંચી ધસમસતી ટ્રેન હેઠળ ઝંપલાવી દીધું હતું હાલ પોલીસે BNS કલમ 109(1) મુજબ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

---

# કોંગી નેતા ડૉ.બારોટના બહેનની ખોટી ભરતીનું VC ને કહેતા મારી સામે નિમ્ન સ્તરના આક્ષેપો થયા

### સૌરાષ્ટ્ર યુનિ.ના અધ્યાપકનું સત્તા મંડળમાંથી રાજીનામુ

• રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી એક વખત વિવાદમાં આવી છે. અંગ્રેજી ભવનમાં પ્રોફેસર ડો. કમલ મહેતાએ અંગ્રેજી વિષયની બોર્ડ ઓફ સ્ટડીઝ, એકેડેમીક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાંથી રાજીનામું આપી દીધુ છે. જેનું કારણ આપતા અધ્યાપકે કહ્યું કે, એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં કોંગ્રેસના નેતા ડૉ. નિદત બારોટના બહેનને કાયમી કરતા પહેલા તેમની ભરતી ખોટી રીતે થઈ હોવાનું કુલપતિને ધ્યાન દોરતા કોંગી નેતા બારોટે મારી સામે નિમ્ન સ્તરના આક્ષેપો કર્યા. જો સત્તા મંડળમાં કોઈ બાબતે કુલપતિને ધ્યાન દોરવામાં આવે તો આ પ્રકારના આક્ષેપો થતા હોય તો તેમાં રહીને શિક્ષણનો ઉધ્ધાર નહીં થાય તેમ વિચારી રાજીનામું આપ્યું છે.યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના પ્રોફેસર ડૉ. કમલ મહેતાએ જૂની તારીખોમાં રિસર્ચ પેપર છપાવી નાખ્યા હોવાનો આક્ષેપ કોંગી નેતા અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય ડૉ.બારોટ દ્વારા કરવામાં આવ્યો હતો. જે બાદ ડૉ.મહેતાએ પણ ડૉ.બારોટને રાક્ષસ ગણાવતા વાક યુધ્ધ ખેલાયું હતુ. જોકે આ વચ્ચે ડૉ. મહેતાએ સત્તા મંડળની ત્રણેય બોડીમાંથી રાજીનામું ધરી દીધું છે. જે બાદ ડૉ. મહેતાએ દિવ્યભાસ્કર ડિજિટલને જણાવ્યું હતું કે, એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં પ્રોબેશન પર રહેલા એસોસીએટ પ્રોફેસરોને કાયમી કરવાનો મુદ્દો આવ્યો હતો. જે અંગે મેં મારો અતિપ્રાય આપ્યો હતો કે સભ્ય ડૉ. બારોટના બહેન ડૉ.શ્રધ્ધાબેનની ભરતીને લઈ વિવાદ થયો હતો. તેમનો અનુભવ પૂર્ણ ન થયો હોવાથી તેમને કાયમી કરતા પહેલા ચકાસી લેવા કુલપતિ ડૉ. ઉત્પલ જોશીને ધ્યાન દોર્યું હતુ. જોકે તે બાદ મારી સામે ડૉ. બારોટે આક્ષેપો શરૂ કર્યા. યુનિવર્સિટીના મુખ્ય હાઉસ ગણાતા સતામંડળમાં જો કઈ બોલવાથી બદનામી થતી હોય અને ખોટા આક્ષેપો થતા હોય તો આ પ્રકારના સત્તા મંડળમાં રહેવાનો કોઈ અર્થ નથી. જેથી મેં રાજીનામું આપ્યુ છે. નોંધનીય છે કે, ગત તા.2 ફેબ્રુઆરીના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય અને પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડૉ.નિદત બારોટે કુલસચિવને કરેલી રજૂઆતમાં જણાવ્યુ હતુ કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં કુલપતિ દ્વારા ડૉ. કમલ મહેતાની નિયુક્તિ કરવામાં આવી છે. આ સંદર્ભે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસેથી મને મળેલી RTI ની માહિતીમાં જે વિગત મળી છે. તેમાં ડૉ.કમલ મહેતા દ્વારા પ્રકાશિત સંશોધન પત્રો અને અન્ય પ્રકાશનોની યાદી સામેલ છે. આ યાદી કમલ મહેતા એ પોતે સહી કરીને યુનિવર્સિટીમાં આપેલી છે. જે RTI દ્વારા મને મળી છે. તેમણે પ્રસિદ્ધ કરેલ રિસર્ચ પેપર્સની યાદી ચકાસતા, નીચે મુજબની બાબતો ઉડીને આંખે વળગે છે. જેમકે તેમણે પ્રસિદ્ધ કરેલા સંશોધન પત્રો વર્ષ 2015, 2016, 2017, 2018, 2019, 2020, 2021, 2022 આમ દર વર્ષે એક Vidhyayana નામના ઓનલાઈન જર્નલમાં પ્રસિદ્ધ થયા છે. આપની પહેલાના કુલપતિ ડૉ. નીલાંબરી દવે દ્વારા કમલ મહેતાને EC માટે લાયક ગણ્યા ન હતા અને તેમાં કારણ આપવામાં આવ્યું હતું કે તેમની પાસે પૂરતા પ્રમાણમાં રિસર્ચ પેપર ISSN વાળા જર્નલમાં પ્રસિદ્ધ થયેલ નથી. આમ કમલ મહેતાના રિસર્ચ પેપર ISSN જર્નલમાં કેવી રીતે આવ્યા તે જાણવું જરૂરી લાગતા તેનું ટેકનિકલ એનાલિસિસ કરવામાં આવ્યું.

---

# ભાયાવદર પોલીસમાં વધુ એક વ્યાજ ખોર સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

### 90 હજારના વ્યાજ પેટે 25 લાખનું સોનું પડાવી લેનાર વ્યાજખોર વિરુદ્ધ નોંધાઈ ફરિયાદ

• ઉપલેટા, રાજકોટ

ઉપલેટાના ભાયાવદર પોલીસ સ્ટેશનમાં એક વ્યાજખોર વિરુદ્ધ ગંભીર ગુનાની ફરિયાદ નોંધાઈ છે. ભાયાવદરમાં રહેતા અને ડેરીનો વ્યવસાય કરતા 66 વર્ષીય રતીલાલ હીરાભાઈ પરમારે વ્યાજે પૈસા આપવાનું કામ કરતા નીલેશભાઈ નાનાલાલ મકવાણા (દરજી) સામે આ ફરિયાદ દાખલ કરી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, વર્ષ 2011 માં રતીલાલભાઈને ધંધા માટે રૂપિયાની જરૂર પડતા તેમણે નીલેશભાઈ પાસેથી માસિક 3 ટકાના વ્યાજે રૂ. 90,000 લીધા હતા. જેના બદલામાં તેમણે શરૂઆતમાં 9 તોલા સોનાના દાગીના ગીરવે મૂક્યા હતા. રતીલાલભાઈએ ત્રણ મહિના સુધી વ્યાજ પેટે આશરે રૂ.8100 ચૂકવ્યા હતા, પરંતુ ચોથા મહિને તેઓ વ્યાજ ભરી શક્યા ન હતા. આથી આરોપીએ તેમના ઘરે જઈને હાથ-પગ ભાંગી નાખવાની ધમકી આપી હતી અને ઘરમાંથી વધુ સાડા નવ તોલા સોનાના દાગીના બળજબરીથી પડાવી લીધા હતા. સમય જતાં રતીલાલભાઈએ મુદ્દલ રકમમાંથી રૂ. 40,000 જમા કરાવ્યા હતા. જ્યારે તેઓ બાકીના રૂ. 50,000 ચૂકવીને પોતાનું કુલ સાડા અઢાર તોલા સોનું પરત લેવા ગયા, ત્યારે આરોપીએ બહાના કાઢીને તે દાગીના અન્ય લોકોને ગીરવે આપી દીધા હોવાનું જણાવ્યું હતું.ફરિયાદીએ અવારનવાર માંગણી કરવા છતાં આરોપીએ આજદિન સુધી દાગીના કે તેના રૂપિયા પરત કર્યા નથી. આ પડાવી લેવાયેલા સાડા અઢાર તોલા સોનાની હાલની બજાર કિંમત અંદાજે 25,00,000 રૂપિયા ગણાય છે. તાજેતરમાં સોશિયલ મીડિયામાં પોલીસની વ્યાજખોરો વિરુદ્ધની ઝુંબેશની પ્રેસ નોટ વાંચીને ફરિયાદીએ હિંમત દર્શાવી હતી. ત્યારબાદ પોલીસે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ 308(5), 351(3) અને ગુજરાત નાણાંની ધીરધાર કરનારાઓ બાબત અધિનિયમની કલમ 33, 40, 42 હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

# રાજકોટમાં 2 તબક્કામાં વસ્તી ગણતરી થશે:20 એપ્રિલથી 19 મે ઘર ગણતરી બાદ જનસંખ્યા ગણના માટે ઓર્ડરો નિકળ્યા

• રાજકોટ

ભારત સરકાર દ્વારા વર્ષ 2027 માં વસ્તી ગણતરી કરવામાં આવનાર છે ત્યારે ગુજરાતમાં આગામી 20 એપ્રિલથી 19 મે સુધી પ્રથમ તબક્કાની કામગીરી થશે જેમાં સૌપ્રથમ ઘરોની ગણતરી કરવામાં આવશે અને ત્યારબાદ બીજા તબક્કામાં મતદારોની ગણતરી થશે. ૮૦૦ લોકો દિઠ એક કર્મચારીને વસ્તી ગણતરીનો ઓર્ડર અપાયો છે. જ્યારે 6 કર્મચારીઓ દીઠ એક સુપરવાઈઝરની નિમણૂક કરવામાં આવી છે. દરમિયાન રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા વસ્તી ગણતરીની કામગીરી માટે કર્મચારીઓના ખાસ ઓર્ડર કરવામાં આવ્યા છે. આ સિવાય 5 નાયબ મામલતદારની બદલી કરવામાં આવી છે. રાજકોટમાં વર્ષ 2011 માં થયેલી વસ્તી ગણતરી મુજબ 13.90 લાખ જનસંખ્યા નોંધાઈ હતી. વર્ષ 2021 માં કોરોનાને કારણે વસ્તી ગણતરી ન થઈ શકે ત્યારે હવે 15 વર્ષ બાદ વસ્તી ગણતરી થવા જઈ રહી છે. જેને લઈને તમામ સરકારી વિભાગોના કર્મચારીઓને આ કામમાં જોડવામાં આવી રહ્યા છે.ભારતની વસ્તી ગણતરી-2027 ની પુર્વ તૈયારી રૂપે રાજય/જિલ્લા/તાલુકા સ્તરે વસ્તી ગણતરી બાબતે મ્યુનિસીપલ કમિશ્નર/મુખ્ય અધિકારી/ મામલતદાર/ વહીવટી અધિકારી વગેરે દ્વારા ક્ષેત્રિય કામગીરી કરનાર સુપરવાઈઝરો/ગણતરીદારોની નિમણૂંક કરવાની રહેશે. આમ દરેક ચાર્જ અધિકારીઓએ પોતાના તાબા હેઠળના વિસ્તાર માટે વસ્તી ગણતરી અધિનિયમ- 1990 જોગવાઈ-3 હેઠળ સુપરવાઈઝરો/ ગણતરીદારોને ભારતની વસ્તી ગણતરી-2027 ની ક્ષેત્રિત કામગીરી અને માહિતી એકત્રિત કરનાર તરીકે નિયુક્ત કરવાના થાય છે.

---

### રાજકોટના શિવાજીનગરમાં યુવાનનો ગળેફાંસો ખાઈ અને મવડીમાં પ્રૌઢાનો ઝેર પી આપઘાત

# પત્ની પીડિત હોમગાર્ડ જવાને ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો

• રાજકોટ

ભાવનગર રોડ શિવાજીનગરમાં રહેતાં લાલજીભાઈ રાજેશભાઈ ચાવડા (ઉ.વ.39) નામના યુવાને રાતે 11 વાગ્યે ઘરે છતના હુકમાં દૂપટ્ટો બાંધી ગળાફાંસો ખાઇ લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ 108ને કરતા 108ના ઈએમટીએ તપાસી મૃત જાહેર કરતાં થોરાળા પોલીસે મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં લાલજીભાઈ છુટક મજુરી કરતાં હતાં અને તેમને સંતાનમાં બે દિકરા છે. ઘરના સભ્યો નીચેના રૂમમાં હતાં ત્યારે લાલજીભાઈ ઉપરના રૂમમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો જો કે આપઘાતનું કારણ સામે ન આવતાં પોલીસે ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં મવડી વિસ્તારમાં રામધણ આશ્રમ પાછળ શ્રીનાથજી પાર્કમાં રહેતા ભાવનાબેન અલ્પેશભાઈ કાકડીયા (ઉ.વ.54)એ સવારે ઝેરી દવા પી લેતા સારવાર અર્થે સિવિલ હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ભાવનાબેન ઘણા સમયથી થાઈરોઈડની બિમારીથી પીડાતા હતા જેનાથી કંટાળી આ પગલુ ભરી લીધાનું પ્રાથમીક તપાસમાં સામે આવ્યું છે. ભાવનાબેનના પતિ અલ્પેશભાઈ કોન્ટ્રાકટર છે અને તેમને સંતાનમાં બે પુત્ર હોવાનું સામે આવ્યું છે. હાલ તાલુકા પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી ધરી છે. ઘંટેશ્વર પાસે આવેલી અમરનાથ સોસાયટીમાં રહેતા બંસીભાઈ રાજેશભાઈ રાજ્યગુરુ નામના યુવાને નવી કોર્ટ પાસે ફિનાઈલ પી લેતા સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે જે પોતે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડની નોકરી કરે છે. તેમને આક્ષેપ કર્યો હતો કે, તેમના લગ્ન 8 વર્ષ પહેલા પૂજા નામની યુવતી સાથે થયા હતા. પૂજા લગ્ન કર્યા બાદ એક વર્ષ સારી રીતે રહ્યા બાદ અવાર નવાર માનસિક ત્રાસ આપતી અને ઝઘડો કરી રીસામણે જતી રહેતી હતી તેમજ સાત વર્ષથી પત્ની અને સાસરિયાંઓ ત્રાસ આપે છે અને છૂટાછેડા માટે 10 લાખની માંગણી કરતા જેથી કંટાળી જઈ પગલું ભરી લીધુ હતુ. હાલ પોલીસે નિવેદન નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

ભીડભંજન સોસાયટીમાં રહેતી મહેક અજયભાઈ રંગપરા (ઉ.વ.25) નામની પરિણીતાએ પોતાના ઘરે ફીનાઈલ પી લેતા સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવી છે. મહેકના પતિ ડ્રાઈવિંગ કામ કરે છે અને તે બીજાના કપડા પહેરવા માટે લાવી હતી જેથી પતિએ તેમને ઠપકો આપ્યો હતો અને કહ્યું હતું કે તારે બીજાના કપડા પહેરવા નહીં નવા કપડાં લઈ આવીશું અને તને હમણાં જ જન્મદિવસ પર પચાસ હજાર રૂપિયાનો મોબાઈલ લઈ આપ્યો છે તો આપણે શા માટે બીજાના કપડા પહેરવા જોઈએ જેથી મહેકને લાગી આવતા તેમણે આ પગલું કરી લીધું હતું હાલ પોલીસે નિવેદન નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

---

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# રાજસ્થાનમાં ક્રિકેટ ફેન્સે ભારતની જીત માટે હવન કર્યો મંદિરોમાં પૂજા અને ભજન-કીર્તન

## રાજસ્થાનના ક્રિકેટ ફેન્સ ફાઇનલ મેચને લઈને ખૂબ જ ઉત્સાહિત છે



રાજસ્થાનના ક્રિકેટ ફેન્સ ફાઈનલ મેચને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. તેઓ ટીમ ઈન્ડિયાની જીત માટે પ્રાર્થના કરી રહ્યા છે. ભૂતપૂર્વ ક્રિકેટર હરભજન સિંહ જયપુરની એક હોટલમાંથી ભારતની ફાઈનલ મેચ જોશે. ટી-20 વર્લ્ડ કપની ફાઈનલ આજે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે અમદાવાદમાં રમાશે. ભારતીય ટીમની જીત માટે રાજસ્થાનમાં ક્રિકેટ ફેન્સે મંદિરોમાં હવન કર્યા છે અને ભજન-કીર્તન કરવામાં આવી રહ્યા છે. ટીમની જીતની કામના કરતા ભક્તોએ ખાટુશ્યામ મંદિરમાં ત્રિરંગો પણ ચઢાવ્યો છે. જયપુર, જોધપુર સહિત અનેક શહેરોમાં રેસ્ટોરન્ટ્સ અને હોટલોમાં ફાઈનલ મેચ બતાવવા માટે મોટી સ્ક્રીન લગાવવામાં આવી છે.દિલ્હી-મુંબઈથી બોલાવવામાં આવેલા પ્રોફેશનલ એન્કર્સ પણ આ ઈવેન્ટ્સમાં હાજર રહેશે. વળી, મેચના કારણે જયપુરથી અમદાવાદ જતી ફ્લાઈટ્સ પર પણ અસર પડી છે. અમદાવાદમાં મેચ જોવા અને સંભવિત જીત બાદ થનારી ઉજવણીમાં સામેલ થવા માટે પણ મોટી સંખ્યામાં લોકો જયપુરથી જઈ રહ્યા છે. આ કારણે ફ્લાઈટ્સની ટિકિટનો ભાવ બમણો થઈ ગયો છે.વળી, પૂર્વ ક્રિકેટર હરભજન સિંહ જયપુરની એક હોટલમાંથી ફાઈનલ મેચમાં કોમેન્ટ્રી કરશે. આ માટે હોટલમાં જ સેટઅપ કરવામાં આવ્યું છે. ટીમ ઈન્ડિયાની જીત માટે રાજસ્થાનના તમામ મોટા મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. ખાટુશ્યામજી મંદિરમાં ભક્તોએ તિરંગો ચઢાવીને જીત માટે પ્રાર્થના કરી. ટીમ ઈન્ડિયાની જીત માટે રાજસ્થાનના તમામ મોટા મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. ખાટુશ્યામજી મંદિરમાં ભક્તોએ તિરંગો ચઢાવીને જીત માટે પ્રાર્થના કરી. સીકર જિલ્લાના ખાટુશ્યામ મંદિરમાં ટીમ ઈન્ડિયાની જીત માટે પૂજા કરવામાં આવી હતી. ભક્તોએ ભગવાનને તિરંગો ચઢાવ્યો હતો. આ દરમિયાન, તેઓએ બાબા ખાટુશ્યામ સાથે ભારત માતા કી જયના નારા લગાવ્યા હતા.બાડમેર શહેરના અનેક મંદિરોમાં ટીમ ઈન્ડિયાની જીત માટે સવારથી જ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કર વામાં આવ્યું છે. ભક્તો હવન પણ કરી રહ્યા છે અને ભજન પણ ગાઈ રહ્યા છે .જયપુરમાં હવા મહેલની સામે ફટા ક ડાની દુકાનના માલિક અનુજે જણાવ્યું હતું કે આજે ભારત અને ન્યુઝીલે ન્ડ વચ્ચે ફાઈનલ મેચ છે. આ સમય દરમિ યા ન ગ્રાહકોની ભારે ભીડ રહે છે. તે મને ભારે ફટાકડા અને સ્કાય શોટ્સના વેચાણમાં વધારો થવાની અપેક્ષા છે.ઈન્ડિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે અમદાવાદમાં રમાઈ રહેલી T20 વર્લ્ડ કપની ફાઈનલ મેચને લઈને ફ્લાઈટ ટિકિટના ભાવમાં પણ મોટો ફેરફાર થયો છે. જયપુરથી અમદાવાદ માટે જ્યાં સામાન્ય દિવસોમાં 7000 રૂપિયામાં ફ્લાઈટ ટિકિટ મળતી હતી. ત્યાં આજે ફ્લાઈટના ભાવ બમણા થઈ ગયા છે. આવી સ્થિતિમાં, મુસાફરોને અમદાવાદ જવા માટે 14000 થી 15000 રૂપિયા સુધી ચૂકવવા પડી રહ્યા છે.

નિધન

ફૂટેજ મેળવવાની આદત છે', જીત બાદ પણ ગંદી રીતે ટ્રોલ થયો પંડ્યા : યુઝર્સ

# ગ્રાઉન્ડ પર ગજબનો ડ્રામા: ક્યારેક નતાશા તો ક્યારેક માહિકા:હાર્દિકના સરેઆમ રોમાન્સથી યુઝર્સ ભડક્યાં

## બીજી તરફ માહિકા સાથે તેનો સ્ટેડિયમમાં રોમાન્સ અને તેની પૂર્વ પત્ની નતાશા સ્ટેનકોવિક સાથેના જૂના વીડિયો ફરી વાઈરલ



ટી-20 વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કરી ભારતને જીત અપાવનાર સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અત્યારે મેદાન પરની રમત કરતા સોશિયલ મીડિયા પર પોતાની પર્સનલ લાઈફને લઈને વધુ ચર્ચામાં છે. ફાઈનલ મેચ બાદ મેદાનની વચ્ચે માહિકા શર્મા સાથેના વીડિયો વાઈરલ થતા જ નેટિઝન્સે તેને આડેહાથ લીધો છે. એક તરફ ફેન્સ તેની રમતની પ્રશંસા કરી રહ્યા હતા, ત્યાં જ બીજી તરફ માહિકા સાથે તેનો સ્ટેડિયમમાં રોમાન્સ અને તેની પૂર્વ પત્ની નતાશા સ્ટેનકોવિક સાથેના જૂના વીડિયો ફરી વાઈરલ થતાં સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો નવો રાઉન્ડ શરૂ થયો છે. લોકો કહી રહ્યા છે કે હાર્દિકને હંમેશા લાઈમલાઈટમાં અને 'અટેન્શન'માં રહેવાની આદત છે.

મેચ જીત્યા બાદ સ્ટેડિયમમાં બંનેએ જીતનું સેલિબ્રેશન કર્યું હતું. માહિકાએ હાર્દિકને કિસ કરી. કપલ એકબીજાનો હાથ પકડીને સ્ટેડિયમ વચ્ચે ડાન્સ કરતા જોવા મળ્યા. પણ આ શું... દેશી-વિદેશી મીડિયાની હાજરીમાં કપલે કંઈક એવું કર્યું, જેના કારણે તેઓ ટ્રોલ થઈ રહ્યા છે. ઈન્ટરનેટ પર તેમનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં હાર્દિક અને માહિકા ટી20 વર્લ્ડ કપના સ્ટેજ પર જ સૂઈ ગયા. એવોર્ડ ડિસ્ટ્રિબ્યુશન માટે બનેલા પોડિયમ પર જ કપલનો રોમાન્સ શરૂ થઈ ગયો. તેમના આ વીડિયોએ લોકોને આશ્ચર્યચકિત કરી દીધા છે.

વાઈરલ વીડિયોમાં ચારેબાજુ જીતનું સેલિબ્રેશન ચાલી રહ્યું છે.. બધા પોતાના પરિવાર સાથે ફોટોઝ ક્લિક કરાવી રહ્યા છે. આકાશમાં ફટાકડા ફૂટી રહ્યા છે. પરંતુ હાર્દિક-માહિકા બધાની ચિંતા છોડીને એકબીજામાં વ્યસ્ત દેખાયા. તેઓ સ્ટેડિયમમાં બનેલા પોડિયમ પર રોમેન્ટિક થતા દેખાયા. હાર્દિક અને માહિકા બંને પોડિયમ પર સૂતેલા છે. એકબીજા સાથે વાતો કરવામાં વ્યસ્ત છે. ક્રિકેટર પોતાની લેડીલવના પ્રેમમાં ખોવાયેલા છે. આ પછી તેઓ ઊઠે છે અને વાતોમાં મશગૂલ થઈ જાય છે.

આ કપલની લવિંગ મોમેન્ટ કેમેરામાં કેદ થઈ જાય છે. પરંતુ આ વીડિયો જોયા પછી લોકોનો ગુસ્સો ભડક્યો છે. યુઝર્સનું કહેવું છે કે કપલે પોતાની લાગણીઓ પર નિયંત્રણ રાખવું જોઈએ. જાહેરમાં આટલું નજીક રહેવું યોગ્ય નથી. યુઝર્સે હાર્દિક અને માહિકાના રોમાન્સને પબ્લિસિટી સ્ટંટ ગણાવ્યો છે. તેમને આમ સ્ટેડિયમમાં હદો પાર કરતા જોઈને એક વ્યક્તિએ લખ્યું- આમને બિલકુલ વિરાટ-અનુષ્કા સાથે સરખાવશો નહીં. બીજાએ લખ્યું- આ બધું ઘરે જઈને કરો, મેચ પરિવાર પણ જોઈ રહ્યો છે.

કોઈએ લખ્યું - તેમને કેટલું અટેન્શન જોઈએ છે. તેમને ખબર છે કે ઘણા કેમેરા તેમને કેપ્ચર કરી રહ્યા છે. તેમની ઓવરએક્ટિંગ ચાલુ છે. કોઈએ કહ્યું - ભલે તેઓ વિરાટ-અનુષ્કા બનવાની લાખ કોશિશ કરી લે, પણ ક્યારેય બની શકશે નહીં. ઈન્ટરનેટ યુઝર્સે હાર્દિકના વારંવાર પ્રેમમાં પડવાની મજાક પણ ઉડાવી છે.

ક્રિકેટ ગ્રાઉન્ડમાં પૂર્વ પત્ની નાતાશા સાથે રોમેન્ટિક થયો હતઈન્ટરનેટ પર હાર્દિકનો તેની ભૂતપૂર્વ પત્ની નતાશા સાથેનો એક વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે જેમાં તે ક્રિકેટ ગ્રાઉન્ડમાં રોમેન્ટિક થઈ રહ્યો છે. તે નતાશાને કેમેરા સામે કિસ કરી રહ્યો છે. તેને ભેટી રહ્યો છે. આ વીડિયો શેર કરીને યુઝરે કહ્યું કે હાર્દિક ધ્યાન આકર્ષિત કરવા માટે સ્ટેડિયમમાં ક્યારેક ગર્લફ્રેન્ડ તો ક્યારેક પત્ની સાથે રોમેન્ટિક થાય છે. તે જાણી જોઈને આવું કરે છે. યુઝરે ક્રિકેટરની આને સસ્તી યુક્તિઓ ગણાવી. હાર્દિકનો વધુ એક વીડિયો ચર્ચામાં છે જેમાં તે નતાશાના વખાણ કરતા કહે છે કે પત્નીએ તેને સોલ્યુશન શોધતા શીખવ્યું છે. જીવનમાં વધુ હાંસલ કરવાનો જુસ્સો તેને નતાશા પાસેથી મળ્યો છે. તેનાં કારણે જ તે ધૈર્ય રાખતા શીખ્યો છે.T20 વર્લ્ડ કપ 2026 ઘણી યાદગાર પળો સાથે સમાપ્ત થયો. અમદાવાદના સ્ટેડિયમમાં ભારતે ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને 96 રનથી હરાવી ત્રીજી વખત ખિતાબ પોતાના નામે કર્યો. ચેમ્પિયન બન્યા બાદ કેપ્ટન સૂર્યકુમાર યાદવે પિચની માટી પોતાના કપાળ પર લગાવી. વેસ્ટ ઈન્ડિઝ સામે અણનમ 97 રન બનાવ્યા બાદ સંજુ સેમસન ઘૂંટણિયે બેસી ગયો. જ્યારે સુપર-8 સ્ટેજમાંથી બહાર થયા બાદ ઘણા પાકિસ્તાની ખેલાડીઓ રડી પડ્યા.

બુમરાહ ટુર્નામેન્ટનો ટોપ વિકેટ ટેકર બન્યો

# ભારતને ટી-20 વર્લ્ડ કપ જીતાડનારા હીરોઝ:સેમસને સતત 3 ફિફ્ટી ફટકારી

## સેમસને બેટિંગ માટે પડકારજનક પિચ પર અણનમ 97 રનની ઈનિંગ રમીને ભારતને ફાઇટિંગ ટોટલ સુધી પહોંચાડ્યું



ભારતે ટી-20 વર્લ્ડ કપ જીતી લીધો છે. ટીમે રવિવારે રાત્રે ન્યુઝીલેન્ડને 96 રનથી હરાવ્યું. જોકે, આ ટ્રોફી માટે તમામ ખેલાડીઓએ યોગદાન આપ્યું, પરંતુ કેટલાક ખેલાડીઓ એવા રહ્યા જેમણે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પ્રદર્શન કરીને પોતાને સાબિત કર્યા.

મોટી મેચોમાં સેમસને ફિફ્ટી ફટકારી ભારતના વિકેટકીપર બેટર સંજુ સેમસન ભારત માટે ટ્રમ્પ કાર્ડ સાબિત થયા. તેમણે ટીમ માટે સતત 3 મેચમાં ફિફ્ટી ફટકારી. લીગ સ્ટેજમાં પ્લેઈંગ-11 માટે સંઘર્ષ કરી રહેલા સંજુને વેસ્ટ ઈન્ડિઝ સામે કોલકાતામાં તક મળી. અહીં ટીમને જીત જોઈતી હતી.

સેમસને બેટિંગ માટે પડકારજનક પિચ પર અણનમ 97 રનની ઈનિંગ રમીને ભારતને ફાઈટિંગ ટોટલ સુધી પહોંચાડ્યું. એટલું જ નહીં, સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે અને ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે 89-89 રનની ઈનિંગ રમી. તેઓ આ ટુર્નામેન્ટમાં ભારતના ટોપ સ્કોરર રહ્યા. તેમને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે પસંદ કરવામાં આવ્યા.

બુમરાહ આ ટૂર્નામેન્ટના ટોપ વિકેટ ટેકર જસપ્રીત બુમરાહ પ્લેયર ઓફ ધ ફાઈનલ રહ્યા. તેમણે ન્યુઝીલેન્ડ સામે પોતાની કોટાની ચાર ઓવરમાં 15 રન આપીને 4 વિકેટ ઝડપી. એટલું જ નહીં, તેઓ આ ટૂર્નામેન્ટના ટોપ વિકેટ ટેકર પણ બન્યા. તેમણે 8 મેચમાં 14 વિકેટ ઝડપી.

સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે બુમરાહની સચોટ બોલિંગે ભારતને જીત અપાવી. ગુરુવારે 254 રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલા ઈંગ્લેન્ડે 15 ઓવરમાં 5 વિકેટે 185 રન બનાવી લીધા હતા. મેચ ઈંગ્લેન્ડના પક્ષમાં જતી દેખાઈ રહી હતી, ત્યારે જ કેપ્ટન સૂર્યકુમાર યાદવે જસપ્રીત બુમરાહને બોલ આપ્યો. તેમણે મિડલ ઓવર્સમાં 2 ઓવર ફેંકી અને માત્ર 14 રન આપીને ઈંગ્લેન્ડ પર દબાણ બનાવ્યું. અહીંથી ભારતે 7 રનથી મેચ જીતી લીધી.

ઈશાન કિશનના નામે 3 ફિફ્ટી ટી-20 વર્લ્ડ કપ પહેલાં છેલ્લી ઘડીએ ટીમમાં પસંદ કરાયેલા ઓપનર ઈશાન કિશને ટૂર્નામેન્ટમાં 3 ફિફ્ટી ફટકારી હતી. તેણે ફાઈનલમાં 21 બોલમાં 247.61ના સ્ટ્રાઈક રેટથી 52 રન બનાવ્યા હતા. કિશને સંજુ સેમસન સાથે 48 બોલમાં 105 રનની ભાગીદારી કરી હતી.

આ પહેલા પાકિસ્તાન સામે ઈશાન ઓપનિંગ કરવા ઉતર્યો હતો, પરંતુ તેની સામે અભિષેક શર્મા શૂન્ય રને આઉટ થઈ ગયો હતો. આ પછી તેણે તિલક વર્મા સાથે બીજી વિકેટ માટે 88 રનની ભાગીદારી કરી હતી. આ ભાગીદારીએ ટીમને 175 રનના સ્કોર સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઈશાને 77 રન બનાવ્યા હતા. ઈશાને નામિબિયા સામે પણ અડધી સદી ફટકારી. તેણે 9 મેચમાં 193.29ના સ્ટ્રાઈક રેટથી 317 રન બનાવ્યા.

# ટી-20 વર્લ્ડ કપ ફાઈનલ 82.1 કરોડ લોકોએ જોયો:ડિજિટલ સ્ટ્રીમિંગનો નવો રેકોર્ડ બન્યો



ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી ટી-20 વર્લ્ડ કપ ફાઈનલ મેચને જિયોહોટસ્ટાર પર 82.10 કરોડ લોકોએ જોઈ. આ ટી-20 વર્લ્ડ કપમાં અત્યાર સુધીની સૌથી વધુ વ્યૂઅરશિપ છે. આ પહેલા કોઈ પણ ICC ટુર્નામેન્ટની ફાઈનલમાં સૌથી વધુ 5.9 કરોડની વ્યૂઅરશિપ નોંધાઈ હતી, જે 19 નવેમ્બર 2023ના રોજ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી વનડે વર્લ્ડ કપ ફાઈનલ દરમિયાન રેકોર્ડ કરવામાં આવી હતી. જ્યારે, 2024ના ટી-20 વર્લ્ડ કપ ફાઈનલમાં ડિઝની પ્લસ હોટસ્ટાર પર 5.3 કરોડની વ્યૂઅરશિપ રહી હતી.

ફાઈનલ મુકાબલાની શરૂઆત પહેલા આયોજિત કાર્યક્રમ દરમિયાન સિંગર રિકી માર્ટિનના પ્રદર્શનને 2.1 કરોડ દર્શકો જોઈ રહ્યા હતા. ટોસ સમયે આ સંખ્યા વધીને 4.2 કરોડ થઈ ગઈ, જ્યારે ભારતની ઈનિંગ્સની પ્રથમ બોલ ફેંકવામાં આવે તે પહેલા વ્યૂઅરશિપ 6.5 કરોડ સુધી પહોંચી ગઈ. ભારતની ઈનિંગ્સ સમાપ્ત થઈ ત્યાં સુધીમાં દર્શકોની સંખ્યા વધીને 43.9 કરોડ થઈ ગઈ. ઈનિંગ્સ બ્રેક દરમિયાન 44.3 કરોડ દર્શકો પ્લેટફોર્મ સાથે જોડાયેલા રહ્યા. ન્યુઝીલેન્ડની ઈનિંગ્સની પ્રથમ ઓવરમાં આ આંકડો વધીને 50.3 કરોડ થઈ ગયો. ન્યુઝીલેન્ડની છેલ્લી વિકેટ 19મી ઓવરમાં પડી ત્યારે પ્લેટફોર્મ પર 74.5 કરોડ લોકો એકસાથે મેચ જોઈ રહ્યા હતા. મેચ પછી પોસ્ટ-મેચ પ્રેઝન્ટેશનના અંત સુધીમાં આ સંખ્યા વધીને 82.1 કરોડ સુધી પહોંચી ગઈ. રવિવારે રમાયેલી ફાઈનલમાં ભારતે ન્યુઝીલેન્ડને 96 રનથી હરાવીને ત્રીજી વખત (2007, 2024, 2026) ટી-20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો. આ સાથે ભારત પોતાના ઘરમાં આ ટ્રોફી જીતનારો પ્રથમ દેશ પણ બન્યો. ભારતે અમદાવાદમાં ટોસ હારીને પહેલા બેટિંગ કરતા 5 વિકેટે 255 રન બનાવ્યા. જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમ 159 રન પર ઓલઆઉટ થઈ ગઈ. ટીમ ઈન્ડિયાએ ન્યુઝીલેન્ડ સામે વર્લ્ડ કપ ફાઈનલમાં હાઈએસ્ટ સ્કોરનો રેકોર્ડ બનાવ્યો. ત્યારબાદ ટી-20 વર્લ્ડ કપ ફાઈનલની સૌથી મોટી જીત નોંધાવી.

# T20 વર્લ્ડકપના જીતના જશ્નમાં સામેલ થઈ અદિતિ હુંડિયા, જયપુરની મોડેલે અદાઓથી લૂંટી મહેફિલ

## ઈશાન કિશનની બાહોમાં 'મિસ્ટ્રી ફેનગર્લ '

• જયપુર



ભારત ક્રિકેટ ટીમે ત્રીજી વખત T20 વર્લ્ડ કપ જીત્યો.અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ જીતની ઉજવણીમાં ડૂબેલા હતા. આ દરમિયાન પહેલીવાર બેટ્સમેન ઈશાન કિશન તેની ગર્લફ્રેન્ડ અદિતિ હુંડિયા સાથે જાહેરમાં જોવા મળ્યો. બંનેની તસવીરો અને વીડિયો પણ સામે આવ્યા છે. અદિતિ જયપુરના સિવિલ લાઈન્સની રહેવાસી છે. તે એક મોડેલ અને ઉદ્યોગસાહસિક છે. જયપુરમાં તેનો પોતાની ફેશન બ્રાન્ડ છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અદિતિએ ઈશાન સાથે હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ અને અન્ય ખેલાડીઓ સાથે ખૂબ મજા કરી. ફાઈનલ મેચ પહેલા તેને ભારતીય ટીમના ખેલાડીઓ સાથે એક રેસ્ટોરન્ટમાં ડિનર પર પણ જોવામાં આવી હતી.

# પૃથ્વી શૉની જિંદગીની 'નવી ઇનિંગ્સ' શરૂ:એક્ટ્રેસ આકૃતિ અગ્રવાલ સાથે સગાઈ કરી, ક્રિકેટરે લખ્યું- 'મેદાન પર સિક્સરથી લઈ આખી જિંદગીની પરફેક્ટ ઇનિંગ્સ'



ભારતને અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ જીતાડનાર કેપ્ટન પૃથ્વી શૉએ ઈન્ફ્લુએન્સર અને એક્ટ્રેસ આકૃતિ અગ્રવાલ સાથે સગાઈ કરી લીધી છે. આ અંગેની જાણકારી ક્રિકેટરે રવિવારે આપી. પૃથ્વી શૉએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સગાઈની તસવીરો પણ શેર કરી અને લખ્યું, 'મેદાન પર સિક્સરથી લઈને મેદાનની બહાર આખી જિંદગીની ભાગીદારી સુધી, તે મારી પરફેક્ટ ઈનિંગ્સ છે.

જીત બાદ ધોનીએ ગંભીર માટે લખી એક ખાસ પોસ્ટ

# સચિને કહ્યું, ઈનક્રેડિબલ વર્ક, ટીમ ઈન્ડિયા; કોહલી, મોદી સહિતનાં દિગ્ગજોએ બુમરાહ, સંજુ, ઈશાન અને અભિષેકના ભરપેટ વખાણ



ભારતની ટી-20 વર્લ્ડ કપ જીતે એમએસ ધોનીને પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવા મજબૂર કર્યા. પૂર્વ કેપ્ટન ધોનીએ ચેમ્પિયન ટીમનો ફોટો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો અને લખ્યું, અમદાવાદમાં ઈતિહાસ રચાયો. કોચ સાહેબ (ગૌતમ ગંભીર), તમારા ચહેરા પર સ્મિત સારું લાગે છે. જ્યારે સચિન તેંડુલકર આખી મેચ દરમિયાન X પર સક્રિય જોવા મળ્યા. જીત બાદ તેમણે કહ્યું, ટીમ ઈન્ડિયાએ ઈનક્રેડિબલ કામ કર્યું. જ્યારે વિરાટ કોહલીએ લખ્યું, અમદાવાદમાં ભારતે અદ્ભુત જીત હાંસલ કરી.ભારતે રવિવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટી-20 વર્લ્ડ કપ ફાઈનલ જીત્યો. ટીમે ન્યુઝીલેન્ડને 96 રનથી હરાવ્યું અને સતત ત્રીજો ICC ટાઈટલ પોતાના નામે કર્યો. ભારતે ટી-20 વર્લ્ડ કપ પણ ત્રીજી વાર જ જીત્યો.એમએસ ધોનીએ 21 મહિના પછી પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર કોઈ ફોટો શેર કર્યો. તેમણે લખ્યું, 'અમદાવાદમાં ઈતિહાસ રચાયો. ટીમ ઈન્ડિયા, સપોર્ટ સ્ટાફ અને તમામ ચાહકોને અભિનંદન. તમને બધાને રમતા જોઈને ખૂબ આનંદ થયો.કોચ સાહેબ (ગૌતમ ગંભીર) તમારા ચહેરા પર સ્મિત સારું લાગે છે. મેચની તીવ્રતા સાથે તમારી સ્માઈલ એક કિલર કોમ્બિનેશન છે. શાનદાર પ્રદર્શન, મજા કરો. બુમરાહ વિશે કંઈ ન લખું તો જ સારું છે. ચેમ્પિયન બોલર.'ધોનીએ આ પહેલા 2024માં ટીમ ઈન્ડિયાને ટી-20 વર્લ્ડ કપ જીતવા પર જ સોશિયલ મીડિયા પર અભિનંદન આપ્યા હતા. આ વખતે તો તેઓ સેમિફાઈનલ અને ફાઈનલ દરમિયાન સ્ટેડિયમમાં પણ હાજર રહ્યા હતા.સચિન તેંડુલકર ફાઈનલ દરમિયાન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક્ટિવ જોવા મળ્યા. તેમણે સંજુ સેમસન, અભિષેક શર્મા, ઈશાન કિશન, શિવમ દુબે, અક્ષર પટેલ અને જસપ્રીતની પ્રશંસા કરી. સંજુ વિશે તેમણે કહ્યું, 'સેમસન ખૂબ જ સ્માર્ટ બેટિંગ કરી રહ્યા છે, તેઓ જાણે છે કે ક્યાં એટેક કરવો અને ક્યાં ડિફેન્ડ કરવું. ઈશાન કિશને પણ શાનદાર શોટ્સ રમ્યા.'

### અનુરાગ ડોભાલની ટ્રોલિંગ પર સેલેબ્સ ભડક્યા ; યુટ્યુબરે લાઇવ સ્ટ્રીમિંગમાં આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો

# મુનવ્વર, અલી ગોની અને એલ્વિશે ટ્રોલ્સનો ઉધડો લીધો

**છેવટે મુનવ્વરે કહ્યું, 'કોઈની મજાક ઉડાવવા માટે હજારો વસ્તુઓ મળી જશે, પણ ક્યારેક આવી વાતો સાંભળજો. ઈન્ટરનેટને એવું ન બનાવો કે તમને પસંદ ન આવે કે કોઈ પોતાની વાત કરી રહ્યું છે**

યુટ્યુબર અને 'બિગ બોસ'નો ભૂતપૂર્વ સ્પર્ધક રાઈડર અનુરાગ ડોભાલે શનિવારે રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર લાઈવ આવીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. તેણે લાઈવમાં ફૂલ સ્પીડે કાર ચલાવીને ડિવાઈડર પર ચડાવી દીધી, જેના કારણે તેની હાલત નાજુક બની રહી છે. ઘટનાની જાણકારી મળ્યા બાદ હવે સ્ટેન્ડઅપ કોમેડિયન મુનવ્વર ફારુકીએ તેની સલામતી માટે દુઆ કરી છે. જ્યારે એક્ટર અલી ગોનીએ અનુરાગની ટીકા કરનારા અને તેને ટ્રોલ કરનારાઓને ફટકાર લગાવી છે. અનુરાગ ડોભાલ (UK07) એ ઈન્સ્ટાગ્રામ લાઈવ દરમિયાન આપઘાતનોપ્રયાસ કર્યોહતો.વીડિયો વાયરલ થયા પછીથી જ અનુરાગને ખૂબ ટ્રોલ કરવામાં આવી રહ્યો હતો. ત્યારબાદ શનિવારે અનુરાગ ઈન્સ્ટાગ્રામ પર લાઈવ આવ્યો, તેણે કાર ચલાવતા લાઈવ સ્ટ્રીમિંગમાં કહ્યું- 'મમ્મી, આવતા જન્મમાં આવું તો બસ પ્રેમ આપી દેજો પ્રેમની ખૂબ જરૂર હતી. લોકો જ નથી બચ્યા, કોને ફોન કરું?' ત્યારબાદ તેણે કહ્યું, 'લેટ્સ ગો ફોર ધ ફાઈનલ ડ્રાઈવ.'લાઈવમાં દેખાય છે કે, અનુરાગ કારમાં એક અંગ્રેજી ગીત વગાડે છે અને તેજ ગતિએ ગાડી ચલાવવા લાગે છે. થોડી જ વારમાં સ્પીડ લગભગ 144 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી જાય છે. આ દરમિયાન તે અચાનક સ્ટીયરિંગ ફેરવતો જોવા મળે છે, જાણે ગાડીને ડિવાઈડર સાથે અથડાવવાનો પ્રયાસ કર્યો હોય. જોકે તે જ સમયે ઈન્સ્ટાગ્રામ લાઈવ અચાનક બંધ થઈ જાય છે.દેહરાદૂનના પ્રખ્યાત યુટ્યુબર અનુરાગ ડોભાલ શનિવારે રાત્રે ઈન્સ્ટાગ્રામ પર લાઈવ આવીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારથી તેની હાલત નાજુક છે. તેમને ગરદન અને પીઠના ભાગે ગંભીર ઈજાઓ થઈ છે. ઘટના બાદ તેમને મેરઠની શુભારતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.



મુનવ્વર ફારુકીએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરતા કહ્યું છે કે, 'આપણે મેન્ટલ હેલ્થની વાત કરીએ છીએ. આપણે અવારનવાર કહીએ છીએ કે, જો કોઈને કોઈ સમસ્યા હોય તો ખુલીને વાત કરે, પરંતુ જ્યારે તે જ વ્યક્તિ વાત કરવા માંગે છે ત્યારે આપણે તેની મજાક ઉડાવીએ છીએ.'

મુનવ્વર ફારુકીએ વીડિયો શેર કરી પોતાના મનની વાત કહી. 'કોઈ કંઈ શેર કરે તો તેની વાત સાંભળો' કોમેડિયને આગળ કહ્યું, 'ઈન્ટરનેટને શું બનાવી દેવામાં આવ્યું છે. કોઈ શેર કરે તો કહે છે કે વ્યુઝ માટે કરી રહ્યો છે. જો તે વ્યુઝ માટે કરી રહ્યો હોય તો પણ તેની વાત તો સાંભળો. પરંતુ જો તે વ્યુઝ માટે ન કરી રહ્યો હોય તો તમે જવાબદાર છો. કોઈપણ પુરુષ માટે ફેમિલી પ્રોબ્લેમથી મોટું કંઈ નથી. તે દુનિયા સામે લડી લેશે, જો ઘરમાં મુશ્કેલી હોય તો તે પરેશાન જ રહેશે.'

છેવટે મુનવ્વરે કહ્યું, 'કોઈની મજાક ઉડાવવા માટે હજારો વસ્તુઓ મળી જશે, પણ ક્યારેક આવી વાતો સાંભળજો. ઈન્ટરનેટને એવું ન બનાવો કે તમને પસંદ ન આવે કે કોઈ પોતાની વાત કરી રહ્યું છે. રહી વાત અનુરાગની, તો પહેલીવાર જ્યારે મેં તેનો વીડિયો જોયો, ત્યારે મેં તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો. મેં તેના સૌથી નજીકના વ્યક્તિ સાથે વાત કરી, મને ઘણી વાતો જાણવા મળી. મેં તેને કહ્યું કે ધ્યાન રાખજે. ફેમિલી પ્રોબ્લેમ કોઈ સોલ્વ કરી શકતું નથી. હું આશા રાખું છું કે તે હંમેશા ઠીક રહે.'

અલી ગોનીએ પણ વીડિયો શેર કરી ટ્રોલ્સને ઠપકો આપ્યો. મુનવ્વર ઉપરાંત, એક્ટર અલી ગોનીએ પણ અનુરાગ ડોભાલની સતત થઈ રહેલી ટ્રોલિંગ પર નારાજગી વ્યક્ત કરી હતી. તેણે કહ્યું હતું, 'તેની મજાક ઉડાવનારાઓને શરમ આવવી જોઈએ. દરેકને ઉપરવાળો જોઈ રહ્યો છે.' સાથે જ અલી ગોનીએ તેની સલામતી માટે પણ દુઆ કરી.

એલ્વિશે અનુરાગના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. યુટ્યુબર અને એક્ટર એલ્વિશ યાદવે પણ અનુરાગના સપોર્ટમાં એક વીડિયો પોસ્ટ કર્યો હતો. આ ઉપરાંત પણ ઘણા સેલેબ્સ તેના સપોર્ટમાં આવ્યા છે અને તે જલ્દી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી રહ્યા છે.

તાજેતરમાં અનુરાગ ડોભાલ (UK07) એ યુટ્યુબ પર બે કલાકનો એક વીડિયો જાહેર કર્યો, જેમાં તેણે જણાવ્યું કે, આંતરજ્ઞાતિય લગ્નને કારણે તેના પરિવારજનો તેને હેરાન કરી રહ્યા છે. તેની પત્ની પણ છોડીને જતી રહી છે. રડતા રડતા તે વારંવાર આત્મહત્યાની વાતો કરી રહ્યો હતો.

અનુરાગ ડોભાલ (UK07) એ ઈન્સ્ટાગ્રામ લાઈવ દરમિયાન આપઘાતનો પ્રયાસ કર્યો હતો. વીડિયો વાયરલ થયા પછીથી જ અનુરાગને ખૂબ ટ્રોલ કરવામાં આવી રહ્યો હતો. ત્યારબાદ શનિવારે અનુરાગ ઈન્સ્ટાગ્રામ પર લાઈવ આવ્યો, તેણે કાર ચલાવતા લાઈવ સ્ટ્રીમિંગમાં કહ્યું- 'મમ્મી, આવતા જન્મમાં આવું તો બસ પ્રેમ આપી દેજો પ્રેમની ખૂબ જરૂર હતી. લોકો જ નથી બચ્યા, કોને ફોન કરું?' ત્યારબાદ તેણે કહ્યું, 'લેટ્સ ગો ફોર ધ ફાઈનલ ડ્રાઈવ.'લાઈવમાં દેખાય છે કે, અનુરાગ કારમાં એક અંગ્રેજી ગીત વગાડે છે અને તેજ ગતિએ ગાડી ચલાવવા લાગે છે. થોડી જ વારમાં સ્પીડ લગભગ 144 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી જાય છે. આ દરમિયાન તે અચાનક સ્ટીયરિંગ ફેરવતો જોવા મળે છે, જાણે ગાડીને ડિવાઈડર સાથે અથડાવવાનો પ્રયાસ કર્યો હોય. જોકે તે જ સમયે ઈન્સ્ટાગ્રામ લાઈવ અચાનક બંધ થઈ જાય છે.દેહરાદૂનના પ્રખ્યાત યુટ્યુબર અનુરાગ ડોભાલ શનિવારે રાત્રે ઈન્સ્ટાગ્રામ પર લાઈવ આવીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારથી તેની હાલત નાજુક છે. તેમને ગરદન અને પીઠના ભાગે ગંભીર ઈજાઓ થઈ છે. ઘટના બાદ તેમને મેરઠની શુભારતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

### :ગળામાં ખરાશને કારણે અવાજે સાથ ન આપ્યો

# સ્ટેજ પર ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી સુનિધિ ચૌહાણ!



ભારતનાં જાણીતી સિંગર સુનિધિ ચૌહાણ હાલમાં તેના ઈન્ડિયા મ્યુઝિકલ ટૂર પર છે. આ દરમિયાન લખનઉમાં યોજાયેલા એક કોન્સર્ટમાં તે સ્ટેજ પર રડી પડી. તબિયત ખરાબ હોવા છતાં અને ગળામાં ગંભીર સમસ્યા હોવા છતાં સુનિધિ પરફોર્મન્સ આપવા પહોંચી, પરંતુ અવાજ સાથ ન આપતાં તેની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. સુનિધિએ હજારોની ભીડ સામે પોતાના ખરાબ પરફોર્મન્સ માટે માફી પણ માંગી. 7 માર્ચે લખનઉના કૂલબ્રીઝ રિસોટ્ર્સમાં સુનિધિનો 'આઈ એમ હોમ ઈન્ડિયા ટૂર 2025-2026'ની ઈવેન્ટ હતી. સુનિધિ બ્લેક કલરના બોડીસૂટ સાથે સ્ટેજ પર આવી હતી, પરંતુ ગળામાં ખરાશને કારણે તેને ગાવામાં ઘણી મુશ્કેલી પડી રહી હતી. હવે તેના રડવાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે સુનિધિ ગાતા-ગાતા અટકી જાય છે અને રડવા લાગે છે. જોકે, ચાહકોએ તેનો ઉત્સાહ વધારવા માટે સતત ચીયર કર્યું.

સુનિધિએ સ્ટેજ પરથી ચાહકોને સંબોધતા કહ્યું, 'મારું ગળું બહુ ખરાબ છે. આજે મારો અવાજ નથી નીકળી રહ્યો, પણ મને ખબર છે કે તમે મારી સાથે છો. મારી સાથે આવું પહેલા ક્યારેય નથી થયું, આ બહુ શરમજનક છે. મને બહુ ખેદ છે, હું હંમેશા મારું 100% આપવા માંગુ છું.' સુનિધિએ આગળ કહ્યું કે- પ્રયાસ કરી રહી છું, પણ કદાચ પરફોર્મન્સ એવું ન થઈ શકે જેવું તેણે વિચાર્યું હતું. સુનિધિએ 'શીલા કી જવાની', 'કમલી' અને 'બીડી જલઈલે' જેવા ઘણા સુપરહિટ ગીતો આપ્યા છે. મુંબઈથી શરૂ થયો હતો 'આઈ એમ હોમ' ટૂર સુનિધિનો આ 'આઈ એમ હોમ' ઈન્ડિયા ટૂર 24 ડિસેમ્બર 2025ના રોજ મુંબઈથી શરૂ થયો હતો. આ અંતર્ગત તેણે અત્યાર સુધી દિલ્હી, બેંગલુરુ, અમદાવાદ અને ચેન્નઈ જેવા મોટા શહેરોમાં લાઈવ શો કર્યા છે. લખનઉના આ કોન્સર્ટને લઈને ચાહકો ખૂબ જ ઉત્સાહિત હતા, પરંતુ સુનિધિની ખરાબ તબિયતે આ સાંજને મુશ્કેલ બનાવી દીધી. બે દાયકાથી ઈન્ડસ્ટ્રીની ટોપ સિંગર છે સુનિધિ સુનિધિ ચૌહાણ છેલ્લા 20 વર્ષથી બોલિવૂડની ટોચની ગાયિકાઓમાં સામેલ છે. તેણે 'શીલા કી જવાની', 'કમલી' અને 'બીડી જલાઈલે' જેવા અનેક સુપરહિટ ગીતો આપ્યા છે. સુનિધિના અંગત જીવનની વાત કરીએ તો, તેણે વર્ષ 2012માં હિતેશ સોનિક સાથે લગ્ન કર્યા હતા અને 2018માં તેમના ઘરે પુત્રનો જન્મ થયો હતો. સુનિધિએ સ્ટેજ પરથી ચાહકોને સંબોધતા કહ્યું, 'મારું ગળું બહુ ખરાબ છે. આજે મારો અવાજ નથી નીકળી રહ્યો, પણ મને ખબર છે કે તમે મારી સાથે છો. મારી સાથે આવું પહેલા ક્યારેય નથી થયું, આ બહુ શરમજનક છે. મને બહુ ખેદ છે, હું હંમેશા મારું 100% આપવા માંગુ છું.' સુનિધિએ આગળ કહ્યું કે- પ્રયાસ કરી રહી છું, પણ કદાચ પરફોર્મન્સ એવું ન થઈ શકે જેવું તેણે વિચાર્યું હતું. સુનિધિએ 'શીલા કી જવાની', 'કમલી' અને 'બીડી જલઈલે' જેવા ઘણા સુપરહિટ ગીતો આપ્યા છે. મુંબઈથી શરૂ થયો હતો 'આઈ એમ હોમ' ટૂર સુનિધિનો આ 'આઈ એમ હોમ' ઈન્ડિયા ટૂર 24 ડિસેમ્બર 2025ના રોજ મુંબઈથી શરૂ થયો હતો. આ અંતર્ગત તેણે અત્યાર સુધી દિલ્હી, બેંગલુરુ, અમદાવાદ અને ચેન્નઈ જેવા મોટા શહેરોમાં લાઈવ શો કર્યા છે. લખનઉના આ કોન્સર્ટને લઈને ચાહકો ખૂબ જ ઉત્સાહિત હતા, પરંતુ સુનિધિની ખરાબ તબિયતે આ સાંજને મુશ્કેલ બનાવી દીધી. બે દાયકાથી ઈન્ડસ્ટ્રીની ટોપ સિંગર છે સુનિધિ સુનિધિ ચૌહાણ છેલ્લા 20 વર્ષથી બોલિવૂડની ટોચની ગાયિકાઓમાં સામેલ છે. તેણે 'શીલા કી જવાની', 'કમલી' અને 'બીડી જલાઈલે' જેવા અનેક સુપરહિટ ગીતો આપ્યા છે. સુનિધિના અંગત જીવનની વાત કરીએ તો, તેણે વર્ષ 2012માં હિતેશ સોનિક સાથે લગ્ન કર્યા હતા અને 2018માં તેમના ઘરે પુત્રનો જન્મ થયો હતો.

### 'રોકસ્ટાર'માં હીરનું મૃત્યુ પહેલા નક્કી નહોતું!

# ઈમ્તિયાઝ અલીએ કહ્યું- પહેલી સ્ક્રિપ્ટ ખોવાઈ ગઈ, ફરીથી 'હીર-રાંઝા'થી પ્રેરિત થઈને બદલ્યો ફિલ્મનો અંત



ફિલ્મ 'રોકસ્ટાર'માં રણબીર કપૂર અને નરગીસ ફખરીની લવ સ્ટોરીનો દુઃખદ અંત દર્શકોને આજે પણ યાદ છે. પરંતુ ફિલ્મના નિર્દેશક ઈમ્તિયાઝ અલીએ તાજેતરમાં ખુલાસો કર્યો છે કે ફિલ્મની શરૂઆતની સ્ક્રિપ્ટમાં હીરના મૃત્યુનો સીન હતો જ નહીં.હિન્દુસ્તાન ટાઈમ્સમાં છપાયેલા સમાચાર મુજબ ઈમ્તિયાઝ અલીએ એક ફેન મીટ દરમિયાન જણાવ્યું કે જ્યારે તેણે પહેલીવાર ફિલ્મની સ્ટોરી લખી હતી, ત્યારે તેણે હીરના પાત્રને જીવંત રાખ્યું હતું. તેના મતે, તેણે "રોકસ્ટાર"ની આખી સ્ક્રિપ્ટ તૈયાર કરી લીધી હતી, પરંતુ તે ડ્રાફ્ટ ક્યાંક ખોવાઈ ગયો. બાદમાં જ્યારે ફિલ્મ બનાવવાનો મોકો મળ્યો ત્યારે તેને સ્ક્રિપ્ટ ફરીથી લખવી પડી.

ફરીથી લખેલી સ્ટોરીમાં અંત બદલાઈ ગયોઈમ્તિયાઝ અલીએ જણાવ્યું કે બીજી વાર સ્ક્રિપ્ટ લખતી વખતે વાર્તાનો ટોન બદલાઈ ગયો. તેણે પ્રસિદ્ધ પ્રેમ કહાણી 'હીર-રાંઝા'થી પ્રેરણા લીધી, જેમાં હીરનું મૃત્યુ પહેલાં થઈ જાય છે. આનાથી પ્રેરિત થઈને તેણે ફિલ્મમાં પણ હીરનો અંત દુઃખદ રાખ્યો. ફિલ્મમાં નરગીસ ફખરીનું પાત્ર હીર કૌલ અંતમાં બીમારીના કારણે મૃત્યુ પામે છે. ત્યારબાદ રણબીર કપૂરનું પાત્ર જૉર્ડન એક તૂટેલા કલાકાર તરીકે દેખાય છે, જેની પીડા તેના સંગીતમાં ઝળકે છે. 2011માં રિલીઝ થયેલી "રોકસ્ટાર"માં રણબીર કપૂરે જોર્ડન નામના સંઘર્ષરત ગાયકની ભૂમિકા ભજવી હતી. ફિલ્મનું સંગીત એ.આર. રહેમાને તૈયાર કર્યું હતું અને તેના ગીતો આજે પણ લોકપ્રિય છે.ભલે રિલીઝ સમયે ફિલ્મને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો, પરંતુ સમય જતાં તે એક કલ્ટ ફિલ્મ બની ગઈ. રણબીર કપૂરના અભિનય અને ફિલ્મની ભાવનાત્મક વાર્તાને દર્શકો અને વિવેચકોએ ખૂબ વખાણી. ઈમ્તિયાઝ અલીના આ ખુલાસા પછી ચાહકોમાં ફરીથી ચર્ચા શરૂ થઈ ગઈ છે કે જો મૂળ સ્ક્રિપ્ટ યથાવત રહી હોત, તો કદાચ "રોકસ્ટાર"નો અંત સાવ અલગ હોત. જેની પીડા તેના સંગીતમાં ઝળકે છે. 2011માં રિલીઝ થયેલી "રોકસ્ટાર"માં રણબીર કપૂરે જોર્ડન નામના સંઘર્ષરત ગાયકની ભૂમિકા ભજવી હતી. ફિલ્મનું સંગીત એ.આર. રહેમાને તૈયાર કર્યું હતું અને તેના ગીતો આજે પણ લોકપ્રિય છે.ભલે રિલીઝ સમયે ફિલ્મને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો, પરંતુ સમય જતાં તે એક કલ્ટ ફિલ્મ બની ગઈ. રણબીર કપૂરના અભિનય અને ફિલ્મની ભાવનાત્મક વાર્તાને દર્શકો અને વિવેચકોએ ખૂબ વખાણી. ઈમ્તિયાઝ અલીના આ ખુલાસા પછી ચાહકોમાં ફરીથી ચર્ચા શરૂ થઈ ગઈ છે કે જો મૂળ સ્ક્રિપ્ટ યથાવત રહી હોત, તો કદાચ "રોકસ્ટાર"નો અંત સાવ અલગ હોત.

### રણદીપ હુડ્ડા અને લિન લેશરામનું મેટરનિટી ફોટોશૂટ

# એક્ટ્રેસ બેબી બમ્પ ફ્લોન્ટ કરતી જોવા મળી, તસવીરોમાં કપલનો રોમેન્ટિક અંદાજ દેખાયો



બોલિવૂડ એક્ટર રણદીપ હુડ્ડા અને તેની પત્ની તથા એક્ટ્રેસ લિન લેશરામ ટૂંક સમયમાં તેના પ્રથમ બાળકનું સ્વાગત કરવાના છે. આ ખાસ સમયગાળાને યાદગાર બનાવવા માટે આ કપલે તાજેતરમાં એક સુંદર મેટરનિટી ફોટોશૂટ કરાવ્યું, જેની ઝલક તેણે સોશિયલ મીડિયા પર શેર કરી છે. તસવીરો સામે આવતા જ ચાહકો તેને ખૂબ પસંદ કરી રહ્યા છે અને સતત શુભેચ્છાઓ આપી રહ્યા છે.ફોટોશૂટની તસવીરોમાં બંને વચ્ચેનો ઊંડો પ્રેમ અને ઉત્સાહ સ્પષ્ટ દેખાય છે. એક તસવીરમાં રણદીપ હુડ્ડા, લિન લેશરામના બેબી બમ્પ પર હાથ રાખીને હસતા દેખાઈ રહ્યા છે. જ્યારે અન્ય તસવીરોમાં આ કપલ ખૂબ જ સહજ અને રોમેન્ટિક અંદાજમાં પોઝ આપતું જોવા મળી રહ્યું છે. આ તસવીરોમાં બંનેના ચહેરા પર આવનારા નવા જીવનને લઈને ખુશી સ્પષ્ટ દેખાઈ રહી છે. લિન લેશરામે પણ આ ફોટોશૂટ સાથે જોડાયેલી એક ભાવુક નોંધ લખી છે. તેણે જણાવ્યું કે- કેમેરા સામે કામ કરતી વખતે વર્ષો સુધી તેને પોતાના શરીરને લઈને અનેક પ્રકારની અસુરક્ષા અનુભવાતી હતી. ક્યારેક ખૂબ પાતળી, ક્યારેક ખૂબ જાડી કે ક્યારેક કોઈ અન્ય કારણસર. પરંતુ હવે પ્રેગ્નન્સી દરમિયાન તેને પોતાના શરીરનો આ બદલાવ સૌથી સુંદર લાગી રહ્યો છે. તેણે લખ્યું કે આજે તે પોતાના શરીરની ટીકા નથી કરતી, પરંતુ આ બદલાવ માટે આભારી છે.રણદીપ અને લિનએ નવેમ્બર 2025માં સોશિયલ મીડિયા દ્વારા તેમની પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. તે સમયે તેમની લગ્નની બીજી વર્ષગાંઠ પણ હતી. પોસ્ટમાં તેણે લખ્યું હતું કે બે વર્ષના પ્રેમ અને રોમાંચ પછી હવે તેના જીવનમાં એક નાનો મહેમાન આવવાનો છે. રિપોટ્ર્સ અનુસાર, કપલ આ જ મહિને તેના પહેલા બાળકનું સ્વાગત કરી શકે છે. આવી સ્થિતિમાં, આ મેટરનિટી ફોટોશૂટ તેમના જીવનના આ ખાસ પડાવની યાદ બની ગયું છે. તસવીરોમાં બંનેની સાદગી અને પરસ્પર કેમિસ્ટ્રીએ ચાહકોનું દિલ જીતી લીધું છે. રણદીપ હુડ્ડા અને લિન લેશરામે 29 નવેમ્બર 2023 ના રોજ મણિપુરના ઈમ્ફાલમાં પરંપરાગત મૈતેઈ રીતિ-રિવાજ મુજબ લગ્ન કર્યા હતા. આ લગ્ન તેની સાદગી અને સાંસ્કૃતિક શૈલીને કારણે ખૂબ ચર્ચામાં રહ્યા હતા. હવે લગ્નના લગભગ બે વર્ષ પછી આ કપલ પેરેન્ટહુડની નવી યાત્રા શરૂ કરવા જઈ રહ્યું છે.

### 'ભણવામાં ઢ હતી, તો મમ્મીએ બ્યુટી પેજન્ટમાં મોકલી દીધી'

# પ્રિયંકા ચોપરાનો રસપ્રદ ખુલાસો- 'મિસ વર્લ્ડ બની તો પિતાએ ગ્લેમર વર્લ્ડમાં જવાની મંજૂરી આપી'

બોલિવૂડથી હોલિવૂડ સુધી પોતાની ઓળખ બનાવનાર પ્રિયંકા ચોપરાએ પોતાની શરૂઆતની કારકિર્દી વિશે એક રસપ્રદ ખુલાસો કર્યો છે. પ્રિયંકાએ જણાવ્યું કે, તે સ્કૂલમાં ભણવામાં બહુ સારી નહોતી. આ જ કારણ હતું કે તેની માતાએ વિચાર્યું કે તેના માટે બ્યુટી પેજન્ટની દુનિયા વધુ સરળ હોઈ શકે છે.

પ્રિયંકાએ તાજેતરમાં Going Rogue ના પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન જણાવ્યું કે, જ્યારે તેણે બ્યુટી પેજન્ટમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો, ત્યારે તેના પિતા આ નિર્ણયથી સંપૂર્ણપણે સહમત નહોતા. જોકે તેની માતા આ નિર્ણયને લઈને ખૂબ ઉત્સાહિત હતાં અને તેમણે જ પિતાને મનાવ્યા હતા. પ્રિયંકાએ જણાવ્યું કે, તે સમયે તે કોલેજમાં નવી-નવી દાખલ થઈ હતી અને ભણવામાં તેનું પરફોર્મન્સ બહુ સારું નહોતું. આ જ કારણે તેની માતાએ રમુજી અંદાજમાં કહ્યું હતું કે, કદાચ તેની શૈક્ષણિક કારકિર્દી વધારે આગળ નહીં વધે, તેથી તેને બ્યુટી પેજન્ટમાં ભાગ લેવો જોઈએ.

પ્રિયંકાના મતે, તેની માતાનું માનવું હતું કે, જો તે પેજન્ટની દુનિયામાં જશે, તો તેના માટે આગળનો રસ્તો સરળ બની શકે છે. જોકે તેના પિતા આ નિર્ણયથી ખુશ નહોતા. બાદમાં તેની માતા તેને ડિનર પર લઈ જઈને આ વિશે લાંબી વાતચીત કરી અને ત્યારે જ તેમણે અનિચ્છા સાથે પ્રિયંકાને પેજન્ટમાં ભાગ લેવાની મંજૂરી આપી. પ્રિયંકાએ જણાવ્યું કે, શરૂઆતમાં પિતાને આ નિર્ણય પસંદ નહોતો, પરંતુ જ્યારે તેણે વર્ષ 2000માં 'મિસ વર્લ્ડ'નો ખિતાબ જીત્યો, ત્યારે તેમનો દૃષ્ટિકોણ સંપૂર્ણપણે બદલાઈ ગયો. પ્રિયંકાના મતે, જીત પછી તેમના પિતાને એ અહેસાસ થયો કે, આ સિદ્ધિથી તેના માટે કારકિર્દીના ઘણા નવા રસ્તા ખુલી શકે છે. આ પછી તેમણે દીકરીને પૂરો ટેકો આપવાનું શરૂ કરી દીધું.પ્રિયંકાએ એ પણ જણાવ્યું કે, પેજન્ટ જીત્યા પછી તેને બોલિવૂડ ફિલ્મોની ઓફર મળવા લાગી હતી. તે સમયે તે આ વાતને લઈને મૂંઝવણમાં હતી કે અભ્યાસ ચાલુ રાખે કે ફિલ્મોમાં કામ શરૂ કરે. તેણે કહ્યું કે, જો તે ફિલ્મ કરતી તો તેને અભ્યાસ છોડવો પડત. આ નિર્ણયને લઈને તે ઘણી મૂંઝવણમાં હતી. ત્યારે તેના પિતાએ તેને એક મહત્વપૂર્ણ સલાહ આપી. પ્રિયંકાએ જણાવ્યું કે, તેના પિતાએ તેને કહ્યું હતું કે, 'જીવનમાં ક્યારેય 'શું થાત જો' જેવો પસ્તાવો ન થવો જોઈએ. તેમણે પ્રિયંકાને સલાહ આપી કે, તે એક વર્ષ ફિલ્મોમાં કામ કરીને જુએ. જો તેને તે પસંદ ન આવે, તો તે ફરીથી અભ્યાસમાં પાછી ફરી શકે છે.પ્રિયંકાના મતે, પિતાની આ સલાહે તેના પરથી દબાણ હટાવી દીધું અને તે કોઈ પણ ડર વિના પોતાની નવી કારકિર્દી પર ધ્યાન આપી શકી.

